PRIGI.NO. GJGUJ/26/A2124

# દ્રષ્ટિકોણ જનવાણી

શુક્રવાર

તા.૦૨/૧૦/૨૦૨૬

DRASTIKONE JANVANI (GUJARATI DAILY)

Year- 01 | Issue-182 | Editor - Gajera Divya | Date: 02 October-2026 Friday | Page- 8 | Rs. 2-00 | E-mail : drashtikonjanvani09@gmail.com | Mo. 96876 77873

## ઈ-ચલણ નહીં ભરનારા વાહનો જપ્ત કરવા સુપ્રીમ કોર્ટનો રાજ્યોને આદેશ

**નવી દિલ્હી,** દેશભરમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરનારા સામે સુપ્રીમ કોર્ટે અત્યંત કડક વલણ અપનાવ્યું છે. સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આદેશ આપ્યો છે કે, ટ્રાફિક પોલીસ અચાનક ગમે ત્યાં તપાસ હાથ ધરે અને જે વાહનોના ઈ-ચલણ લાંબા સમયથી બાકી હોય તેવા વાહનોને તાત્કાલિક જપ્ત કરે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથનની બેન્ચે આ કડક નિર્દેશ આપ્યા છે. કોર્ટના ધ્યાને આવ્યું કે સમગ્ર દેશમાં ૨૩,૦૦૦ કરોડ રૂપિયા કરતાં વધુ રકમનો ટ્રાફિક દંડ વસૂલવાનો બાકી છે. કોર્ટમાં રજૂ કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, દેશભરમાં કુલ ૪૯,૧૯૪.૦૫ કરોડ રૂપિયાના ઈ-ચલણ જારી કરવામાં આવ્યા હતા, જેમાંથી વાહનચાલકોએ માત્ર ૨૬,૧૭૫.૦૫ કરોડ રૂપિયા જ ચૂકવ્યા છે, જ્યારે હજુ પણ ૨૩,૦૧૯ કરોડ રૂપિયાનો દંડ બાકી બોલે છે.

દંડ ન ભરનારા વાહનમાલિકો સામે સકંજો કસવા માટે સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય પરિવહન પોર્ટલ પરની સંબંધિત ડિજિટલ સેવાઓ તાત્કાલિક સ્થગિત કરવાનો આદેશ આપ્યો છે. જ્યાં સુધી જૂનો બાકી દંડ પૂરેપૂરો ભરપાઈ ન થાય ત્યાં સુધી સંબંધિત વાહનની નોંધણી પ્રમાણપત્ર (RC) રિન્યૂ કરવા, ડુપ્લિકેટ દસ્તાવેજો મેળવવા કે રહેઠાણનું સરનામું બદલવા જેવી સેવાઓ પર સંપૂર્ણપણે રોક લગાવી દેવામાં આવશે.

## દેશભરના વેપારીઓ બીજી ઓકટોબરે નો-યુપીઆઈ-ડે મનાવી સરકાર સામે ઝુંબેશ શરૂ કરશે

**નવી દિલ્હી,** કેન્દ્ર સરકારના યુપીઆઈના વ્યવહારો પર લાદવામાં આવેલા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટનો વિરોધ દેશવ્યાપી ધોરણે વેપારી વર્ગમાં વધ્યો છે. આ પગલાના વિરોધમાં વેપારીઓએ બીજી ઓકટોબરે સમગ્ર ભારતમાં નો-યુપીઆઈ-ડે (યુપીઆઈ વગરનો દિવસ) તરીકે મનાવવાનું નક્કી કર્યુ હોવાનું ભારતીય ઉદ્યોગ વ્યાપાર મંડળના સૂત્રોએ જણાવ્યું હતું.આ ઉદ્યોગ વ્યાપાર મંડળના વડપણ હેઠળ દેશભરના આગેવાન વિવિધ વેપારી સંગઠનોને સામિલ કરતી વિડીયો કોન્ફરન્સ મિટિંગ યોજવામાં આવી હતી તથા દેશભરના આશરે ૧૭ રાજ્યોના વેપારી સંગઠનો દ્વારા કેન્દ્ર સરકારના આ પગલાંનો સખત વિરોધ કરવામાં આવ્યો હતો.




## કોમર્શિયલ LPG સિલિન્ડરની કિંમતોમાં રૂ. ૬૨.૫૦નો વધારો

**નવી દિલ્હી,** ઓક્ટોબર મહિનાની શરૂઆત સાથે જ કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં વધારો થયો છે. ૧ ઓક્ટોબર ૨૦૨૬થી ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૬૨.૫૦નો વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં હવે ૧૯ કિલોના સિલિન્ડર માટે ૨૮૧૦ ચૂકવવા પડશે. બીજી તરફ, ઘરેલુ ૧૪.૨ કિલોના LPG સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા દર મહિનાની પહેલી તારીખે LPGના ભાવની સમીક્ષા કરવામાં આવે છે. ઓક્ટોબરની શરૂઆતમાં કરવામાં આવેલી સમીક્ષા બાદ કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં ૧૯ કિલોના સિલિન્ડરનો ભાવ ૨,૭૪૭.૫૦થી વધીને ૨,૮૧૦ થયો છે. એટલે કે એક સિલિન્ડર પર સીધો ૬૨.૫૦નો વધારો થયો છે.કોમર્શિયલ LPG સિલિન્ડરનો ઉપયોગ મુખ્યત્વે હોટેલ, રેસ્ટોરન્ટ, ઢાબા, કેટરિંગ અને અન્ય વ્યવસાયોમાં થાય છે. સતત બીજા મહિને ભાવમાં વધારો થતાં આવા વ્યવસાયોના ઈંધણ ખર્ચમાં વધારો થઈ શકે છે. પરિણામે વેપારીઓના ઓપરેશનલ ખર્ચ પર અસર પડવાની શક્યતા છે. વધેલા ખર્ચની અસર ભોજન અને અન્ય ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ પર પડે છે કે નહીં તે આગામી દિવસોમાં જોવા મળશે.દેશના અન્ય મોટા શહેરોમાં પણ કોમર્શિયલ LPGના ભાવમાં વધારો થયો છે. આપેલી માહિતી અનુસાર, પટનામાં ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ ૩,૦૨૯થી વધીને ૩,૧૦૦.૫૦ થયો છે. આમ, પટનામાં સિલિન્ડરનો ભાવ ૩,૧૦૦ને પાર પહોંચી ગયો છે. શહેર પ્રમાણે LPGના ભાવ અલગ-અલગ રહે છે અને દર મહિને તેમાં ફેરફાર થઈ શકે છે.કોમર્શિયલ સિલિન્ડરના ભાવ વધ્યા હોવા છતાં ૧૪.૨ કિલોના ઘરેલુ LPG સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

## બીજાના નામે SIM ખરીદનારા સાવધાન, સજાની જોગવાઈ

**નવી દિલ્હી,** આજના ડિજિટલ યુગમાં સિમ કાર્ડ માત્ર વાતચીતનું માધ્યમ નથી રહ્યું, પરંતુ બેંક એકાઉન્ટથી લઈને UPI, OTP અને તમામ મહત્ત્વપૂર્ણ ઓનલાઈન સેવાઓ મોબાઈલ નંબર સાથે જોડાયેલી હોય છે. આવા સમયે જો કોઈ સિમનો દુરુપયોગ કરવામાં આવે અથવા કોઈ અન્ય વ્યક્તિના ઓળખપત્રોનો ઉપયોગ કરીને સિમ ખરીદવામાં આવે, તો તે ગંભીર કાનૂની ગુનો બને છે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (DoT) એ સપ્ટેમ્બર ૨૦૨૬માં જારી કરેલી એડવાઈઝરીમાં જણાવ્યું છે કે નકલી દસ્તાવેજો કે ઓળખ દ્વારા સિમ કાર્ડ મેળવવું અને ટેલિકોમ આઈડેન્ટિફાયરનો ખોટો ઉપયોગ કરવો કાયદા હેઠળ મોટો ગુનો છે. ટેલિકોમ્યુનિકેશન એક્ટ, ૨૦૨૩ શું કહે છે?

## માસૂમ બાળકી સાથે જાતીય શોષણના કેસમાં મોટા કાકાને આજીવન કેદ

**સુરત,** સુરતની સ્પેશિયલ પોક્સો કોર્ટે છ વર્ષથી નાની માસૂમ બાળકી સાથે જાતીય શોષણના કેસમાં તેના ૬૪ વર્ષીય મોટા કાકાને દોષિત ઠેરવી આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો છે.

આ કેસની વિગત મુજબ મૂળ યુપીના વતની અને કાપોદ્રા વિસ્તારમાં રહેતા ૬૪ વર્ષીય વૃદ્ધ સામે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી કે, આરોપીએ તેના નાના ભાઈની ૬ વર્ષથી નાની બાળકીને પોતાના રૂમમાં બોલાવીને તેણીની સાથે શારીરિક અડપલાં કર્યા હતા. વધુમાં આરોપ લગાવાયો હતો કે, બાળકીના રડવાનો અવાજ આવતા તેના પિતા દોડી આવ્યા હતા, પરંતુ બાળકીએ ડરના કારણે ત્યારે કંઈ કહ્યું ન હતું. ત્યારબાદ બાળકીને અસહ્ય દુખાવો અને રક્તસ્ત્રાવ થતાં તેણે પોતાની માતાને આખી ઘટના જણાવી હતી. સારવાર અર્થે બાળકીને હોસ્પિટલ ખસેડાઈ હતી જ્યાં તબીબી તપાસમાં શારીરિક શોષણ થયું હોવાનું સામે આવ્યું હતું. બાદમાં બાળકીના પિતાએ સગા મોટા ભાઈ વિરૂદ્ધ આ કૃત્ય અંગે ફરિયાદ નોંધાવી હતી. કાપોદ્રા પોલીસે આરોપી મોટા કાકા વિરૂદ્ધ પોક્સો સહિતનો ગુનો નોંધ્યો હતો. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. સરકાર તરફે એપીપી વિશાલ ફળદુએ દલીલો કરી હતી કે મેડિકલ પુરાવા, ડૉક્ટરની જુબાની અને ઓસિફિકેશન ટેસ્ટથી બાળકી સગીર હોવાનું અને તેની સાથે ગંભીર કુકર્મ થયું હોવાનું સ્પષ્ટ સાબિત થાય છે. આથી સમાજમાં દાખલો બેસે તે માટે આરોપીને સખતમાં સખત સજા કરવામાં આવે.

બચાવ પક્ષે દલીલો થઈ હતી કે ફરિયાદ નોંધાવવામાં ૫ દિવસનો વિલંબ થયો છે. આ ઉપરાંત, જમીન વિવાદના કારણે આરોપીને ખોટા કેસમાં ફસાવવામાં આવ્યો છે તથા બાળકીના નિવેદનમાં વિરોધાભાસ હોવાથી શંકાનો લાભ આપી મુક્ત કરવા રજૂઆત કરી હતી. તમામ પુરાવા અને દલીલો ધ્યાને લઈ કોર્ટે આરોપીને દોષિત ઠેરવી આજીવન કેદ અને દંડની સજાનો આદેશ આપ્યો હતો.




## નાનપુરા સ્નેહમિલન ગાર્ડન પાસેથી ઝડપાયેલા ડ્રગ્સ કેસમાં ચારને ૫ વર્ષની સજા

**સુરત.તા.૧**

સુરત શહેરમાં આવેલા નાનપુરા સ્નેહમિલન ગાર્ડન પાસેથી ડ્રગ્સ પકડાવવાના કેસમાં ૪ આરોપીને કોર્ટે કસુરવાર ઠેરવી ૫ વર્ષની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

અઠવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ તા.૨૪.૪.૨૦૨૪ના રોજ નાનપુરા સ્નેહમીલન ગાર્ડન પાસેથી પોલીસે એક શંકાસ્પદ રિક્ષા રોકી હતી. રિક્ષામાં સવાર ઈમરાન ઉર્ફે કાલા યુનુસ શેખ(રહે,મોહંમદી પેલેસ, નાનપુરા તેમજ નાનપુરા મટન માર્કેટ પાસે), અસ્ફાક ઉર્ફે નલ્લા અફજલ શેખ(રહે. પાણીની ટાંકી પાસે, મટન માર્કેટ,નાનપુરા), ઈમરાન અબ્દુલ રઝાક મેમણ(રહે.કાસમ ખુદુસની ચાલ, નાનપુરા) અને રિક્ષા ચાલક રફીક ગુલામ મોયુદ્દીન શેખ(રહે.મોહંમદી પેલેસ,ખાટકીવાડ મસ્જીદની પાછળ, નાનપુરા)ની તલાસી લેવામાં આવી હતી, અંગઝડતી દરમિયાન ઈમરાન કાલા પાસેથી ૧ લાખથી વધુનું મેફેડ્રોન અને મેથએમ્ફેટામાઈન ડ્રગ્સ મળી આવ્યું હતું.

પોલીસે આ તમામની અટકાયત કરી વધુ તપા કરી હતી. પોલીસની તપાસમાં ઈમરાન કાલાએ સોદાગરવાડ ખાતેથી વોન્ટેડ આરોપી શાહનવાઝ ઉર્ફે બાબુ ઝહેરૂલ ઈસ્લામ અંસારી પાસેથી આ ડ્રગ્સ ખરીધ્યુ હોવાનુ પોલીસને જાણવા મળ્યું હતું. ત્યારબાદ આ ચારેય રિક્ષામાં બેસી નિકળ્યા હતા અને સ્નેહમિલન ગાર્ડન પાસે પકડાયા હતા. પોલીસે તમામ સામે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ કેસની ઈન્સાફી કાર્યવાહી કોર્ટમાં ચાલી હતી. આરોપીઓએ પોતે નિર્દોષ છે, પોતાની સામે ખોટું ચાર્જશીટ કર્યુ હોવાનો બચાવ લઈ નિર્દોષ છોડવા અરજ ગુજારી હતી.

આરોપીના વકીલે ફરિયાદ પક્ષનો કેસ શંકાસ્પદ બને છે તે સહિતની દલીલો કરી હતી. પોલીસ તરફે એપીપી દિપેશ દવે હાજર રહ્યા હતા.

## પીએમ મોદીએ કેપ્ટન સ્મિત મચ્છારના વખાણ કર્યા

**નવી દિલ્હી,** વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફલાયદુબઈની ફલાઈટમાં બહાદુરી દર્શાવનારા ભારતીય કેપ્ટન સ્મિત મચ્છારની ભારે પ્રશંસા કરી છે. સ્મિત મચ્છારની દિલેરીના પીએમ મોદી પણ મુરીદ બની ચૂક્યા છે. પીએમ મોદીએ ફલાયદુબઈની ફલાઈટને હાઈજેક થતાં બચાવનારા સ્મિત મચ્છારને 'હીરો' બતાવ્યા છે. પીએમ મોદીએ કહ્યું કે ગંભીર રીતે ઘાયલ હોવા છતાં તેમણે બીજાનો જીવ બચાવવા માટે અદમ્ય સાહસ અને દ્રઢ સંકલ્પ દર્શાવ્યો. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કેપ્ટન મચ્છારને 'હીરો' જણાવતા કહ્યું કે ભારતને તેમની બહાદુરી પર ગર્વ છે. સ્મિત મચ્છારની આ બહાદુરીની દેશ અને દુનિયા બધે જ ચર્ચા થઈ રહી છે. તમામ મોટા નેતાઓ અને દેશ દુનિયાના આગેવાનોએ તેમની હિંમતના વખાણ કર્યા છે. ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુએ સ્મિત મચ્છારના વખાણ કરતાં તેમને સાચા નાયક કહ્યા છે તો યુએસ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે તેમને હીરો ગણાવ્યા છે.

## ૨૦૦૮ અમદાવાદ સીરિયલ બ્લાસ્ટ કેસઃ દોષિત અહેમદ બાવાની ફાંસીની સજા પર સુપ્રીમ કોર્ટનો સ્ટે

**નવી દિલ્હી,** સુપ્રીમ કોર્ટે ૨૦૦૮ના અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં ફાંસીની સજા પામેલા દોષિત અહેમદ બાવા અબુ અબુબકર બરેલવી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના સંદર્ભમાં નોટિસ ઈસ્યું કરી છે. આ અરજીમાં ગુજરાત હાઈકોર્ટના તે નિર્ણયને પડકારવામાં આવ્યો છે, જેમાં તેને દોષિત ઠેરવવાતી સજા અને ફાંસીની સજાને યથાવત રાખવામાં આવી હતી. જસ્ટિસ વિક્રમ નાથની અધ્યક્ષતાવાળી બેન્ચ સમક્ષ હાજર રહેલા વકીલે દલીલ કરી હતી કે, દોષિત ઠેરવવાનો નિર્ણય સંપૂર્ણપણે કાવતરાના આરોપ પર આધારિત હતો. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાના અનુવાદની માંગ કરતી અરજી પણ રજૂ કરવામાં આવી હતી. ટ્રાયલ કોર્ટના દસ્તાવેજો સ્થાનિક ભાષામાં છે. જસ્ટિસ નાથે ટિપ્પણી કરી, "ઠીક છે, સજાના અમલ પર રોક લગાવવામાં આવશે. હાલ પૂરતી નોટિસ ઈસ્યુ કરો." ગુરુવારની સુનાવણી દરમિયાન, બરેલવીના વકીલે ગુજરાત હાઈકોર્ટના ચુકાદાની અનુવાદિત નકલની પણ માંગણી કરી હતી, કારણ કે ટ્રાયલ કોર્ટના રેકોર્ડ્સ ગુજરાતીમાં હતા. અમદાવાદમાં સિરિયલ બ્લાસ્ટ ૨૬ જુલાઈ, ૨૦૦૮ના રોજ થયા હતા, જેમાં શહેરના વિવિધ ભાગોમાં અનેક વિસ્ફોટો થયા હતા. આ વિસ્ફોટોમાં ૫૬ લોકોના મોત થયા હતા અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

## મમતા બેનર્જીને કોંગ્રેસમાં સામેલ થવાનું ખુલ્લું આમંત્રણ

**કોલકાતા,** ૩૦ સપ્ટેમ્બરના રોજ રાજધાની દિલ્હીમાં થયેલી ઈન્ડિયા ગઠબંધનની બેઠકમાં કોંગ્રેસના રાજ્યસભા સાંસદ સોનિયા ગાંધી અને મમતા બેનર્જી વચ્ચે ખૂબ લગાવ જોવા મળ્યો. હવે એના બીજા જ દિવસે કોંગ્રેસના મોટા નેતા અને લોકસભામાં પૂર્વ વિપક્ષના નેતા અધીર રંજન ચૌધરીએ મમતા બેનર્જીને પોતાના બાકી રહેલા સાંસદો અને ધારાસભ્યો સાથે કોંગ્રેસમાં સામેલ થઈ જવાનું આમંત્રણ આપ્યું છે. એક ઓક્ટોબરના રોજ કોલકાતામાં પત્રકારો સાથે વાત કરતા અધીર રંજન ચૌધરીએ કહ્યું કે, હું મમતા બેનર્જીને એક સલાહ આપું છું, સાથે જ હું હાઈકમાનને પણ માગ કરું છું કે મમતા બેનર્જીને ડાયરેક્ટ કોંગ્રેસમાં કેમ નથી લઈ લેતા?

અધીર રંજન ચૌધરીએ આગળ કહ્યું કે, આડાઅવળી વાતો ન કરતા, મમતા બેનર્જીની પાર્ટીમાં જેટલા ધારાસભ્યો અને સાંસદો બચ્યા છે, બધાને લઈ કોંગ્રેસમાં કેમ નથી જોડાઈ જતાં.

E-mail : drashtikonjanvani09@gmail.com
દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક સુરત/તાપી
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
Friday,02 October-2026
શુક્રવાર, તા.૦૨/૦૯/૨૦૨૬

# ATMમાં મદદના બહાને કાર્ડ બદલી વડીલોને નિશાન બનાવતી ટોળકી ઝડપાઈ

## ૧૦૦થી વધુ CCTV ફૂટેજની તપાસ બાદ અડાજણ પોલીસે બે આરોપીઓને ઝડપી પાડ્યા; ડમી કાર્ડથી પાસવર્ડ મેળવી બે ગુનામાં કુલ રૂ.૩૧ હજાર ઉપાડ્યાની કબૂલાત

**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરત શહેરના ATM સેન્ટરોમાં મદદના બહાને ગ્રાહકોના ATM કાર્ડ બદલી પાસવર્ડ મેળવી રૂપિયા ઉપાડી લેતી શાતિર ટોળકીનો અડાજણ પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે પાંડેસરા અમૃતનગરમાં રહેતા અંકિત ઉર્ફે લલ્લા ઉદયબહાદુર યાદવ (ઉં.વ.૨૪) અને વિસતનગરમાં રહેતા ડિલિવરી બોય વિકાસ રામચંદ્ર ગુપ્તા (ઉં.વ.૨૨)ને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે. જ્યારે અન્ય એક આરોપી વિકાસ ઉર્ફે નાનુ રાધેશ્યામ તિવારીને વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરૂ કરવામાં આવી છે.

આ ટોળકી ATMમાં રૂપિયા ઉપાડવા આવતા ગ્રાહકો, ખાસ કરીને વડીલોને મદદ કરવાની ઓફર કરતી હતી. ગ્રાહક ટ્રાન્ઝેક્શન કરતો હોય ત્યારે નજર ચૂકવી પાસવર્ડ જોઈ લેતા અને ત્યારબાદ અસલી ATM કાર્ડ સેરવી તેના બદલે ડમી અથવા અન્ય કાર્ડ આપી દેતા હતા. ગ્રાહક ATMમાંથી બહાર નીકળ્યા બાદ આરોપીઓ ચોરેલા કાર્ડ અને મેળવેલા પાસવર્ડનો ઉપયોગ કરી ખાતામાંથી રોકડ ઉપાડી ફરાર થઈ જતા હતા.

અડાજણ વિસ્તારમાં આવી ઘટનાઓ સામે આવતા પોલીસે તપાસ શરૂ કરી હતી. પોલીસે વિવિધ સ્થળોના ૧૦૦થી વધુ CCTV કેમેરાના ફૂટેજની ઝીણવટપૂર્વક તપાસ કરી હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આરોપીઓની ઓળખ કરવામાં આવી હતી.



ત્યારબાદ બંનેને ઝડપી પાડવામાં આવ્યા હતા.પોલીસ તપાસમાં સામે આવ્યું કે, તા.૧૨ સપ્ટેમ્બરના રોજ અડાજણ ચાર રસ્તા નજીક ટાઈટેનિયમ સ્ક્વેર ખાતેના SBI ATMમાં એક ગ્રાહકને મદદ કરવાના બહાને તેનું ATM કાર્ડ બદલી નાખવામાં આવ્યું હતું. ત્યારબાદ આરોપીઓએ તેના ખાતામાંથી રૂ.૧૦,૦૦૦ ઉપાડી લીધા હતા. આ ઉપરાંત તા.૨૭ ઓગસ્ટના રોજ અડાજણ વરૂણ સર્કલ નજીકના SBI ATMમાં પણ આ જ મોડસ ઓપરેન્ડીથી અન્ય ગ્રાહક સાથે છેતરપિંડી કરી રૂ.૨૧,૦૦૦ ઉપાડ્યા હોવાની કબૂલાત પોલીસ સમક્ષ કરી હોવાનું સામે આવ્યું છે.

પોલીસે આરોપીઓ પાસેથી અંગઝડતી દરમિયાન રોકડા રૂ.૨૧,૦૦૦ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૩૧૮(૪) અને ૫૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસના જણાવ્યા મુજબ, ઝડપાયેલા મુખ્ય આરોપી અંકિત ઉર્ફે લલ્લા સામે અગાઉ પણ વિવિધ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. તેની સામે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં મારામારી, ધાકધમકી અને હથિયારબંધીના ભંગ સહિત ત્રણ ગુના તથા ડિંડોલી પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાતની કલમ હેઠળ એક ગુનો નોંધાયેલો હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત પાંડેસરા પોલીસ સ્ટેશનમાં BNS હેઠળ પણ તેની સામે કેસ નોંધાયો હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે. ATM છેતરપિંડીના અન્ય બનાવોમાં આરોપીઓની સંડોવણી અંગે અડાજણ પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# પૂર્વ ભાજપ લઘુમતી મોરચાના ઉપપ્રમુખનો પુત્ર ૩.૨૬ ગ્રામ MD ડ્રગ્સ સાથે ઝડપાયો

## પુણા પોલીસે ન્યુ એપીએમસી ફ્રુટ માર્કેટ પાસેથી મોપેડ પર જતાં રેહાન અંસારીને ઝડપી પાડ્યો; રૂ.૭૦,૧૮૦નો મુદ્દામાલ જપ્ત, ડ્રગ્સ સપ્લાયર નદીમ વોન્ટેડ



**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરત શહેરમાં ડ્રગ્સના કારોબાર સામે પોલીસે કાર્યવાહી તેજ કરી છે. પુણા પોલીસે ચોક્કસ બાતમીના આધારે ન્યુ એપીએમસી ફ્રુટ માર્કેટ નજીક વોચ ગોઠવી મોપેડ પર પસાર થતા એક યુવકને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન તેની પાસેથી ૩.૨૬ ગ્રામ મેફેડ્રોન (MD) ડ્રગ્સ મળી આવ્યું હતું. પોલીસે ડ્રગ્સ, મોપેડ, મોબાઈલ અને ડિજિટલ વજનકાંટા સહિત કુલ રૂ.૭૦,૧૮૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસને બાતમી મળી હતી કે એક શખ્સ મોપેડ પર MD ડ્રગ્સનો જથ્થો લઈને ઇન્ટરસિટી ખાડી પુલથી આંજણા ફાર્મ તરફ જઈ રહ્યો છે. જેના આધારે પોલીસે ન્યુ એપીએમસી ફ્રુટ માર્કેટ સામે વોચ ગોઠવી હતી. બાતમી મુજબનો શખ્સ ત્યાંથી પસાર થતાં પોલીસે તેને અટકાવી તપાસ હાથ ધરી હતી.

પકડાયેલા આરોપીએ પોતાનું નામ મોહંમદ રેહાન જમીલ અહમદ અંસારી (ઉં.વ.૨૮), રહે. પંચશીલનગર, ભાઠેના, સુરત અને મૂળ બીજનૌર, ઉત્તરપ્રદેશનો હોવાનું જણાવ્યું હતું. રેહાન ભાઠેના વિસ્તારમાં નાસ્તાની લારી ચલાવતો હોવાનું સામે આવ્યું છે.

અંગઝડતી દરમિયાન તેના પેન્ટના ખિસ્સામાંથી પારદર્શક પુશલોક બેગમાં સફેદ-પીળા રંગનો પાવડર મળી આવ્યો હતો. ઉપરાંત મોપેડની ડીકીમાંથી ડિજિટલ વજનકાંટો, મોબાઈલ ફોન, રોકડા રૂ.૩૦૦ અને ઓળખપત્ર મળી આવ્યા હતા. પોલીસે સ્થળ પર FSL ટીમને બોલાવી પાવડરનું પ્રાથમિક પરીક્ષણ કરાવ્યું હતું. પરીક્ષણમાં પાવડર મેફેડ્રોન હોવાની પુષ્ટિ થયા બાદ તેનું વજન કરવામાં આવતા ૩.૨૬ ગ્રામ જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ.૯,૭૮૦ આંકવામાં આવી છે.

પોલીસ પૂછપરછમાં રેહાને પોતે MD ડ્રગ્સનું સેવન કરતો હોવાનું અને આ જથ્થો નવસારી બજાર કબ્રસ્તાનના ટેકરા પાસે મચ્છી માર્કેટ નજીક રહેતા નદીમ નામના શખ્સ પાસેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. આ માહિતીના આધારે પુણા પોલીસે નદીમને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે.

પોલીસના જણાવ્યા મુજબ, રેહાન ભાજપ લઘુમતી મોરચાના પૂર્વ ઉપપ્રમુખ જમીલ અંસારી ઉર્ફે જમીલ બિરયાનીનો પુત્ર છે. અગાઉ ઓગસ્ટ ૨૦૨૪માં સુરત SOGની કાર્યવાહીમાં રાજસ્થાનથી અંદાજે રૂ.૩૫ લાખનું ડ્રગ્સ મંગાવવાના કેસમાં રેહાનની પણ ધરપકડ થઈ હોવાનું જણાવાયું છે. આ અગાઉના કેસની વિગતો અને હાલના ગુનામાં તેની ભૂમિકા અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# છરી બતાવી લૂંટના ગુનામાં બે રીઢા આરોપી ગણતરીના કલાકોમાં ઝડપાયા

## સચીન હોજીવાલા રોડ પર યુવકને રિક્ષામાં બેસાડી અવાવરુ જગ્યાએ લઈ જઈ ગળે રેમ્બો ચપ્પુ મૂકી ધમકી આપી રૂ.૨,૫૦૦ QR કોડથી ટ્રાન્સફર કરાવ્યા; સચીન પોલીસની કાર્યવાહી




**દ્રષ્ટિકોણ-સુરતઃ** સુરતના સચીન વિસ્તારમાં છરી બતાવી લૂંટના ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓને સચીન પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ, આરોપીઓએ અન્ય સાગરીતો સાથે મળીને એક યુવકને રિક્ષામાં બેસાડી અવાવરુ જગ્યાએ લઈ જઈ ગળાના ભાગે રેમ્બો ચપ્પુ મૂકી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને તેના મોબાઈલના QR કોડ મારફતે રૂ.૨,૫૦૦ ટ્રાન્સફર કરાવ્યા હતા.

ગત ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૩૦થી ૧૨:૫૦ વાગ્યાની આસપાસ સચીન હોજીવાલા રોડ નંબર-૮ પાસે નવી બની રહેલી કંપની નજીક આ ઘટના બની હતી. ફરિયાદી આઝાદ અંસારી (ઉં.વ.૧૮), જે સચીન વિસ્તારમાં રહે છે, તેને ત્રણ અજાણ્યા શખ્સોએ રિક્ષામાં બેસાડી અવાવરુ જગ્યાએ લઈ ગયા હતા. ત્યાં તેના ગળા પાસે રેમ્બો ચપ્પુ મૂકી જાનથી મારી નાખવાની ધમકી આપી ઊઇ કોડ દ્વારા રૂ.૨,૫૦૦ પડાવી લીધા બાદ આરોપીઓ ફરાર થઈ ગયા હતા. આ મામલે સચીન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૩૦૯(૪), ૩૧૧, ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓએ આરોપીઓને ઝડપી પાડવા સૂચના આપી હતી. ત્યારબાદ પોલીસ ઈન્સ્પેક્ટર પી.એન. વાઘેલા અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.ડી. ડામોરના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફે બાતમીના આધારે તપાસ હાથ ધરી હતી.

પોલીસે આ ગુનામાં સંડોવાયેલા હોવાના આરોપસર વિશ્વાસ રાધેશ્યામ સોની (ઉં.વ.૨૨), રહે. સુડા સેક્ટર-૨, સચીન અને અરુણ સુરજભાઈ નાયક (ઉં.વ.૨૩), રહે. ઉમંગ રેસિડેન્સી, સચીન GIDCની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા મુજબ, બંને આરોપીઓને લૂંટમાં ગયેલા મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા છે. અન્ય સંડોવાયેલા શખ્સો અંગેની વિગતો અને તેમની ભૂમિકા અંગે તપાસની સ્થિતિની માહિતી આપવામાં આવી નથી.

# ડિંડોલીમાં પરિણીતાએ ગળાના ભાગે ધારદાર હથિયાર વડે ઈજા કરી આપઘાત કર્યો

## પતિ દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ અપાતો હોવાનો પિતાનો આક્ષેપ; ફરિયાદના આધારે ડિંડોલી પોલીસે પતિ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી

**દ્રષ્ટિકોણ-સુરતઃ** શહેરના ડિંડોલી વિસ્તારમાં પરિણીતાએ ગળાના ભાગે ધારદાર હથિયાર વડે ગંભીર ઈજાઓ કરી આપઘાત કરી લેવાની ઘટના સામે આવી છે. આ મામલે મૃતક પરિણીતાના પિતાએ તેના પતિ સામે શારીરિક અને માનસિક ત્રાસ આપવાનો આક્ષેપ કરી પોલીસ ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ, મૂળ રાજસ્થાનના નાગૌર જિલ્લાના રહેવાસી ૫૪ વર્ષીય શ્રવણરામ જસરામ ચૌધરીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમની દીકરીના લગ્ન સોહન ભંવરરામ ચૌધરી સાથે થયા હતા. સોહન ચૌધરી સુરતના ડિંડોલી વિસ્તારમાં દેલાડવા ગામની અમૃત નિકેતન સોસાયટીમાં રહેતો હતો.

ફરિયાદ મુજબ, સોહન ચૌધરી તેની પત્નીને અવારનવાર શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતો હોવાનો આક્ષેપ છે. દરમિયાન તા. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજના આશરે ચાર વાગ્યાના અરસામાં ડિંડોલીના દેલાડવા ગામ ખાતે આવેલી અમૃત નિકેતન સોસાયટીના પ્લોટ નંબર ૧૧ના બીજા માળે પરિણીતાએ પોતાના જ હાથેથી ગળાના ભાગે ધારદાર હથિયાર વડે ગંભીર અને જીવલેણ ઈજાઓ કરી હતી.

ગંભીર ઈજાઓને પગલે પરિણીતાનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થયા બાદ મૃતકના પિતા શ્રવણરામ ચૌધરીએ સમગ્ર મામલે પોલીસનો સંપર્ક કર્યો હતો. તેમણે ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે જમાઈ સોહન ચૌધરી દ્વારા તેમની દીકરીને સતત શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. આ ત્રાસ સહન ન થતાં અંતે તેમની દીકરીએ આપઘાત કરવા મજબૂર થવું પડ્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદના આધારે ડિંડોલી પોલીસે સોહન ભંવરરામ ચૌધરી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસે પરિણીતાને આપવામાં આવેલા કથિત ત્રાસ તેમજ આપઘાત પાછળના સંજોગોની તપાસ હાથ ધરી છે. સમગ્ર મામલે પોલીસ તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે.

# રાજ્યકક્ષાના મંત્રી ડો. જયરામ ગામીતે સોનગઢ ચેકપોસ્ટ ખાતે શ્રમદાન કર્યુ



**દ્રષ્ટિકોણ-તાપી,** 'સેવા સંકલ્પ અભિયાન' તથા 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬' અંતર્ગત તાપી જિલ્લાના સોનગઢ ચેકપોસ્ટ ખાતે સામૂહિક સફાઈ અભિયાનમાં સહભાગી થતાં રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા પ્રવાસન રાજ્યકક્ષાના મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતે જાતે ઝાડૂ પકડી શ્રમદાન કરી સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો. મંત્રી ડો. જયરામભાઈ ગામીતની સાથે સ્થાનિક સ્વચ્છતાકર્મીઓ, ગ્રામજનો, હોદ્દેદારો તથા અધિકારીઓ પણ સફાઈ અભિયાનમાં જોડાયા હતા. સોનગઢ ચેકપોસ્ટ અને તેની આસપાસના વિસ્તારમાં વ્યાપક સફાઈ હાથ ધરીને કચરો દૂર કરવામાં આવ્યો હતો. આ સામૂહિક પ્રયાસ થકી જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવાનો તેમજ નાગરિકોને પોતાનો આસપાસનો વિસ્તાર સ્વચ્છ અને સુંદર રાખવા પ્રેરિત કરવાનો સરાહનીય સંદેશ આપવામાં આવ્યો હતો.

# વ્યારાના વેલદા ગામમાં પંચાયતનો રસ્તો ખોદી નાખતાં ગ્રામજનોમાં રોષ

## ૫૦૦થી ૬૦૦ મીટર રસ્તો ખોદી નાખવાનો આક્ષેપ, ખેડૂતો અને સ્થાનિકોની અવરજવર ખોરવાઈ; કલેક્ટરને રજૂઆત કરી તાત્કાલિક તપાસ અને કાયદેસર કાર્યવાહીની માંગ



**દ્રષ્ટિકોણ-વ્યારાઃ** તાપી જિલ્લાના વ્યારા તાલુકાના વેલદા ગામમાં પંચાયત હસ્તકનો જાહેર રસ્તો ખોદી નાખવામાં આવતાં ગ્રામજનોમાં રોષ ફેલાયો છે. ગામના મુખ્ય રસ્તાથી ઈશ્વરભાઈના ઘર તરફ જતો આશરે એક કિલોમીટર લાંબો માટી-મેટલનો રસ્તો અગાઉથી ઉપયોગમાં હતો. આ રસ્તાનો આશરે ૫૦૦થી ૬૦૦ મીટરનો ભાગ તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખોદી નાખવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ મામલે ગ્રામજનોએ તાપી જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી રસ્તો ખોદનાર સામે તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ, રસ્તો પંચાયત હસ્તકનો અને અગાઉથી અસ્તિત્વમાં રહેલો જાહેર માર્ગ છે. તેમ છતાં ગ્રામ પંચાયતની પૂર્વ મંજૂરી લીધા વિના કે પંચાયતને જાણ કર્યા વિના રસ્તો ખોદી નાખવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે.

રસ્તા પર અગાઉ માટી-મેટલનું પુરાણ કરવામાં આવ્યું હતું, જેના પાછળ પંચાયતનો ખર્ચ થયો હતો. રસ્તો ખોદી નાખવાના કારણે આ ખર્ચનું નુકસાન થયું હોવાની પણ રજૂઆતમાં વાત કરવામાં આવી છે. હાલ રસ્તો ખોરવાતાં આસપાસનાં ઘરોમાં રહેતા લોકોને અવરજવરમાં મુશ્કેલી પડી રહી છે. ખાસ કરીને મેડિકલ ઈમરજન્સી વખતે દર્દીઓને હોસ્પિટલ લઈ જવામાં મુશ્કેલી સર્જાઈ શકે છે. આ ઉપરાંત ખેડૂતોને ખેતરો સુધી પહોંચવામાં અને ખેતીવાડીની કામગીરીમાં પણ અવરોધ ઊભો થયો હોવાની ફરિયાદ છે.

આ રસ્તાને પાકો બનાવવા માટે અગાઉ સ્વાગત કાર્યક્રમમાં પણ રજૂઆતો કરવામાં આવી હતી. તેમ છતાં રસ્તાની સમસ્યાનો ઉકેલ આવ્યો નથી. હવે રસ્તો ખોદી નાખવામાં આવતાં ગ્રામજનોની મુશ્કેલીમાં વધારો થયો છે.ગ્રામજનોએ કલેક્ટર સમક્ષ રસ્તો ખોદવાની ઘટનાની તાત્કાલિક તપાસ કરાવી જવાબદાર વ્યક્તિ સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને રસ્તાનું તાત્કાલિક સમારકામ કરાવવાની માંગ કરી છે. જો રસ્તો વહેલી તકે પૂર્વવત્ કરવામાં નહીં આવે અને ખેડૂતો કે ગ્રામજનોને જાનમાલનું નુકસાન થશે તો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. જોકે, રસ્તો કયા કારણોસર અને કોના દ્વારા ખોદવામાં આવ્યો તે અંગે સત્તાવાર તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થશે.

# ખેલ મહાકુંભ-૨૦૨૬ અંતર્ગત કુકરમુંડા તાલુકા કક્ષાની વિવિધ રમતગમત સ્પર્ધાઓ યોજાઈ

## રાજપુર ખાતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકારના ઉપક્રમે આયોજન



**કુકરમુંડા,**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ તથા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ઉપક્રમે તાપી જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી, જિલ્લા રમતગમત અધિકારીની કચેરી તથા કુકરમુંડા તાલુકા દ્વારા ખેલ મહાકુંભ ૨૦૨૬-૨૭નું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંતર્ગત ગુરુવાર, તા. ૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦ કલાકે પ્રાથમિક શાળા, રાજપુર ખાતે ખેલ મહાકુંભનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કુકરમુંડા તાલુકામાં ખેલ મહાકુંભના કન્વીનર તરીકે મનોહરભાઈ જી. વસાવા તથા સહ-કન્વીનર તરીકે અરૂણભાઈ એમ. વસાવા જવાબદારી સંભાળી રહ્યા છે. પ્રારંભિક કાર્યક્રમમાં માજી સંસદીય સચિવ સુભાષભાઈ પાડવીની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ પ્રસંગે તાલુકા પંચાયત કુકરમુંડાના પ્રમુખ રજીલાબેન રાજુભાઈ પાડવી, ઉપપ્રમુખ શ્રી કૃષ્ણભાઈ સિરસાઠ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.ખેલ મહાકુંભનો મુખ્ય ઉદ્દેશ રમતગમત દ્વારા બાળકો અને યુવાનોમાં સ્વાસ્થ્ય, શિસ્ત, આત્મવિશ્વાસ, ટીમભાવના તથા વ્યક્તિત્વ વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.પ્રથમ દિવસે રાજપુર પ્રાથમિક શાળા ખાતે ખો-ખોની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં આદર્શ નિવાસી શાળા કુકરમુંડા, પ્રાથમિક શાળા રાજપુર, બેજ, મોરંબા, આશ્રમ શાળા ફૂલવાડી, મેણપુર અને બાલંબાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ખો-ખોની સ્પર્ધામાં ખેલાડીઓએ ચપળતા, સ્ફૂર્તિ અને ટીમભાવનાનું પ્રદર્શન કર્યું હતું.આગામી દિવસોમાં ચેસ, યોગાસન, વોલીબોલ, કબડ્ડી, રસ્સાખેંચ અને એથ્લેટિક્સ સહિતની વિવિધ સ્પર્ધાઓ યોજાશે. તા. ૩ ઓક્ટોબરે ચેસ, યોગાસન, વોલીબોલ અને કબડ્ડી, તા. ૫ ઓક્ટોબરે રસ્સાખેંચ તથા તા. ૬ ઓક્ટોબરે એથ્લેટિક્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ સ્પર્ધાઓમાં અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪, અંડર-૧૫, અંડર-૧૭ તથા ઓપન એજના ખેલાડીઓ ભાગ લેશે.

# ડિંડેલીમાં પરિણીતાના આપઘાત કેસમાં પતિ સામે દુષ્પ્રેરણાનો ગુનો

**દ્રષ્ટિકોણ-સુરત,** ડિંડોલી દેલાડવા ગામ ખાતે રહેતી રાજસ્થાની પરિણીતાએ પોતાની જાતે ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા મારી આત્મહત્યા કરવાના કેસમાં પોલીસે મૃતક પરિણીતાના પતિ સામે દુષ્પ્રેરણાનો ગુનો નોદ્વધી તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા મુજબ રાજસ્થાનના નાગોર જીલ્લાના રીયાબડી તાલુકાના બગ્ગડ ગામ ખાતે રહેતા શ્રવણરામ જસારામ ચૌધરી (ઉ.વ.૫૪)ની દીકરીના લગ્શ્વન સૌહન ભવરરામ ચૌધરી (રહે, અમુત નિકેતન સોસાયટી દેલાવડા ગામ ) સાથે થયા હતા. દરમિયાન શ્રવણરામની દીકરીએ ગત તા ૨૪ ઓગસ્ટના રોજ ઘરમાં પોતાની જાતે ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા મારી આત્મહત્યા કરી લીધી હતી. આ મામલે શ્રવણરામે ગતરોજ તેના જમાઈ સોહન ચૌધરી સામે ડિંડોલીમાં ફરિયાદ નોદ્વધાવી હતી જેમાં તેઓએ જણાવ્યું હતું કે., આરોપી સોહન ચૌધરી તેની દીકરીને શારીરીક માનસીક ત્રાસ આપતો હતો તેની દીકરી સહન કરી ન શકતા આ પગલું ભર્યું હતુ. બનાશ્વવ અંગે પોલીસે સોહન ચૌધરી સામે દુષ્પ્રેરણાનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# સચીનમાં યુવકના ગળા ઉપર ચપ્પુ મુકી લૂંટી લેવાયો

**દ્રષ્ટિકોણ-સુરત,** સચીન નવસારી રોડ, સુડા સેકટર-૨ ખાતે કામ પરથી પરત ઘરે જતા યુવકને રસ્તામાં ભેટી ગયેલા બે લૂંટારૂઓએ ગળાના ભાગે ચપ્પુ મુકી જાનથી મારી નાંખવાની ધમકી આપી રોકડા ૨૨૦૦ અને ચાંદીની વીટી-ચેઈન મળી કુલ રૂપિયા ૭૨૦૦ના મત્તા લૂંટી નાસી ગયા હતા.સચીન પોલીસના જણાવ્યા મુજબ વડોદરા, દરજી પુરા, ગોલ્ડ ન ચોકડી પાસે મદારીવાસ ઝુપડપટ્ટીમાં રહેતા કમલ ઉમરાવનાથ પરમારનો દીકરો કરણ ગત તા ૨૩શ્વમી સપ્ટેમ્બરના રોજ બપોરના બે વાગ્યે સચીન નવસારી રોડ, સુડા સેકટરશ્વ- ૨ સચીન સ્લમ બોર્ડના નાકા સામેથી પસાર થતો હતો તે વખતે બે અજાણ્યાઓએ તેની આંતરી ઉભો રાખી તેના ગળાના ભાગે ચપ્પુ મુકી જાનથી મારી નાંખવાની ધમકી આપી તેની પાસેથી રોકડા ૨૨૦૦શ્વ, ચાંદીની વીટી અને ચાંદીની ચેઈન મળી કુલ રૂપિયા ૭૨૦૦ના મત્તાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.

# અડાજણમાં શિવાયલ એપાર્ટમેન્ટનો ફ્લેટ ભાડૂઆતે પચાવી પાડ્યો

**દ્રષ્ટિકોણ-સુરત,** રાંદેરશ્વ, જીમખાના રોશ્વડ વિસ્તારમાં રહેતા આધેડને અડાજણ શિવાલ હાઈટ્સમાં આવેલ ફ્લેટ ભાડુઆતે છેલ્લા દોઢ વર્ષથી ભાડુ નહી આપી પચાવી પાડ્યો છે.પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ રાંદેર જીમખાના રોડ, ખાંડાકુવા ખાતે રહેતા ૫૪ વર્ષીય કિશોરભાઈ કાંતિભાઈ પાનલપુરીયાનો અડાજણમાં શિવાલય હાઈટ્સમાં પહેલા માળે ફ્લેટ આવેલો છે આ ફ્લેટ તેઓએ હેમંત ખુશાલભાઈ પરવટીયાને ભાડેથી રહેવા માટે આપ્યો છે. જાકે હેમંત પરવટિયાએ ગત જાન્યુઆરી ૨૦૨૫થી ભાડુ આપવાનું બંધ કરી દીધુ હતું અને ફ્લેટ પણ ખાલી કરતો ન હતો. ફ્લેટ માલીક કાંતિભાઈ દ્વારા અવાર નવાર ભાડાની માંગણી કરી તેમજ ફ્લેટ ખાલી કરવા માટે કહેવા છતાંયે ખાલી નહી કરી ફ્લેટમાં ગેરકાયદે કબજા કર્યો હતો.

પ્રેસનોટ/જાહેરાત માટે સંપર્ક કરો
96876 77873 /90160 19491

# સાપુતારામાં ટોલ બુથ અને પ્લોટ ફાળવણી મુદ્દે તપાસના આદેશ

## સાંસદ ધવલ પટેલે કલેક્ટરને તપાસ હાથ ધરી નિયમ મુજબ કાર્યવાહી કરવા સૂચના આપી

**દ્રષ્ટિકોણ-આહવા, ડાંગઃ** ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે યોજાયેલી ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરિંગ કમિટી (દિશા)ની બેઠકમાં સાપુતારા ગિરિમથકના ટોલ બુથ તેમજ પ્લોટ ફાળવણીના મુદ્દે ચર્ચા થતાં સમગ્ર મામલો ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, બેઠક દરમિયાન સાપુતારામાં ટોલ બુથની કામગીરી અને પ્લોટ ફાળવણી અંગે ઉઠેલા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. આ મુદ્દે સાંસદ ધવલ પટેલ દ્વારા જિલ્લા કલેક્ટરને સમગ્ર મામલે તપાસ હાથ ધરી નિયમ મુજબ જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સાપુતારામાં ભૂતકાળમાં થયેલી પ્લોટ ફાળવણી અંગે નિયમો અને પ્રક્રિયાને લઈને અગાઉથી પણ સવાલો ઉઠતા રહ્યા છે. ત્યારે કયા પ્લોટ કોને, ક્યારે અને કઈ સત્તા અથવા પ્રક્રિયા હેઠળ ફાળવવામાં આવ્યા તેની ચકાસણી થાય તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે. તે ઉપરાંત સાપુતારા પ્રવેશ માર્ગ પર વસૂલવામાં આવતા ટોલ બુથ અંગે પણ વિવિધ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. ટોલ વસૂલાત માટેની ટેન્ડર પ્રક્રિયા, કરારની શરતો, વસૂલવામાં આવેલી રકમ, સરકારી તિજોરીમાં જમા થયેલી આવક તેમજ સમગ્ર વ્યવસ્થામાં નિયમો અને પારદર્શિતાનું પાલન થયું છે કે નહીં તે અંગે તપાસ થાય તેવી ચર્ચા છે.

સાંસદ દ્વારા જિલ્લા કલેક્ટરને તપાસ અને નિયમ મુજબ કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હોવાનું સામે આવ્યા બાદ હવે જિલ્લા તંત્ર દ્વારા સમગ્ર મામલે ક્યારે તપાસ શરૂ કરવામાં આવે છે અને કયા અધિકારી અથવા વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે છે તેના પર સૌની નજર છે.

તપાસ દરમિયાન અત્યાર સુધીમાં થયેલી પ્લોટ ફાળવણી તથા ટોલ બુથ સંબંધિત દસ્તાવેજો, મંજૂરીઓ, ટેન્ડર પ્રક્રિયા, કરાર અને નાણાકીય વ્યવહારોની ચકાસણી કરવામાં આવે તેવી શક્યતા છે. જો તપાસમાં કોઈ નિયમભંગ અથવા અનિયમિતતા સામે આવે તો જવાબદારી નક્કી કરી નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

# પીએમ શ્રી ચલા મુખ્ય પ્રાથમિક શાળાની અશરફ ચુડાસમાએ લીધી સૌજન્ય મુલાકાત



**દ્રષ્ટિકોણ-વાપીઃ** પીએમ શ્રી ચલા મુખ્ય પ્રાથમિક શાળાની વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના ઉપપ્રમુખ અને વર્ષ ૨૦૧૦માં ગુજરાત સરકારનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મેળવનાર શિક્ષણપ્રેમી અશરફ ચુડાસમાએ સૌજન્ય મુલાકાત લીધી હતી.

શાળાના ઉત્સાહી આચાર્યા પ્રીતિબેને અશરફ ચુડાસમાનું ઉષ્માભેર સ્વાગત કરી એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષછોડ અર્પણ કર્યો હતો. આ પ્રસંગે શાળામાં ચાલી રહેલી વિવિધ શૈક્ષણિક, સામાજિક અને પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ અંગે તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા.અશરફ ચુડાસમાએ વિવિધ વર્ગોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓની અભ્યાસલક્ષી કામગીરી તેમજ શિક્ષકોની મહેનતનું નિરીક્ષણ કર્યું હતું. શાળામાં બાળકોના સર્વાંગી વિકાસ માટે થઈ રહેલા પ્રયાસોની તેમણે પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, માતા બાળકને જન્મ આપે છે, જ્યારે શિક્ષક બાળકને જીવન જીવવાની દિશા આપે છે. જ્ઞાનને જીવનલક્ષી શિક્ષણ સાથે જોડીને બાળકોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શાળા પરિવાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો પ્રેરણાદાયી હોવાનું તેમણે જણાવ્યું હતું.

અંતે અશરફ ચુડાસમાએ આચાર્યા પ્રીતિબેન સહિત સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવી શૈક્ષણિક પ્રવૃત્તિઓને વધુ વેગ મળે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

# બરડીપાડા રેન્જમાં બેફામ રેતી ખનનથી વન વિભાગની કામગીરી શંકાના દાયરામાં



## આંખ આડા કાન કે અજાણતા? બરડીપાડા રેન્જ નાં આર એફ ઓ પ્રતિભા, સામે તળીયા ઝાટક તપાસની માંગ

**દ્રષ્ટિકોણ-વઘઈ:** ડાંગ જિલ્લામાં વન વિભાગની બરડીપાડા રેન્જ વિસ્તારમાં રેતી ખનન બેફામ રીતે ચાલી રહ્યું હોવાના આક્ષેપો વચ્ચે વન વિભાગની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. રેન્જ આર.એફ.ઓ. પ્રતિભાના હદ વિસ્તારમાં ગેરકાયદે રેતી ખનન થતું હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવતી નથી હોવાનો સ્થાનિકોમાં આક્ષેપ છે.

જંગલ વિસ્તાર સાથે સંકળાયેલા વિસ્તારમાં રેતી ખનન જેવી પ્રવૃત્તિઓ સામે નિયમિત પેટ્રોલિંગ અને કડક કાર્યવાહી થવી જરૂરી છે. તેમ છતાં જો આવી પ્રવૃત્તિઓ ચાલુ રહેતી હોય તો વન વિભાગના સંબંધિત અધિકારીઓની કામગીરીની પણ નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.નહી કે ઓફિસ માં બેસી હવા ખાવાના,બરડીપાડા રેન્જના સમગ્ર જંગલ વિસ્તારની તળીયા ઝાટક તપાસ કરવામાં આવે તો રેતી ખનન ઉપરાંત લાકડાં કટિંગ, પરવાનગી અને સરકારી રેકોર્ડ સહિતના અનેક મુદ્દાઓની હકીકત બહાર આવી શકે છે, તેવી માંગ ઉઠી રહી છે. આક્ષેપોની સત્તાવાર તપાસ બાદ જ હકીકત સ્પષ્ટ થઈ શકે છે. જંગલ અને કુદરતી સંપત્તિના રક્ષણની જવાબદારી ધરાવતા તંત્ર દ્વારા રેતી ખનન સ્થળોની તપાસ, લાકડાં કટિંગના સ્થળોની ચકાસણી, જૂના કેસો તથા જપ્તી કાર્યવાહી અને સરકારી રેકોર્ડનું ક્રોસ-વેરિફિકેશન કરવામાં આવે તેવી માંગ છે. હવે સવાલ એ છે કે બરડીપાડા રેન્જમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાત્કાલિક તળીયા ઝાટક તપાસ હાથ ધરાશે કે પછી ફરિયાદો અને આક્ષેપો કાગળ પર જ દફન થઈ જશે? સ્થાનિકો સમગ્ર મામલે ઉચ્ચ વન અધિકારીઓ દ્વારા નિષ્પક્ષ તપાસ અને જવાબદારી નક્કી કરવાની માંગ કરી રહ્યા છે.

# વલસાડમાં નિવૃત્ત કર્મચારી સેવા મંડળનું ૪૪મું વાર્ષિક અધિવેશન ૪મીએ

**દ્રષ્ટિકોણ-વલસાડ,**વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળનું ૪૪મું વાર્ષિક અધિવેશન આગામી તા. ૪ ઓક્ટોબર, રવિવારના રોજ વલસાડ ખાતે યોજાશે. સવારે ૯:૩૦ કલાકે તિથલ સરકારી વસાહત સામે આવેલ વલસાડ તાલુકા પટેલ સમાજ પ્રગતિમંડળ સંચાલિત મણિલાલ પટેલ સમાજની સમાજવાડી ખાતે યોજાનાર અધિવેશન મંડળના પ્રમુખ ગણપતભાઈ પટેલની અધ્યક્ષતામાં મળશે.અધિવેશનમાં વલસાડના ધારાસભ્ય ભરતભાઈ કે. પટેલ સમારંભના પ્રમુખ તરીકે ઉપસ્થિત રહેશે, જ્યારે ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મહામંડળ, વડોદરાના પ્રમુખ ચંદુલાલ વી. જોશી ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહેશે. મહલ રિયલ્ટી પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર-પ્રમુખ બિપિનચંદ્ર બી. પટેલ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત વિશ્વવિખ્યાત ભાગવતાચાર્ય પરમ પૂજ્ય શરદભાઈ વ્યાસ વિશેષ ઉપસ્થિત રહી સભાસદોને આશીર્વચન આપશે.મંડળના પ્રમુખ ગણપતભાઈ પટેલે તમામ સભાસદોને અધિવેશનમાં સમયસર અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું કે, આપ સૌની ઉપસ્થિતિ એ જ આ અધિવેશનની સફળતા છે.

# અતુલ ફાઉન્ડેશન હેલ્થ સેન્ટર ખાતે આરોગ્ય કેમ્પનું આયોજન



**દ્રષ્ટિકોણ-વલસાડઃ** અતુલ ખાતે આવેલ અતુલ ફાઉન્ડેશન હેલ્થ સેન્ટર ખાતે જનરલ મેડિકલ કેમ્પ તેમજ આંખની તપાસ માટે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું આયોજન અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ (ARDF) અને RNC Hospital, Valsadના સંયુક્ત સહયોગથી કરવામાં આવ્યું હતું.

કેમ્પનો મુખ્ય હેતુ લોકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ લાવવા તેમજ જરૂરી તબીબી તપાસ અને માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. આ કેમ્પનો લાભ અતુલ તેમજ આસપાસના ગામના લોકોએ લીધો હતો.

કેમ્પ દરમિયાન તબીબો દ્વારા ઉપસ્થિત લોકોની સામાન્ય આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. તેમજ આંખના નિષ્ણાત તબીબો દ્વારા આંખોની તપાસ કરી જરૂરી માર્ગદર્શન અને સલાહ આપવામાં આવી હતી. જરૂરિયાત મુજબ લોકોને આગળની સારવાર અંગે પણ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો. ગ્રામજનોને તેમના ઘરઆંગણે ગુણવત્તાસભર આરોગ્ય તપાસ અને માર્ગદર્શન મળી રહે તે હેતુથી યોજાયેલ આ કેમ્પને સારો પ્રતિસાદ મળ્યો હતો.કેમ્પના સફળ આયોજન બદલ આયોજકો, તબીબો, આરોગ્યકર્મીઓ તથા સહયોગી તમામનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ગણદેવી તાલુકા કક્ષાનો ૭૭મો વન મહોત્સવ

## ગણદેવી નગરપાલિકા અટલજી હોલમાં વૃક્ષ, પાણી, પર્યાવરણ જાળવણીનાં સંકલ્પ સાથે ઉજવાયો

**દ્રષ્ટિકોણ-ગણદેવી,** ગણદેવી તાલુકા કક્ષાનો ૭૭'મો વન મહોત્સવ ગુરુવાર સવારે ગણદેવી નગરપાલિકા અટલજી હોલમાં યોજાયો હતો. પર્યાવરણ ની સમસ્યાના ઉપાય માટે વન, વૃક્ષ ઉછેર સમયની માંગ છે એવી હૃદયસ્પર્શી હાકલ કરાઇ હતી.

નવસારી સામાજિક વનીકરણ વિભાગના ગણદેવી (રેંજ) તાલુકા કક્ષાનો ૭૭'માં વન મહોત્સવમાં વન વિભાગની ઉત્કૃષ્ટ કામગીરી ને બિરદાવવામાં આવી હતી. વન વિભાગના ફોરેસ્ટર ચેતન પટેલ એ સૌને આવકારી વર્ષભર ની કામગીરી નો ચિતાર રજૂ કર્યો હતો. સામાજિક વનીકરણ કાર્યક્રમ અંતર્ગત ઉજ્જડ તથા બિન ઉપજાઉ જમીનમાં મોટાપાયે વનીકરણ કરવું, રાજ્ય અને તાલુકા નું ગ્રીન કવર વધારવું તેમજ લોકોને જાગૃત કરી જનભાગીદારી વધારી વૃક્ષો થકી લોકોની આજીવિકા માં વધારો કરવા સરકાર કટિબદ્ધ છે. ગણદેવી રેન્જ માં ચાલુ વર્ષે જુદી જુદી યોજના હેઠળ અનેક વિસ્તારોમા ૮૨,૭,૧૧ વૃક્ષો નું વાવેતર કરાયું છે, એંધલ, અજરાઈ, ખાપરવાડા ખાતાકીય નર્સરી તેમજ જુદા જુદા ગામો માં ડીસીપી અને એસએચજી ગ્રુપ નર્સરી મળી ૭ લાખ જેટલા રોપા નો ઉછેર કરાયો હતો. તેમજ રોપા વિતરણ કરાયા હતા. તદઉપરાંત ચાલુ વર્ષે ગણદેવી તાલુકાના ગામો અને ગણદેવી શહેરમાં ૧૦૦ થી વધુ વિવિધ જાતો નાં રોપા વાવેતર કરી વન કવચ નાં નિર્માણ કરાયા છે.

ગણદેવી નગરપાલિકા સ્મશાન ભૂમિ નજીક ૧૦ હજાર રોપા ઉછેરી અર્બન વન કવચ નું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે પર્યાવરણ અને વન્ય જીવો માટે શ્રેષ્ઠ કામગીરી કરનારા ૮ પ્રકૃતિ પ્રેમીઓને પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. સમારંભ નાં અધ્યક્ષ ગણદેવી પાલિકા પ્રમુખ અનિતા ભંડારી, અતિથિ વિશેષ ગણદેવી તાલુકા પંચાયત પ્રમુખ પુષ્પાબેન પટેલ, તુષાર પટેલ,ઉપપ્રમુખ મહેશ હળપતિ, પાર્થિવ નાયક, રાજેશ પટેલ, શૈલેષ હળપતિ, સીઓ પ્રાચી દોશી એ વૃક્ષરથ ને લીલીઝંડી આપી હતી. આ પ્રસંગે પ્રાણલાલ પટેલ, મનોજભાઈ પટેલ, ભાનુબેન પટેલ, જિજ્ઞા વૈદ્ય, ડો. હાર્દિક વૈદ્ય, સરસ્વતી પટેલ, નટુભાઈ પટેલ વન વિભાગ ના ચેતન પટેલ, અંકિતા પટેલ, ભાવિન પટેલ, કિશોર પટેલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# નારગોલ બીચ પર વૃક્ષારોપણ અને સફાઈ અભિયાન યોજાયું



**દ્રષ્ટિકોણ-નારગોલઃ** વલસાડ જિલ્લા વન વિભાગ દ્વારા ૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ નારગોલ બીચ પર વૃક્ષારોપણ અને સફાઈ અભિયાન યોજાયું હતું.

પર્યાવરણ જાળવણી અને દરિયાકિનારાને સ્વચ્છ રાખવાના સંદેશ સાથે યોજાયેલા આ અભિયાનમાં અધિકારીઓ, લોકપ્રતિનિધિઓ, સ્વયંસેવકો અને સ્થાનિક નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકર, વલસાડ જિલ્લા DCF ડી.એન. રબારી, નાયબ પોલીસ અધિક્ષક એ.એમ. કુગસીયા, RFO સી.એસ. પટેલ, ફોરેસ્ટર એચ.કે. ઠાકુર, મહિલા અગ્રણી મનિષાબેન, તાલુકા સભ્ય ઉપેનભાઈ માછી તથા PSI કે.સી. પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત મરીન કમાન્ડો, મરીન ટાસ્ક ફોર્સ, મરીન સેક્ટર, સોસિયો ગ્રુપ, સ્વયંસેવી સંસ્થાઓ, ગ્રામ પંચાયતના સભ્યો, સ્થાનિક આગેવાનો અને તાલુકાના નાગરિકોએ પણ અભિયાનમાં જોડાઈને નારગોલ બીચ પર વૃક્ષારોપણ તથા સફાઈ કામગીરી કરી હતી.

# ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત સ્પર્ધાઓમાં આશ્રમશાળા કુરેલીઆનો ડંકો



**દ્રષ્ટિકોણ-વાંસદાઃ** વાંસદા તાલુકાના કુરેલીયા ગામે શ્રી વલ્લભ આશ્રમ શાળાનાં વિદ્યાર્થીઓએ તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી આશ્રમ શાળાનું નામ રોશન કર્યું હતું.વાંસદા તાલુકા કક્ષાનો ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત સ્પર્ધાનું આયોજન માનકુનીયા ગામે કરવામાં આવ્યુ હતું.

તાલુકા કક્ષાની ખેલ મહાકુંભ સ્પર્ધામાં આશ્રમશાળા કુરેલીઆના અંડર-૧૪ ભાઈઓની ખો-ખો ટીમે પ્રથમ સ્થાન મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું.

વિવિધ વ્યક્તિગત સ્પર્ધાઓમાં અંડર-૯ સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પમાં અયુબે પ્રથમ તથા અંડર-૧૧માં રુતિકે દ્વિતીય સ્થાન મેળવ્યું હતું. ૩૦ મીટર દોડમાં અન્વીએ દ્વિતીય અને ૫૦ મીટર દોડમાં રુતિકે દ્વિતીય સ્થાન મેળવ્યું હતું.

અંડર-૧૪ની ગોળાફેંકમાં રોશની દ્વિતીય, ૨૦૦ મીટર દોડમાં પ્રિયેશે દ્વિતીય અને નીતલે તૃતીય, જ્યારે આદિત્યએ ૪૦૦ મીટર દોડમાં પ્રથમ,ઊંચી કૂદમાં દ્વિતીય અને શાહિલે તૃતીય સ્થાન મેળવ્યું હતું.

વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ ગ્રામસેવા મંડળ, વાંસદા તથા આશ્રમશાળા કુરેલીઆના શાળા પરિવાર દ્વારા તમામ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.વિદ્યાર્થીઓએ રમત-ગમત ક્ષેત્રે પણ પોતાની પ્રતિભા સાબિત કરી શાળાની શૈક્ષણિક સાથે સર્વાંગી વિકાસની પ્રતિબદ્ધતાને ઉજાગર કરી છે.

# વાપીના ચલા ગુરુકુળ પાસે સ્વિમિંગ પુલમાં યુવતીનું ડૂબી જતાં મોત

**સ્વિમિંગ શીખવા આવેલી દમણની યુવતી પાણીમાં ડૂબી; હાજર લોકોએ બહાર કાઢી હોસ્પિટલ ખસેડી, તબીબે મૃત જાહેર કરી**

**દ્રષ્ટિકોણ-વલસાડઃ** વાપીના ચલા વિસ્તારમાં ગુરુકુળ પાસે મહાનગરપાલિકા સંચાલિત સ્વિમિંગ પુલમાં બુધવારે દમણ વિસ્તારમાં રહેતી યુવતીનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, યુવતી સ્વિમિંગ શીખવા માટે પુલમાં ગઈ હતી. દરમિયાન અચાનક પાણીમાં ડૂબી જતાં ઘટનાસ્થળે દોડધામ મચી ગઈ હતી.યુવતી પાણીમાં ડૂબી જતાં સ્વિમિંગ પુલ પર હાજર લોકોએ તાત્કાલિક તેને પાણીમાંથી બહાર કાઢી હતી. ત્યારબાદ ગંભીર હાલતમાં નજીકની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. જોકે, ફરજ પરના તબીબે યુવતીને મૃત જાહેર કરી હતી. ઘટનાની જાણ થતાં યુવતીના માતા-પિતા પણ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા.

બનાવની જાણ થતાં વાપી ટાઉન પોલીસની ટીમ હોસ્પિટલ ખાતે પહોંચી હતી અને મૃતદેહનો કબજો મેળવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે સ્વિમિંગ પુલ પર હાજર અન્ય તરવૈયાઓ તેમજ ઘટનાસમયે હાજર લોકોના નિવેદનો લેવાની કાર્યવાહી શરૂ કરી છે.યુવતી કયા સંજોગોમાં પાણીમાં ડૂબી હતી, ઘટનાસમયે સ્વિમિંગ પુલમાં સુરક્ષાની કેવી વ્યવસ્થા હતી અને કોઈની બેદરકારી હતી કે કેમ તે સહિતના મુદ્દાઓ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર ઘટનાની હકીકત સ્પષ્ટ થશે.

# ગણદેવીનાં નાંદરખા ગામે કદાવર દીપડો પાંજરે પુરાયો, પાંજરા બહાર દીપડીનો ઉત્પાત

**દ્રષ્ટિકોણ-ગણદેવી,** ગણદેવી તાલુકાના નાંદરખા ગામના વચલા ફળિયામાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની અવરજવરથી ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. ગ્રામજનોની રજૂઆત બાદ વન વિભાગ દ્વારા શનિવારે પાંજરુ ગોઠવાયું હતું. જેમાં ગુરુવારે વહેલી સવારે આશરે ત્રણ વર્ષનો કદાવર દીપડો પાંજરે પુરાઈ ગયો હતો. જોકે, દીપડો પાંજરે પુરાયા બાદ પાંજરાની બહાર એક દીપડી પણ નજરે પડતાં ગ્રામજનોમાં વધુ ફફડાટ ફેલાયો હતો.



ગણદેવીનાં નાંદરખા ગામના વચલા ફળિયામાં વારંવાર દીપડો દેખાતો હોવાથી ગ્રામજનોની ચિંતાને ધ્યાને લઈ સરપંચ ચંદ્રકાન્ત પટેલ એ વન વિભાગને જાણ કરી હતી. ત્યારબાદ વન વિભાગે શનિવારે મરઘાંનું મારણ મૂકી દીપડાને પકડવા માટે પાંજરું ગોઠવ્યું હતું. દરમ્યાન ગુરુવારે વહેલી સવારે પાંજરામાંથી દીપડાની દહાડ સંભળાતા આસપાસના લોકો એ ટોર્ચ નાં પ્રકાશ માં જોતા પાંજરાની બહાર એક દીપડી પણ જોવા મળતાં તાત્કાલિક વન વિભાગને જાણ કરવામાં આવી હતી. સૂર્યોદય બાદ અજવાળું થતાં દીપડી ત્યાંથી નાસી ગઈ હતી.

અને લોકટોળા એકત્ર થયા હતા. પાંજરામાં કેદ દીપડાને સુરક્ષિત રીતે સ્થળાંતર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. દરમિયાન પાંજરાના એક ટાયરમાં પંચર હોવાનું જણાતાં પાંજરાને ટ્રેક્ટરમાં ચઢાવી લઈ જવાની ફરજ પડી હતી. પાંજરું ટ્રેક્ટરમાં ચઢાવતી વખતે અંદર કેદ દીપડાએ અચાનક પંજો મારતાં રાઉન્ડ ફોરેસ્ટર કિશોરભાઈ પટેલના ડાબા હાથમાં ન્હોર વાગ્યા હતા. ઈજાને કારણે તેમના હાથમાંથી લોહી નીકળતાં તેમને સારવાર લેવાની ફરજ પડી હતી.

ત્યારબાદ વન વિભાગની ટીમે કેદ કરાયેલા દીપડાને ગણદેવીના એંધલ વન ડેપો ખાતે ખસેડ્યો હતો. ત્યાં દીપડાનું તબીબી પરીક્ષણ કરાવવામાં આવ્યું હતું. તબીબી તપાસ બાદ દીપડાને મોડી રાત્રે જંગલ વિસ્તારમાં સુરક્ષિત રીતે છોડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ, પાંજરાની બહાર દીપડી પણ જોવા મળતાં નાંદરખા ગ્રામજનોમાં દીપડાનો ભય હજુ યથાવત રહ્યો છે.

# વલસાડ રક્તદાન કેન્દ્રને એક વર્ષમાં ૨૭,૩૦૦ યુનિટ રક્ત મળ્યું; ૩૫૦થી વધુ રક્તદાન શિબિરો યોજાઈ

**દ્રષ્ટિકોણ-વલસાડ,** રક્તનું ઉત્પાદન કોઈ કારખાનામાં થઈ શકતું નથી અને તેનો કોઈ કૃત્રિમ વિકલ્પ પણ નથી. ત્યારે સ્વૈચ્છિક રક્તદાન જ અનેક દર્દીઓ માટે જીવન બચાવવાનો સૌથી મોટો આધાર બની રહે છે. રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસ નિમિત્તે વલસાડ રક્તદાન કેન્દ્ર દ્વારા રક્તદાનના મહત્ત્વ અંગે જનજાગૃતિ સાથે વધુને વધુ લોકો સ્વૈચ્છિક રક્તદાન માટે આગળ આવે તેવી અપીલ કરવામાં આવી છે.

વલસાડ રક્તદાન કેન્દ્ર છેલ્લા ૪૨ વર્ષથી રક્તદાન ક્ષેત્રે સતત સેવા આપી રહ્યું છે. ઓક્ટોબર ૨૦૨૫થી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન કેન્દ્રને કુલ ૨૭,૩૦૦ યુનિટ રક્ત મળ્યું હતું. આ રક્તનો ઉપયોગ અકસ્માતગ્રસ્તો, સર્જરીના દર્દીઓ, પ્રસૂતિ દરમિયાન મહિલાઓ ઉપરાંત થેલેસેમિયા અને સિકલ સેલના દર્દીઓની સારવારમાં કરવામાં આવ્યો હતો.

આ એક વર્ષ દરમિયાન જિલ્લામાં ૩૫૦થી વધુ રક્તદાન શિબિરો યોજાઈ હતી. કુલ રક્તસંગ્રહમાં આશરે ૮૧ ટકા રક્ત શિબિરો મારફતે, જ્યારે ૧૯ ટકા રક્ત સીધું કેન્દ્ર પર રક્તદાન કરનાર દાતાઓ પાસેથી મળ્યું હતું.

**મહિલાઓનો ફાળો માત્ર ૧૦ ટકા, વધુને વધુ યુવાનો મહિલાઓને રક્તદાન માટે આગળ આવવા અપીલ**

રક્તદાન ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી હજુ પણ આશરે ૧૦ ટકા જેટલી છે. તેથી યુવાનો તેમજ વધુમાં વધુ મહિલાઓ સ્વૈચ્છિક રક્તદાન માટે આગળ આવે તે માટે ખાસ અપીલ કરવામાં આવી છે.વલસાડ રક્તદાન કેન્દ્ર દ્વારા સંચાલિત આશરે ૧૫ બ્લડ સ્ટોરેજ સેન્ટરો અંતરિયાળ વિસ્તારોના દર્દીઓ માટે જીવનરેખા સમાન બની રહ્યા છે. આ કેન્દ્રોના કારણે જરૂરિયાતમંદ દર્દીઓને નજીકના વિસ્તારમાં જ રક્તની ઉપલબ્ધતા મળી રહે છે.

વલસાડ રક્તદાન કેન્દ્ર દ્વારા તમામ રક્તદાતાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને રક્તદાન શિબિરના આયોજકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી અપીલ કરાઈ છે કે, રક્તદાનને માત્ર પ્રસંગ નહીં, પરંતુ જીવનની જવાબદારી બનાવીએ. કારણ કે તમારું એક યુનિટ રક્ત કોઈ અજાણ્યા વ્યક્તિ માટે જીવનની નવી આશા બની શકે છે.

# કાકડકુવામાં આંગણ મિલન સેવા કાર્યક્રમ યોજાયો



**ધરમપુર,** ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ અંતર્ગત વલસાડ જિલ્લાના ધરમપુર ઘટક-૨ના કાકડકુવા ગામના આમલી ફળિયા આંગણવાડી કેન્દ્ર ખાતે આંગણ મિલન સેવા કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ આંગણવાડી સાથે જોડાયેલા લાભાર્થીઓ, વાલીઓ, ગ્રામજનો અને વિવિધ વિભાગના પ્રતિનિધિઓ વચ્ચે સીધો સંવાદ વધારવા તેમજ આંગણવાડીની સેવાઓ અંગે જાગૃતિ લાવવાનો હતો.

કાર્યક્રમમાં ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, તાલુકા પંચાયત સદસ્ય, બાળ વિકાસ યોજના અધિકારી, મહિલા મોરચાના મંત્રી, સરપંચ, પંચાયત સભ્યો, આચાર્ય તથા ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આંગણવાડી કેન્દ્ર મારફતે બાળકો, સગર્ભા માતાઓ અને ધાત્રી માતાઓને આપવામાં આવતી વિવિધ સેવાઓ તથા સરકારની યોજનાઓ અંગે લાભાર્થીઓ અને ગ્રામજનોને માહિતી આપવામાં આવી હતી.

# છત્તીસગઢમાં માઓવાદિયોનો સફાયો

છત્તીસગઢમાં માઓવાદી આતંકી બસવ રાજુ સાથે તેમના ૨૬ સાથીઓના ડિસ્ટ્રીક્ટ રિઝર્વ ગાર્ડ એટલે કે ડીઆરજી જવાનોના હાથે માર્યા ગયા બાદ એ જ સંદેશ ઉભર્યો કે આંતરિક સુરક્ષા માટે ખતરો બની ગયેલા માઓવાદ પર નિર્ણાયક પ્રહાર થયો છે. આ સંદેશને આ જ રૂપે ગ્રહણ કરવામાં આવ્યો અને તેને કારણે એ આશા બંધાઈ કે ગૃહમંત્રી અમિત શાહના દાવા અનુસાર માઓવાદને આગામી વર્ષે માર્ચ સુધી ખતમ કરી દેવાશે, પરંતુ કેટલાક લોકોને પ્રતિબંધિત ભાકપા (માઓવાદી)ના સૌથી હિંસક અને નિર્દયી વડા બસવ રાજુને ઠાર મારવો ગમ્યું નથી. ભાકપાએ તેના માર્યા જવાની આકરી નિંદા કરી છે.

માકપાએ પણ કહ્યું, 'અમે સરકારને આગ્રહ કરીએ છીએ કે તેઓ માઓવાદીઓના મંત્રણા અનુરોધનો સ્વીકાર કરી તેમના વિરુદ્ધ અભિયાનને રોકે.' ભાકપા, માકપાના નેતા અને તેમના જેવા ડાબેરી વિચાર ધરાવતા એટલા ભોળા તો નથી જ કે સત્ય ન જાણતા હોય કે ભૂતકાળમાં માઓવાદીઓએ કઈ રીતે મંત્રણાની ઓફર કરીને પોતાની ગતિવિધિઓ થોડા સમય માટે અટકાવીને ખુદને સંગઠિત કરી લીધા. ભાકપા, માકપા ઉપરાંત ભાકપા(માલે)એ પણ બસવ રાજુના માર્યા જવાની ન્યાયિક તપાસની માંગ કરી. તેના પહેલા નાગરિક અધિકાર કાર્યકર્તાઓએ તેલંગણાના મુખ્યમંત્રીને માઓવાદીઓ સાથે વાતચીતનો આગ્રહ કર્યો! કહેવું મુશ્કેલ છે કે ડાબેરી વિચારધારા ધરાવતા કેટલાય સંગઠનો અને લોકોએ માઓવાદીઓ વિરુદ્ધ સુરક્ષા દળોના અભિયાનને બંધ કરવા પર ભાર મૂક્યો છે, પરંતુ ડાબેરી એજન્ડા ચલાવતા કેટલાય મીડિયા ગૃહોને રેખાંકિત કરી શકાય છે.

છત્તીસગઢમાં માઓવાદીઓના સફાયા અભિયાન વચ્ચે એક પત્રિકાના મુખપૃષ્ઠ પર છપાયું - સ્ટેટ વર્સિસ સિટીઝન. એ કવર સ્ટોરીનું શીર્ષક હતું - બ્લડ ઓન અવર હેંડ્સ. એમાં માઓવાદીઓ વિરુદ્ધ અભિયાનની નિરર્થકતા અને આ અભિયાનના નામે આદિવાસીઓના કથિત ઉત્પીડનનું વર્ણન કરાયું હતું. આ પત્રિકા જે સમૂહની છે, તેના નિર્દેશક પોતાની ડાબેરી વિચારધારા માટે ઓળખાય છે. તેઓ નેવલ રોય સિંઘમને પોતાનો મિત્ર પણ ગણાવી ચૂક્યા છે. સિંઘમને ઓળખવા માટે થોડું વિષયાંતર કરવું પડશે. સિંઘમ શ્રીલંકન મૂળનો અમેરિકી નાગરિક છે. તે એક અમેરિકી ટેક કંપનીનો સંસ્થાપક છે, પરંતુ ચીનમાં રહે છે અને ચીની કમ્યુનિસ્ટ પાર્ટી (સીસીપી)ના પૈસાથી દુનિયાભરના ડાબેરી અને વિશેષ રૂપે અતિવાદી ડાબેરી સંગઠનો અને એવા જ સમાચાર માધ્યમોને આર્થિક સહાયતા આપે છે. તે ઈઝરાયલનો વિરોધ કરવા, નાટોનો ભંગ કરવા, ચીનને પોતાનું મિત્ર ગણાવતા કેટલાય સંગઠનોને ફંડ આપે છે. તેની એનજીઓ જેવી કેટલીય સંસ્થાઓ છે. તેમાં મુખ્ય છે - કોડપિંગ, વર્લ્ડવાઈડ મીડિયા હોલ્ડિંગ, જસ્ટિસ એન્ડ એજ્યુકેશન ફંડ.

થોડાં વર્ષો પહેલાં ન્યૂયોર્ક ટાઈમ્સે એ સમાચાર છાપ્યા

## તંત્રી લેખ

હતા કે સિંઘમે પોતાની એવી જ સંસ્થાઓ દ્વારા ભારતમાં પણ ચીની એજન્ડા ચલાવતા ન્યૂઝ પોર્ટલ ન્યૂઝક્લિકને કરોડો રૂપિયા આપ્યા. તેના પછી આ ન્યૂઝ પોર્ટલના સંસ્થાપક પ્રબીર પુરકાયસ્થની યુએપીએ અંતર્ગત ધરપકડ કરવામાં આવી. એમના પર આરોપ લાગ્યો કે તે સંઘિમ દ્વારા ચીની એજન્ડા ચલાવવાની સાથે જ દેશ વિરુદ્ધ કામ કરી રહ્યા છે. તેમને સુપ્રીમ કોર્ટમાંથી એ કારણે જામીન મળી ગયા કે પોલીસ તેમની ધરપકડનો આધાર નહોતો બતાવ્યો, પરંતુ તેમના વિરુદ્ધ દિલ્હી પોલીસની તપાસ ચાલુ છે. ખબર નહીં તપાસનું પરિણામ શું હશે, પરંતુ ા જ મામલે વિદેશ મંત્રાલય દ્વારા સિંઘમને સમન પાઠવાયા હતા.

ગત દિવસોમાં અમેરિકામાં ઈઝરાયલી દૂતાવાસના બે કર્મચારીઓની હત્યા બાદ નેવિલ રોય સિંઘમનું નામ ઉછળ્યું, કારણ કે ઈઝરાયલીઓનો હત્યારો ઈલિયાસ રોડ્રિગ્સ એ કટ્ટર ડાબેરી સમૂહ પાર્ટી ફોર સોશ્યલિઝમ એન્ડ લિબરેશન (પીએસએલ)નો સદસ્ય હતો, જેને અમેરિકામાં ચીની એજન્ડા ચલાવવા અને ઈઝરાયલ વિરોધી પ્રદર્શનોમાં સામેલ લોકોની મદદ કરવા માટે ઓળખવામાં આવે છે.

ઈઝરાયલીઓની હત્યામાં પોતાનું નામ આવ્યા બાદ પીએસએલે સફાઈ આપી હતી કે એક સમયે રોડ્રિગ્સ તેમની સાથે ચોક્કસ હતો, પરંતુ થોડાં વર્ષો પહેલાં તે અલગ થઈ ગયો હતો. લોકો એના પર વિશ્વાસ કરવા તૈયાર નથી અને તેઓ પીએસએલ અને સિંઘમની સંસ્થાઓની તપાસની માંગ કરી રહ્યા છે. એટલા માટે વધુ, કારણ કે પીએસએલના સદસ્ય ઈઝરાયલ વિરુદ્ધ પ્રદર્શન દરમ્યાન એમ પણ કહેતા રહે છે કે તેમની પાસે સશસ્ત્ર ક્રાંતિનો પણ એક વિકલ્પ છે. ભારતમાં હથિયાર ઉઠાવતા માઓવાદી આ જ વિકલ્પને અપનાવે છે.

ઈઝરાયલી દૂતાવાસના કર્મીઓની હત્યા બાદ રિપબ્લિકન સેનેટર જોન કોર્નિને એફબીઆઈ નિર્દેશક કાશ પટેલ પાસે માંગ કરી કે પીએસએલ અને એવા જ અન્ય તમામ કટ્ટર ડાબેરી સંગઠનોનું ફંડિંગ કરી રહેલા લોકોની તપાસ કરવામાં આવે. હાલના રક્ષામંત્રી માર્કો રુબિયોએ બાઈડન સરકાર સમયે માંગ કરી હતી કે માર્ક્સવાદી સિંઘમની તપાસ કરવામાં આવે, કારણ કે તે હમાસ સમર્થક જૂથોને ફંડિંગ કરી રહ્યો છે. હવે એ કોઈથી છૂપું નથી કે દુનિયાના અનેક દેશોમાં હમાસ જેવા આતંકી જૂથોના સમર્થકો અને લેફ્ટ લિબરલ કહેવાતા ડાબેરી તત્ત્વો એકબીજાની મદદ કરે છે અને સાથે મળીને કામ કરે છે. કોઈ ડાબેરી જ્યારે અતિવાદી થઈ જાય તો તેના માઓવાદી બનવા અને જેહાદી તત્ત્વોનો સહયોગી બનવાનો અંદેશો વધી જાય છે. તેનું તાજું ઉદાહરણ છે ઈલિયાસ રોડ્રિગ્સ.

# ઓએનઓએસ નામની એક નવી યોજનાને મંજૂરી

કેન્દ્રીય મંત્રીમંડળે ગત દિવસોમાં દેશભરના વિદ્યાર્થીઓને વિદ્વાનોના શોધ લેખો અને જર્નલ પ્રકાશન સુધી આસન પહોંચ પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી વન નેશન-વન સબ્સક્રિપ્શન (ઓએનઓએસ) નામની એક નવી યોજનાને મંજૂરી આપી. આ યોજનાના માધ્યમથી દેશના લગભગ ૧.૮ કરોડ વિદ્યાર્થી, શિક્ષક અને શોધકર્તા વિશ્વ સ્તર પર પ્રકાશિત થઈ રહેલા ૧૩,૦૦૦ થી વધુ ઈ-જર્નલ સુધી આસાન પહોંચ હાંસલ કરી શકશે. ઓએનઓએસ યોજના માત્ર મોટા મહાનગરો પૂરતી જ નથી, પરંતુ ટિયર-૨ અને ટિયર-૩ શહેરોમાં રહેતા વિદ્યાર્થીઓ, શોધકર્તાઓ અને શિક્ષકોને પણ વૈશ્વિક સ્તર પર સર્જિત થઈ રહેલા જ્ઞાનનો લાભ ઉઠાવવાનો અવસર પ્રદાન કરશે. વાસ્તવમાં વૈજ્ઞાનિક અને શૈક્ષણિક પ્રગતિ ત્યારે જ પ્રાપ્ત કરી શકાય, જ્યારે વૈશ્વિક જ્ઞાન સુધી પહોંચ સુલભ થાય. સંશોધન અને વિકાસ જ આપણા બધા માટે બહેતર જીવનનાં દ્વાર ખોલે છે. ભારત છેલ્લા કેટલાક વર્ષોમાં શ્રમ આધારિત અર્થવ્યવસ્થાને કૌશલ આધારિત અર્થવ્યવસ્થામાં બદલવાનું કામ કરી રહ્યું છે.

૧૫ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ પોતાના સ્વતંત્રતા દિવસ સંબોધન દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતની પ્રગતિમાં સંશોધન અને વિકાસની મહત્ત્વપૂર્ણ ભૂમિકા વિશે વાત કરી હતી અને જય જવાન-જય કિસાન-જય વિજ્ઞાન બાદ 'જય અનુસંધાન' ઉમેર્યું હતું.સરકારની આ પહેલ ગુણવત્તાપૂર્ણ ઉચ્ચ શિક્ષણ અને શોધ સુધી શહેરી અને સાથે જ ગ્રામીણ ક્ષેત્રના યુવાઓની પહોંચને આસાન બનાવશે. આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, વિકસિત ભારત અને નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનના લ-યોને અનુરૂપ છે, જે ભારતીય શિક્ષણ જગત અને યુવા સશક્તીકરણ માટે ગેમ ચેન્જર સાબિત થશે. આ યોજનાનું લ-ય એ સંસ્થાઓ માટે શોધ પત્રિકાઓ સુધી પહોંચનો વિસ્તાર કરવાનો છે, જેની પાસે પર્યાપ્ત સંસાધનોની ઉણપ છે.

આ પ્લેટફોર્મ પહેલી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ શરૂ થવાનું છે. આ મંચ પર એલ્સેવિયર સાયન્સ ડાયરેક્ટ (લાન્સેટ સહિત), સ્પ્રિંગર નેચર, વિલી બ્લેકવેલ પબ્લિશિંગ, ટેલર એન્ડ ફ્રાન્સિસ, આઈઈઈઈ, સેજ પબ્લિશિંગ, અમેરિકન કેમિકલ સોસાયટી, અમેરિકન મેથેમેટિકલ સોસાયટી, ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ અને બીએમજે જર્નલ્સ સહિત ૩૦ આંતરરાષ્ટ્રીય પ્રકાશકો દ્વારા પ્રકાશિત ૧૩૦૦૦ પત્રિકાઓ ઉપલબ્ધ હશે. હાલમાં વિભિન્ન મંત્રાલયો અંતર્ગત દસ અલગ-અલગ પુસ્તકાલય સંઘ છે, જે પોતાના પ્રશાસનિક દાયરામાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે પત્રિકાઓ સુધી પહોંચ પ્રદાન કરે છે.

અલગ-અલગ સંસ્થાઓ અલગ-અલગ પત્રિકાઓની સદસ્યતા લે છે. વૈજ્ઞાનિક પત્રિકાઓની સદસ્યતા બહુ મોંઘી હોય છે. ઓએનઓએસ શરૂ થવાથી તે બહુ સસ્તી થઈ જશે. એક જ મંચ પર તમામ પત્રિકાઓ ઉપલબ્ધ થવાથી શોધાર્થીઓએ બધે ભટકવું નહીં પડે.શોધ અંતર્દષ્ટિ ડેટાબેઝ સ્કિવલ અનુસાર ૨૦૧૭ અને ૨૦૨૨ વચ્ચે ભારતના શોધ પ્રકાશનમાં ૫૪ ટકાનો વધારો થયો, જે વૈશ્વિક સરેરાશ (૨૨ ટકા)ના બે ગણાથી પણ વધારે છે. ભારત શોધ પત્રિકાઓના પ્રકાશનમાં ચોથું સ્થાન (૧૩ લાખ અકાદમિક પેપર) રાખે છે, જે ચીન (૪૫ લાખ), અમેરિકા (૪૪ લાખ) અને બ્રિટન (૧૪ લાખ)ના ઠીક બાદ છે, પરંતુ જ્યારે ઉત્પાદિત શોધના પ્રભાવની વાત આવે છે. સરકારી થિંક ટેંક નીતિ આયોગ અને ઈન્સ્ટિટ્યૂટ ફોર કોમ્પિટિટિવનેસ દ્વારા કરવામાં આવેલ એક અધ્યયન અનુસાર ભારતનું સંશોધન અને વિકાસ પર આ ખર્ચ દુનિયામાં સૌથી ઓછો છે.

દેશની નવાચાર સફળતામાં એક બીજી અડચણ સંશોધન અને વિકાસ કર્મીઓની ઓછી સંખ્યા છે. યુનેસ્કો ઈન્સ્ટિટ્યૂટ ઓફ સ્ટેટેસ્ટિક્સ અનુસાર દર દસ લાખ આબાદી પર માત્ર ૨૫૩ વિજ્ઞાની કે શોધકર્તા છે, જે વિકસિત રાષ્ટ્રોની તુલનામાં ઘણા ઓછા છે. ખાનગી ક્ષેત્રનું યોગદાન સંશોધન અને વિકાસ પર સકલ ખર્ચના ૪૦ ટકાથી ઓછા છે, જ્યારે ઉન્નત દેશોમાં તે ૭૦ ટકાથી વધારે છે. દુનિયામાં સંશોધન અને વિકાસ પર ખર્ચ કરવા મામલે શીર્ષ ૨૫૦૦ કંપનીઓની યાદીમાં માત્ર ૨૬ ભારતીય કંપનીઓ છે.

જ્યારે ચીની કંપનીઓની સંખ્યા ૩૦૧ છે. આ અંતરને પ્રાથમિકતાના ધોરણે ઘટાડવાની જરૂર છે. ચીનનો મુકાબલો કરવા માટે તેની પાસે શીખવું ખોટું નથી. ઈઝરાયલ પાસે પણ શીખવું જોઈે, જેણે એ દેખાડી દીધું છે કે એક નાનકડો દેશ હોવા છતાં સંશોધન અને વિકાસમાં રોકાણને પ્રાથમિકતા આપીને સતત વિકાસ હાંસલ કરી શકાય છે. ભારતમાં ખાનગી કંપનીઓ વેચાણ અને વિતરણમાં રોકાણ કરે છે અને સંશોધન તથા વિકાસમાં પૂરતું રોકાણ નથી કરતી. આ જ કારણ છે કે ભારતીય બ્રાન્ડ નવાચાર નથી કરી રહી, જેને કારણે ભારતીય નિર્માતા વિશ્વ સ્તર પર અનુકરણીય ઉત્પાદન નથી બનાવી રહ્યા અને વિશ્વ બજારમાં ચીનનો સામનો નથી કરી શકતા. હવે સમય આવી ગયો છે કે મેક ઈન ઈન્ડિયા માટે સંશોધન અને વિકાસ પર ફરીથી ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે.ભારત પાસે નવાચારના વૈશ્વિક ચાલક બનવા માટે જરૂરી તમામ સામગ્રીઓ, એક મજબૂત બજાર ક્ષમતા, અસાધારણ પ્રતિભાવાન આબાદી અને મિતવ્યયી નવાચારની એક સંપન્ન સંસ્કૃતિ છે. જરૂર છે માત્ર કાચી પ્રતિભાઓની ખાણને યોગ્ય માર્ગદર્શનની. વાસ્તવમાં એક મજબૂત અર્થવ્યવસ્થા હોવા માટે દેશ પાસે દીર્ઘકાલીન અને સાર્થક સ્તર પર જ્ઞાન પ્રણાલીની જરૂર છે.

# ભારતમાં જીએસટી દરથી કિંમતોના મોરચે પારદર્શિતા પણ વધશે

જીએસટીને લાગુ થયે સાત વર્ષ થઈ ગયાં. જીએસટી જેવી વ્યવસ્થાનું સૂચન પહેલી વાર ૨૦૦૦માં વિજય કેલકર ટાસ્ક ફોર્સની અનુશંસા બાદ સામે આવ્યું હતું, પરંતુ તે એક જટિલ મુદ્દો હતો તેથી તેના પર વ્યાપક સહમતિ બનાવવી મુશ્કેલ સાબિત થયું. એ જ કારણે જીએસટીને સાકાર રૂપ લેવામાં સત્તર વર્ષ લાગી ગયાં. પોતાના પહેલા કાર્યકાળમાં એના પર રાજકીય સહમતિ બનાવવી મોદી સરકારની એક મોટી ઉપલબ્ધિ રહી. તેણે કેટલાય પ્રકારના કેન્દ્રીય અને રાજ્યોના કરોને એકીકૃત કરીને ટેક્સ વ્યવસ્થાને સુગમ અને સહજ બનાવવાનું કામ કર્યું. હાલમાં જીએસટીની ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકા દરોની ચાર શ્રેણીઓ છે. કેટલીક જરૂરી વસ્તુઓ તેના દાયરાથી મુક્ત છે. આ એકીકૃત કર વ્યવસ્થાએ કેટલાય પડાવો પર લાગનાર વિભિન્ન કરોની જગ્યા એક વારની કર ચૂકવણીને સુનિશ્ચિત કરી. તેનાથી સમગ્ર કર બોજ ઘટવાની સાથે જ આર્થિક સક્ષમતા વધી છે. તેના માધ્યમથી કર સંગ્રહ પણ સતત વધી રહ્યો છે. આ વર્ષે મેમાં ૧.૭૩ લાખ કરોડ રૂપિયા જીએસટી દ્વારા પ્રાપ્ત થયા. આ રકમ ગયા વર્ષની સમાન અવધિની તુલનામાં ૧૦ ટકા વધારે રહી. જોકે જીએસટીના મૂળ સ્વરૂપમાં કેટલીય જોગવાઈઓને તેના આરંભમાં સામેલ નહોતી કરવામાં આવી તેથી આ કર વ્યવસ્થામાં સુધારાની પણ રહી-રહીને ચર્ચા જોર પકડતી રહે છે. આ બાબતે જીએસટી પરિષદની છેલ્લી બેઠકમાં નાણાં મંત્રી નિર્મલા સીતારમણે પેટ્રોલિયમ ઉત્પાદનોને જીએસટીના દાયરામાં લાવવા મુદ્દે ચર્ચા કરી હતી. જે સમયે જીએસટી લાગુ કરવામાં આવ્યો ત્યારે નાણાં મંત્રી રહેલા અરુણ જેટલીએ પણ એવા પ્રસ્તાવની તરફદારી કરી હતી. હવે આ મુદ્દાએ નવેસરથી જોર પકડ્યું છે. જીએસટીને વ્યાપક સ્વરૂપે જોવામાં આવે તો એવી કોઈપણ પહેલ બહુ સાર્થક અને ઉપયોગી સાબિત થશે.

પેટ્રોલિયમ પેદાશોને જીએસટીના દાયરામાં લાવવાના મુદ્દા પર રાજ્યોએ શરૂઆતથી જ નન્નો ભણ્યો છે. તેનું કારણ પણ બહુ સીધું છે કે તેમને આ ઉત્પાદનોથી ભારે કર આવક થાય છે. અલગ-અલગ રાજ્યોએ પેટ્રોલિયમ ઉત્પાદનો પર પોતાની સગવડના હિસાબે વેટ લગાવ્યો છે. જ્યારે કેન્દ્ર સરકાર પ્રતિ લીટરના આધાર પર ઉત્પાદન શુલ્ક લગાવે છે, જેના દરો આખા દેશ માટે એકસમાન હોય છે. કેન્દ્ર અને રાજ્યોના ભેગા કરથી ઉપભોક્તા માટે ઈંધણના ભાવ બહુ જ વધી જાયછે. જો પેટ્રોલિયમ ઉત્પાદનો જીએસટીના દાયરામાં આવે તો જરૂર રેવન્યુ ન્યુટ્રલ રેટને કારણે દેશભરમાં એકસમાન કિંમતો સંભવ થઈ શકે છે. તેનાથી જે રાજ્યમાં પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવ ઓછા છે, ત્યાં તેમાં વધારાની આશંકા હશે, જેના પોતાના રાજકીય જોખમ હશે. સાથે જ જે રાજેયમાં કિંમત અત્યધિક ઊંચી છે ત્યાં ભાવ ઘટી જશે.

જો પેટ્રોલિયમ ઉથ્પાદનોને જીએસટીનો હિસ્સો બનાવવામાં આવે તો તેના કેટલાય ફાયદા જોવા મળશે. તેનાથી આર્થિક સક્ષમતા વધશે અને ગ્રાહકોને પણ ફાયદો થશે. હાલમાં પેટ્રોલિયમ ઉત્પાદનો પર કેન્દ્ર અને રાજ્યોના સ્તર પર બહુસ્તરીય કર વ્યવસ્થા લાગુ છે. તેનાથી કિંમતોનું એક જટિલ અને મનમાફક માળખું બની ગયું છે. આ ઉત્પાદનોને જીએસટીના દાયરામાં લાવવાથી દેશભરમાં માનક દરો લાગુ થશે અને કિંમતોના સ્તર પર વિસંગતિઓ ખતમ થસે. જીસટીમાં આવવાથી કરોનું સ્તર ઘટવાથી કિંમતો નરમ થવાની સંભાવના છે. તેનાથી લોકોને અને વેપારી ઉપભોક્તાઓને ભારે રાહત મળશે. એકસમાન જીએસટી દરથી કિંમતોના મોરચે પારદર્શિતા પણ વધશે. જ્યારે તમામ રાજ્યોમાં એકસમાન કર વ્યવસ્થા લાગુ થશે તો એક નિર્બાધ રાષ્ટ્રીય બજારનો વિકાસ થશે, જે જીએસટીના મૂળભૂત ઉદ્દેશ્યોમાં એક છે. તેનાથી રાજ્યો વચ્ચે પેટ્રોલિયમ ઉત્પાદનોની સુગમ આવાજાહી સુનિશ્ચિત થશે. માલ વહનનો ખર્ચ ઘટશે અને પૂરવઠા શૃંખલામાં પણ સુધાર થશે. રાજ્યોની સીમા પર ટેક્સ બેરિયર હટવાથી માલ વહનની ગતિ અને તેમાં તેલની ખપત પણ ઓછી થશે. તેનાથી સમગ્ર અર્થવ્યવસ્થાને લાભ મળશે.જીએસટીથી રાજ્યોને રાજસ્વના તાત્કાલિક નુક્સાનની આશંકા સતાવી શકે છે, પરંતુ વ્યાપક કર દાયરા અને તેનાથી વધતી સક્ષમતાથી લાભાન્વિત થઈને તેની ક્ષતિપૂર્તિ સંભવ છે. જીએસટી પરિષદ રાજ્યો વચ્ચે કર રાજસ્વનું ન્યાયસંગત વિતરણ સુનિશ્ચિત કરી શકે છે.

# રેલીમાં કસૂરીની સાથે સાથે

મોટાભાગના દેશોમાં ખેલજગતના સિતારા, સેલિબ્રિટી, ઈન્ફલુએન્સર્સ અને રાજનેતાની રેલીમાં તેમને સાંભળવા પ્રશંસકોની ભીડ આવે છે. પરંતુ પાકિસ્તાન મામલે આ કહાની થોડી ઉલટી છે. પડોશી દેશ મામલે તમામ સ્ટાર્સ અને પોલિટિશિયન્સ નહીં, પરંતુ લશ્કરે તૈયબા, જૈશે મોહંમદ જેવા સંગઠનો સાથે જોડાયેલા આતંકવાદી ભીડને પોતાના તરફ ખેંચવાનું કામ કરે છે. પહેલગામમાં હિંદુ પ્રવાસીઓનો ધર્મ પૂછીને કરાયેલ હત્યાઓનો માસ્ટરમાઈન્ડ પાકિસ્તામાં ખુલ્લા મંચ પરથી એક નિવેદન આપી રહ્યો છે. તે કહે છે કે ભારતે મારા પર પહેલગામનો આરોપ લગાવ્યો. હવે આખી દુનિયા મારું નામ જાણે છે. ૨૮ મેથી આ નિવેદન છવાઈ ગયું છે. જે મંચથી સૈફુલ્લાહ કસૂરીએ આ વાત કરી, તેની આસપાસ કેટલાય લોકો બેઠેલા દેખાયા. આ આતંકી પહેલાં તો છૂપાઈને ફરતો હતો, પરંતુ હવે સરેઆમ મંચો પર દેખાવા લાગ્યો છે. આપણે ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાનમાં હાડકાં-પાંસળાં ખોખરાં કરી નાખ્યાં, પરંતુ આ આતંકીઓની તસવીર હજુ પણ સાક્ષી પૂરે છે કે પાકિસ્તાન સુધરવાનું નથી. કઈ રીતે શાહબાઝના બે મંત્રી મંચ પર આતંકીઓ સાથે બેઠેલા જોવાયા. પાકિસ્તાનના પંજાબ પ્રાંતનો કસૂર જિલ્લો જ્યાં એક જાહેર રેલીમાં સૈફુલ્લાહ સાથે લશ્કરે તૈયબાને બનાવનારા હાફિઝ સઈદનો પુત્ર તલ્હા સઈદ પણ જોવા મળ્યો. તેમની સાથે શાહબાઝ સરકારના બે મંત્રીઓ અને સેનાના પણ કેટલાક લોકો હાજર રહ્યા!

લશ્કરનો કમાન્ડર સૈફુલ્લાહ કસૂરી મંચ પરથી ભાષણ આપતો હતો ત્યારે પાકિસ્તાનનો ખાદ્ય મંત્રી મલિક રશીદ અહમદ ખાન અને પંજાબ વિધાનસભાનો અધ્યક્ષ મલિક મુહંમદ અહમદ ખાન મંચ પર બેસીને તેનું ભાષણ સાંભળતા હતા. પાકિસ્તાનના પરમાણુ પરીક્ષણોના વાર્ષિક સ્મરણોત્સવ યૌમ-એ-તકબીરના અવસરે પાકિસ્તાન મરકજી મુસ્લિમ લીગ (પીએમએમએલ) દ્વારા રેલી આયોજિત કરવામાં આવી. આ એ દિવસ છે જ્યારે પાકિસ્તાન પોતાના પરમાણુ પરીક્ષણની વર્ષગાંઠ ઉજવે છે. પરંતુ હંમેશની જેમ આ વખતે પણ ભારત વિરુદ્ધ પોતાનો નાપાક ઈરાદો જાહેર કર્યો અને તેની સાથે જ આતંકીઓને પાકિસ્તાને પોતાના રાષ્ટ્રીય પ્રતીક ગણાવ્યા. ભીડને સંબોધિત કરતાં આતંકી કસૂરીએ મુદસ્સિર શહીદના નામે બહાવલપુરના ઈલાહાબાદમાં એક સેન્ટર, સડક અને હોસ્પિટલ બનાવવાની યોજનાની જાહેરાત કરી. ગુપ્તચર સૂત્રો અનુસાર મુદસ્સિર અહમદ પહેલગામ નરસંહાર બાદ ભારતના જવાબી 'ઓપરેશન સિંદૂર' હુમલામાં માર્યા ગયેલા કેટલાય હાઈપ્રોફાઈલ આતંકવાદીઓમાંનો એક હતો. કસૂરીએ વડાપ્રધાન મોદીના પહેલાંના ભાષણનો હવાલો આપતાં કહ્યું કે તે ગોળીઓથી ડરતો નથી. કસૂરીએ કહ્યું કે નરેન્દ્ર મોદી સમજે છે કે અમે ગોળીઓથી ડરી જઈશું? એ તમારી ભૂલ છે. લશ્કરે તૈયબા આંતરરાષ્ટ્રીય સ્તર પર અને પાકિસ્તાનની અંદર પ્રતિબંધિત છે, પીએમએમએલ જેવા સમૂહોએ તેના નેતૃત્વને રાજકીય અને વૈચારિક પ્રાસંગિકતા બનાવી રાખવામાં સક્ષમ બનાવ્યું છે.

એનાથી પણ વધુ ચોંકાવનારી વાત એ છે કે રેલી કરનારા આતંકવાદીમાં પાકિસ્તાની સુરક્ષા દળોની સાથે સાથે સરકારી અધિકારી પણ હાજર હતા. કસૂરી સતત ભારત વિરોધી ટિપ્પણીઓ કરી રહ્યો હતો અને પાકિસ્તાની સરકારના બે મંત્રીઓ ત્યાં જ હાજર હતા. આ બંને મંત્રીઓએ વ્યક્તિગત રૂપે કસૂરીનું મંચ પર સ્વાગત કર્યું અને તેને ભેટ્યા. મંત્રી મલિક રશીદે ખુલ્લેઆમ ઘોષણા કરી કે આજે ૨૪ કરોડ પાકિસ્તાનીઓનું પ્રતિનિધિત્વ હાફિઝ સઈદ એ સૈફુલ્લા જેવા લોકો કરી રહ્યા છે.

રેલીમાં કસૂરીની સાથે સાથે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રતિબંધિત આતંકવાદી તલ્હા સઈદ પણ સામેલ થયો. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રતિબંધિત આતંકવાદી અને ૨૬/૧૧ મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ હાફિઝ સઈદનો પુત્ર તલ્હા સઈદે પણ ભારત વિરુદ્ધ ઝેર ઓકવામાં કસર ન છોડી. ૨૮ મેના રોજ આયોજિત રેલીની વીડિયો ક્લિપમાં તલ્હા સઈદને અન્ય રાજનેતાો સાથે મંચ પર પંજાબ વિધાનસભાના અધ્યક્ષ મલિક અહમદ ખાનનું સ્વાગત કરતાં દેખાડાયો છે. હાફિઝ સઈદની સાથે સાથે 'ફેઈલ્ડ માર્શલ' અસીમ મુનીરનાં પોસ્ટર પણ આ રેલીમાં લહેરાવાયાં. રેલી દરમ્યાન તેણે કહ્યું કે આજે પાકિસ્તાનથી ભારત માટે એક સંદેશ આવ્યો છે. અમે 'ઓપરેશન બનયાન અલ-મર્સસ'માં જીત હાંસલ કરી છે અને અલ્લાહે અહીં અમારી હાજરી સ્વીકાર કરવી જોઈએ.

# સરકારે બુનિયાદી સ્તર પર કેટલાય સુધાર કરવા પડશે!

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતના નિર્માણ માટે સ્વદેશી ઉત્પાદનોનું જે રીતે ખુલ્લેઆમ સમર્થન કર્યું છે, તે સ્વાગતયોગ્ય છે. દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવવા માટે દિવાળી પહેલાં વિદેશી લાઈટો અને હોળી પહેલાં વિદેશી પિચકારીઓનો બહિષ્કાર કરવો જ પૂરતું નથી. આપણે આપણા ઉદ્યોગોને મજબૂત પણ કરવા પડશે. વડાપ્રધાને ગણેશજીની પ્રતિમાઓનો ઉલ્લેખ કરતાં જે દેશ તરફ સંકેત કર્યો, તે દુનિયાભરમાં પોતાનો માલ વેચવા માટે ઓળખાય છે. મોદીએ સત્ય કહ્યું કે દેશને બચાવવો, બનાવવો અને આગળ વધારવો હોય તો માત્ર સૈનિકોની જ નહીં, ૧૪૦ કરોડ નાગરિકોની જવાબદારી છે. પરંતુ આ કેવી રીતે થશે? તેના માટે આપણે સ્વતંત્રતા આંદોલનના આપણા મહાન નેતાઓ વિશે વાંચવું જોઈએ. મહાત્મા ગાંધી, બાલ ગંગાધર તિલક, સરદાર પટેલ, નેતાજી સુભાષ ચંદ્ર બોઝ વગેરેએ સ્વદેશી ચીજોના ઉપયોગ અને વિદેશી ચીજોના બહિષ્કારનું બહુ મોટું અભિયાન ચલાવ્યું હતું. બીજા વિશ્વયુદ્ધ બાદ જાપાન, જર્મની, ઈટલી જેવા દેશોની અર્થવ્યવસ્થાઓ ચોપટ થઈ ગઈ હતી. આ દેશો ખંડેરમાંથી ફરીથી બેઠા થઈ ગયા. તેમણે આ મુકામ સ્વદેશી ચીજોને ઉત્તેજન આપીને હાંસલ કર્યો હતો. ભારતે પણ બહુ પ્રગતિ કરી છે, પરંતુ તે એના કરતાં વધારેનું હકદાર છે. આજે આપણે ચોથા સ્થાન પર નહીં, પહેલા સ્થાન પર હોવા જોઈતા હતા. તેના માટે ગુણવત્તાયુક્ત ચીજોનું ઉત્પાદન થવું જરૂરી છે.ગત દિવસોમાં સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ બહુ વાયરલ થઈ હતી, જેમાં દાવો કરાયો હતો કે ભારતના એક રાજ્યમાં કોઈને લોટ દળવાની ઘંટી લગાવવી હોય તો સરકારી ઓફિસોમાંથી મંજૂરી લેવી પડે છે. જ્યારે એક નાનકડો ઉદ્યોગ લગાવવા માટે આટલા ચક્કર કાપવા પડે તો પછી 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ની હકીકત સામે આવી જાય છે. સરકારે ઉદ્યોગ શરૂ કરવાનું એકદમ આસાન કરી દેવું જોઈએ.

ઉદાહરણ તરીકે, જો ગામમાં કોઈને પાપડ અને અથાણાં ઉદ્યોગ ચાલુ કરવો હોય તો પૂરી પ્રક્રિયા ડિજિટલ હોવી જોઈએ અને તમામ ઓફિસોમાંથી એક જ દિવસમાં મંજૂરી મળી જવી જોઈએ. ત્યારબાદ સંબંધિત વિભાગોના અધિકારી ખુદ જઈને એ વ્યક્તિને સલાહ આપે અને સહયોગ માટે હંમેશાં તૈયાર રહે. તેને વીજળી-પાણી કનેક્શન લેવા અને બેંક ખાતાં ખોલાવવા માટે કોઈ ઓફિસોના ધક્કા ન ખાવા પડે. જે વ્યક્તિ ઉદ્યોગ લગાવે છે, તે દેશને કેટલીય રીતે લાભ પહોંચાડે છે, શક્તિશાળી બનાવે છે. તેને કારણે અન્ય કેટલાય લોકોને રોજગાર મળે છે. તેનાથી માંગ વધે છે અને અર્થવ્યવસ્થાનું ચક્ર ચાલે છે.

સરકારે બુનિયાદી સ્તર પર કેટલાય સુધાર કરવા પડશે. ઉદ્યોગ શરૂ કરવાને જેટલું આસાન બનાવાશે, બેરોજગારી જેવી સમસ્યા એટલી જ જલ્દી સમાધાન થશે. વિદ્યાર્થીઓમાં સ્કૂલના દિવસોથી જ એ માનસિકતા વિકસિત કરવી પડશે કે તેઓ મોટા થઈને ઉદ્યમી બનશે. તેના માટે અભ્યાસક્રમમાં અધ્યાય ઉમેરવામાં આવે. તેનાથી વિદ્યાર્થીઓને પ્રેરણા મળશે. જૂન ૨૦૨૦માં જ્યારે ગલવાન ઘાટીમાં પીએલએ સાથે ભારતીય સેનાની અથડામણ થઈ હતી અને આપણા દેશમાં ચીની માલના બહિષ્કારના અભિયાને જોર પકડ્યું હતું, ત્યારે બેજિંગથી પ્રકાશિત થનારા એક અખબારના સંપાદકે તેની મજાક ઉડાવતાં લખ્યું હતું, 'ભલે ભારતીય લોકો ચીની ઉત્પાદનોનો બહિષ્કાર કરવા માગે, પરંતુ તેમને વાસ્તવમાં બહુ વધારે ભારતીય સામાન નહીં મળી શકે.

તમારી પાસે કેટલીક એવી ચીજો હોવી જોઈએ જે રાષ્ટ્રવાદથી પણ વધારે મહત્ત્વપૂર્ણ હોય.' આપણે તેનો જવાબ ઉદ્યમિતા દ્વારા આપવો પડશે. આપણે સ્વદેશીને અપનાવીને અને ઉદ્યમિતાને ઉત્તેજન આપીને આપણી અર્થવ્યવસ્થાને સશક્ત કરી શકીએ છીએ, બલ્કે વિશ્વ મંચ પર ભારતને અગ્રણી બનાવી શકીએ છીએ.

**સાથે આવે તેવી કમાણીઃ** એક દુકાનદાર હતો. તે આખો દિવસ ચીજોનું વેચાણ કરતો અને સાંજે ઘરે આવીને દિવસભરનો હિસાબ કરતો. જોતો કે ક્યાંક કશુંક ઓછું-વત્તું તો નથી થયું ને! તે દિવસભરના વેચાણના પૈસાને ગણતો અને તેને ભેગા કરીને તિજોરીમાં મૂકી દેતો.

એક દિવસે તે હિસાબ કરી રૂપિયા ગણી રહ્યો હતો કે એક સાધુ આવ્યા. સાધુને જોતાં જ દુકાનદારે પૈસા એક તરફ છૂપાવવાનો પ્રયત્ન કર્યો. સાધુએ સ્મિત કર્યું, 'આ શું કરો છો? હિસાબ જોઈ લો.'દુકાનદારે કહ્યું, 'કોઈ વાત નહીં. આ કામ બાદમાં થઈ જશે.' આ સાંભળીને સાધુ થોડી વાર ચૂપ રહ્યા, પછી બોલ્યા, 'તમે દિવસભરના પૈસાની કમાણીનો હિસાબ કરતા છો, પરંતુ એ કહો કે શું ક્યારેય તમે એ કમાણીનો પણ હિસાબ કર્યો છે, જેના માટે આ જીવન મળ્યું છે?'

દુકાનદાર સાધુ સામે મોં વકાસીને જોઈ રહ્યો, પરંતુ કશું બોલી ન શક્યો. સાધુ બોલ્યા, 'ઓ ભાઈ, જેને તું ગણે છે અને સાચવીને તિજોરીમાં મૂકે છે, તે તો ત્યાં જ રહી જવાના છે. અરે ભલા માણસ, એ કમાણી કર, જે તારી સાથે જવાની છે. આત્મા અમર છે. એના પર પડેલા મોહના પરદાને હટાવીને દૂર કરી દે.' દુકાનદારને સત્યનો બોધ થયો. તેણે સાધુની આગળ નમ્ર થઈને કહ્યું, 'મહારાજ, મારી આંખો બંધ હતી. તમે તો ખોલી નાખી. હું તમારો જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે.' સાધુએ દુકાનદારને આશીર્વાદ આપ્યા અને પોતાના માર્ગે નિકળ્યા.

**અક્ષમ્ય વિલંબઃ** ભારતીય ઉદ્યોગ પરિસરના શિખર સંમેલનમાં એર ચીફ માર્શલ એ.પી. સિંહે સંરક્ષણ સોદા અને સંરક્ષણ સામગ્રીના નિર્માણની પરિયોજનાઓમાં વિલંબને લઈને રોકડી વાત કહી છે. તેઓ આવી જ ખરી વાતો કરવા માટે ઓળખાય છે. તે સારું પણ છે, કારણ કે રક્ષાના મોરચે કોઈપણ પ્રકારનો વિલંબ અક્ષમ્ય જ ગણવો જોઈએ. આના પહેલાં તેમણે યુદ્ધ વિમાન તેજસના નિર્માણમાં વિલંબ પર પણ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. હવે તેમણે એ કહેવામાં સંકોચ ન રાખ્યો કે હથિયારો અને રક્ષા ઉપકરણોના નિર્માણની કોઈ પરિયોજના સમય પર પૂરી નથી થતી. તેમની એ વાત પણ સાચી છે કે બીજા દેશોથી રક્ષા સામગ્રીની ખરીદીના જે સોદા થાય છે, તે અંતર્ગત મળનારી સામગ્રીના પૂરવઠામાં પણ વિલંબ થાય છે. તેનાં કેટલાંય ઉદાહરણો છે. પહેલાં તો સંરક્ષણ સોદાઓને અંતિમ રૂપ આપવામાં જ સારો એવો સમય લાગી જતો હતો. તેને કારણે જરૂરિયાત કરતાં વધુ વિલંબ થતો હતો. તેની અવગણના ન કરી શકાય કે મનમોહન સરકાર લાંબા સમય સુધી રાફેલ કે એના જેવા અન્ય વિમાનની ખરીદીનો નિર્ણય જ નહોતી લઈ શકી. જોકે મોદી સરકાર રક્ષા સોદા તત્પરતાથી કરવાની સાથે જ દેશમાં જ સરકારી અને ખાનગી ક્ષેત્રના સહયોગથી રક્ષા સામગ્રીના નિર્માણ તરફ વધારે ધ્યાન આપ્યું છે અને તેના સકારાત્મક પરિણામ પણ મળ્યાં છે, પરંતુ આ મોરચે વધુ સક્રિયતા દેખાડવાની જરૂર છે.



# નસબંધીમાં પુરુષો સ્ત્રીઓના સમોવડિયા ક્યારે બનશે?

નસબંધી. સાચું કહેજો. આ શબ્દ વાંચીને કોની યાદ આવી ગઈ? ઘણાને યાદ હશે, કેટલાકને યાદ અપાવવી પડશે. ચાલો, જેમને યાદ નથી એમને યાદ અપાવીએ. ઈમરજન્સી વખતે ઈન્દિરા ગાંધીના સુપુત્ર સંજય ગાંધીના કરતૂતોએ નસબંધીને કુખ્યાતી અપાવી અને આ શબ્દ અપશબ્દ કે ગાળ બની ગયો. કહેવાય છે કે શાહબજાદા સંજય ગાંધીએ ભારતીય ઈતિહાસમાં કટોકટી નામે ચીતરાયેલા એ કાળ દરમિયાન પુરુષોને પકડી પકડીને પરાણે નસબંધી કરાવી નાખેલી. ખેર, આપણે એ કાળમુખા સમય અને સંજય ગાંધીની નસ દબાવવી નથી કે પકડવી પણ નથી. પણ એક હકીકત પ્રત્યે ધ્યાન ખેંચવું છે કે પુરુષ નસબંધીથી ભાગી રહ્યો છે. કોઈએ આંકડાઓને ભલે ભ્રામક કહ્યા પણ આંકડા બોલતા હોય છે. અને બોલતા આ આંકડા ભલે સંભળાય નહીં, પણ વંચાતા જરૂર હોય છે.

(તાજેતરમાં 'વર્લ્ડ પોપ્યુલેશન ડે' ગયો એ નિમિત્તે મુંબઈ મહાનગર પાલિકાએ બહાર પાડેલા આંકડા જોઈએ તો ખયાલ આવશે કે મહિલાઓની સરખામણીએ નસબંધી કરાવનારા પુરુષોની સંખ્યા અલ્પ છે.) બૃહદ મુંબઈ મહાનગર પાલિકાની વિવિધ હૉસ્પિટલોમાં વર્ષ ૨૦૨૨થી ૨૦૨૩ દરમિયાન ૧૪,૫૦૯થી વધુ મહિલા-પુરુષોની નસબંધી કરવામાં આવી. આમાં નસબંધી કરાવનારી મહિલાઓની સંખ્યા ૧૪,૦૨૯ હતી અને પુરુષોનો આંકડો સાવ નજીવો એટલે કે ૪૮૦ હતો. હજી આગળ વાંચો. ૩,૮૯૫ સ્ત્રીઓએ ગર્ભનિરોધક ઈન્જેક્શન લીધા હતા અને ૩૯,૪૭૭ મહિલાઓએ કોપર-ટીનો પર્યાય પસંદ કરેલો. ઉપરાંત મહાનગર પાલિકાએ ૧૪,૫૮૧ ગર્ભનિરોધક ગોળીઓનું વિતરણ પણ કર્યું હતું.

બીએમસી વસતિને નિયંત્રણમાં રાખવા આખું વર્ષ જનજાગૃતિ અભિયાન ચલાવે છે. ઘરેઘરે ફરીને લોકોને સમજાવે છે છતાં વસતિ વિસ્ફોટથી ફાટફાટ થતા મુંબઈ મહાનગરમાં (આમ તો આખો દેશ વિસ્ફોટની સમસ્યાથી ખદબદે છે, જેની વાત પછી) સંતતિ નિયમનનો ઠેકો શું માત્ર સ્ત્રીઓનો જ છે, પુરુષોની કોઈ જવાબદારી જ નથી? પેટિયું રળવા કે કુટુંબને સુખી રાખવા પુરુષ સમોવડી બનીને મહેનત કરતી સ્ત્રીઓ પોતાની ફરજ નિભાવે અને પુરુષો એની જવાબદારીમાંથી કોઈપણ કારણસર છટકી જાય? ગુજરાતમાં પણ 'નાનું કુટુંબ સુખી કુટુંબ'ની જવાબદારી સ્ત્રીઓને માથે હોય એવું ચિત્ર ઊપસ્યું છે. આપણા ગુજરાતમાં ગયા વરસે ત્રણ લાખ આઠ હજાર સ્ત્રીઓએ નસબંધી કરાવી. આની સામે પુરુષોની સંખ્યા માત્ર એક હજાર બસો ને ત્રેવીસ હતી. સમજ ગયેના કે અન્ય જવાબદારીઓની જેમ પુરુષો કુટુંબ નિયોજનની જવાબદારી પણ મહિલાઓ પર નાખીને પોતાના હાથ ખંખેરી નાખે છે. લાગે છેને સ્ત્રીઓનું પલડું ભારે? માત્ર 'વર્લ્ડ પોપ્યુલેશન ડે' દરમિયાન જ નહીં પણ શુભચિંતકો,

બૌદ્ધિકો, કેળવણીકારો અને અન્ય સૌ કોઈ દેશની વધતી જતી વસતિની સમસ્યાથી ચિંતિત છે. એક સમયે વિશ્ર્વમાં સૌથી વધુ વસતિ ધરાવતા દેશમાં ચીનનું નામ મોખરે હતું, પણ સખેદ કહેવું પડે છે કે તાજેતરના આંકડા જોતા ભારતે એને પાછળ રાખી દીધું છે. દેશનું નાનું બચ્ચું પણ જાણે છે કે દરેક સમસ્યાના મૂળમાં વસતિ વિસ્ફોટ જવાબદાર છે. ભારતની વસતિ ૧૪૨ કરોડનો આંકડો પાર કરી ચુકી છે અને તાજેતરના આંકડા મુજબ 'આમચી મુંબઈ'ની વસતિ અંદાજે વીસ કરોડ છે. વાંચીને મોઢામાંથી તીણી ચીસ નીકળી ગઈને? ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટની ગતિ કે હરણફાળ મુંબઈ નગરી પરના દબાણને રોકી શકે એમ નથી. વસતિવધારાનું પ્રેશર આ ધરતી ખમી શકે એમ નથી. આની વરવી અને સોંસરવી અસર શિક્ષણ, રોજગારી, જાહેર પરિવહન, હાઉસિંગ અને આરોગ્ય સેવાઓ પર પડી રહી છે. સબ દુ:ખો કી એક દવા હૈપ વસતિ નિયંત્રણ. ખમૈયા કરો બાપ. પણ લાખ રૂપિયાનો સવાલ એ છે કે વસતિને નિયંત્રણમાં લાવવી કઈ રીતે? સંજય ગાંધી જેવું શસ્ત્ર લઈને જબરજસ્તીથી નસબંધી કરાવી શકાય એમ નહીં. જનજાગૃતિ અભિયાન, સમજણ, શિક્ષણ, સમજાવટથી કામ લઈ શકાય. આમાંના કેટલાંક કાર્યો સરકારી સ્તરે થઈ રહ્યા છેપ જે સ્વીકારવું રહ્યું. રહી વાત સમજણની. તો મધ્યમ વર્ગ અને ઉચ્ચ મધ્યમ વર્ગમાં આ સમજણ આવી છે, કારણ કે એમનું અર્થતંત્ર એમને ફરજ પાડી રહ્યું છે. જ્યારે બીજી બાજુ સમાજની એક ચોક્કસ કોમ સંતતિનિયમના નિયમમાં માનતી જ નથી. સમાજનો એક વર્ગ એક-કે બે બાળકોને જન્મ આપે એની સામે બીજો વર્ગ છ બચ્ચા પેદા કરે તો સ્વાભાવિક રીતે જ સંતતિનિયમન ખોરવાઈ જાય. પરિણામે જે નિયમનું પાલન કરે એને સહન કરવું પડે છે. પાડાને વાંકે પખાલીને ડામ અને ધાન ભેગા ધનેડાં પણ દળાઈ જાય છે.

**ગુજરાતમાં પણ 'નાનું કુટુંબ સુખી કુટુંબ'ની જવાબદારી સ્ત્રીઓને માથે હોય એવું ચિત્ર ઊપસ્યું છે. આપણા ગુજરાતમાં ગયા વરસે ત્રણ લાખ આઠ હજાર સ્ત્રીઓએ નસબંધી કરાવી. આની સામે પુરુષોની સંખ્યા માત્ર એક હજાર બસો ને ત્રેવીસ હતી. સમજ ગયેના કે અન્ય જવાબદારીઓની જેમ પુરુષો કુટુંબ નિયોજનની જવાબદારી પણ મહિલાઓ પર નાખીને પોતાના હાથ ખંખેરી નાખે છે. લાગે છેને સ્ત્રીઓનું પલડું ભારે?**







# કચ્છી 'ખરકી'નો રણકાર

કચ્છમાં જેનું ચલણ છે અને કચ્છમાં જે બને છે તેવી એક અનોખી વસ્તુની વાત કરવાની છે. પશુપાલકો તેમના પશુઓના ડોક પર નાની-મોટી ઘંટડી બાંધે છે. તેને 'ખરકી' કહે છે. તેનો ધ્વનિ સૂરિલો અને મોહક હોય છે. તેને 'કોપર બેલ' પણ કહેવાય છે.આ કળા બહુ જ પ્રાચીન છે. આ કળાનું મૂળ સિંધ છે. આજે પણ ભારત-પાકિસ્તાનના સરહદના વિસ્તારના બંને બાજુના ગામોમાં આ ઘંટડી (ખરકી) બનાવે છે અને માલધારીઓ પોતાના પશુઓની ડોકે આ ખરકી બાંધે છે.ખરકીની બનાવટમાં ભંગારની ધાતુઓમાંથી ખાસ કરીને ટીનનાં પતરાં કે અન્ય જાડાઈવાળાં પતરાને ટીપી, સમાંતર કરી તેને ગોળાકાર બનાવાય છે. તેનો ઉપરનો ભાગ બંધ રહી શકે તે રીતે તેના પર ટોપી આકારે બીજું, પતરું તૈયાર કરવામાં આવે છે.આ ટોપી પર કડું બનાવવામાં આવે છે. ટીન પર તાંબા-પિત્તળનું ઢોળ ચડાવવામાં આવે છે. તૈયાર કરેલ ખરકીમાં પાણી તથા ટંકણખારમાં પલાળેલા ભુકાને અંદરની તેમ જ બહારની બાજુએ લગાડવામાં આવે છે. આ ભૂકો ભઠ્ઠીમાં ઊખડી ન જાય માટે ખરકી પર ચારેકોર એક ખાસ પ્રકારની ચીકાશવાળી માટી પાણીમાં પલાળીને લગાડવામાં આવે છે ત્યારે ખરકીનું મોઢું પણ માટી વડે બંધ કરવામાં આવે છે.અહીં તાંબા અને ટીનનું ગુણોતર પ્રમાણે લગભગ ૪:૧ જેટલું રાખવામાં આવે છે.ભઠ્ઠી પણ ખાસ પ્રકારે તૈયાર કરે છે. તેમાં ઝીણી કોલસીની ભૂકી ખરકીને પકવે છે. કોલસીનું તીવ્ર તાપમાન લગભગ ૧૨૦૦ સેં. ગ્રે. જેટલું હોય છે. તેની ગરમીને કારણે તાંબા-પીત્તળનો ભૂકો પ્રવાહી સ્વરૂપે ફેરવાઈ જાય છે અને આખી ખરકી પર ચોંટી જાય છે. પછી ખરકીને કાઢી માટી દૂર કરી ખરકીમાં 'લાર' બેસાડવામાં આવે છે. તેને 'જીભ' પણ કહે છે. તેમાં ખાસ કરીને 'ખેજડો' કે 'સીસમ'ના વજનદાર કાષ્ટનો ઉપયોગ કરાય છે.

૧૩ જાતની અલગ અલગ 'ખરકી' બનાવવામાં આવે છે. ગાય-ભેંસ માટે અલગ માપની, ઊંટ, બકરીઓ માટે અલગ જેનાથી માલધારીઓને પોતાના ઢોર સીમમાં ચરતાં હોય કે સાંજે ગોધુલી વેળાએ પાછાં ફરતાં હોય ત્યારે પોતાના પશુઓના ખરકીના રણકારથી ઓળખી જાય.

તાંબાની ધાતુનો ઉપયોગ એટલે કરવામાં આવે છે કે તાંબુ અન્ય ધાતુઓની સરખામણીમાં વધુ સૂરીલું ધ્વનિ ઉપન્ન કરે છે અને તે કર્ણપ્રિય હોય છે માટે વાદ્યોમાં પણ તાંબાના તારનો ઉપયોગ કરવામાં આવે છે.પ્રકાર: (૧) નાની પ્રકારની ખરકીને 'મટરી' કહે છે. જે ગાડરિયા, લવારિયાના ગળામાં બંધાયલ છે. (૨) મધ્યમ પ્રકારની ખરકીને 'છડક' કહે છે. જે ઘેટાં-બકરાનાં ગળામાં બંધાય છે. (૩) મોટા પ્રકારની ખરકીને 'ઢંબરો' કહે છે. જે ગાય-ભેંસના ગળામાં બંધાય છે.આ દરેક ખરકીમાં સંગીતના સૂરો અલગ-અલગ હોય છે. તેને આધારે પશુની ઓળખાણ થાય છે. તેના પણ નામ છે. ઘેટાં-બકરાના સૂરને 'સરૈ' કહે છે.ગાયના સૂરને 'રચોથોડ' કહે છે. ઊંટના સૂરને 'હડક' કહેવાય છે. આ રણકારો જુદા પડે છે. તેનું કારણ તેનો આધાર, કિનારી પર બનાવેલ ગોળ ધાર પર છે. એટલે ચરવા જતી વખતે કે આવતી વખતે પશુ, ક્યાંય આડુંઅવળું થાય ત્યારે ઘંટડીના અવાજથી તે ક્યાં છે તે ખબર પડી જાય છે. તેથી શોધવામાં સરળ પડે છે તથા કયું પશુ છે તેનો ખ્યાલ આવી જાય છે. તેને તેના માલિકને પહોંચાડી શકાય છે.આમ પશુચાલકો વગડામાં બેઠે બેઠે તેના પર ધ્યાન રાખી શકે છે. એવો અભિપ્રાય છે કે રાત-દિવસ જો ગળે બાંધી રખાય તો તેની વિપરીત અસર પણ પડે છે.તેથી રાત્રે છોડી પણ નાખે છે.આમ ઉપયોગની વસ્તુ છે. પણ હવે તેમાં કારીગરો ઉમેરાઈ છે. હવે તેના પર નકશી કામ પણ થાય છે.

હવે તેનો ઉપયોગ ઘરોમાં તથા ફાઈવસ્ટાર હોટેલોમાં સુશોભન માટે થાય છે. આવી ખરકીમાં ઉપર-નીચે ૫-૭ નાની નાની ઝુમર સ્વરૂપે ખરકીઓ હોય છે. તેમાં જુદો જુદો ધ્વનિ રાખે છે.થોડી થોડી વારમાં પવનની લહેરખી આવે છે. ત્યારે બધી ખરકીઓ વારાફરતી કંપિત થાય છે અને તેમાંથી સરગમના સૂર રેલાય છે તે વાતાવરણમાં ખૂબ જ એક સુંદર માહોલ ખડો કરે છે અને વાતાવરણને હળવું, આનંદપ્રિય અને સૂરીલું બનાવે છે. જે એક ખૂબ સરસ અહેસાસ છે.



# પોરબંદરનો કલાત્મક દરવાજાવાળો દરબારગઢ: કળાનો ઉત્તમ નમૂનો

'પૌરવેલાકુલ' અર્થાત્ પોરબંદર, સુદામાપુરી, પુરિબંદર સુરખાબ નગરીને મહાત્મા ગાંધીજીનું પાવન જન્મ સ્થળ પોરબંદર આમ તો તેની ભૂપૃષ્ઠ ભૂમિ ધાર્મિકતા સભર છેપ! એક તરફ દ્વારકાને બીજી તરફ સોમનાથની વચ્ચે પોરબંદર સુદામાનગરી પોરબંદરના જેઠવા વંશના રાજાઓએ પ્રથમ ભૂતાંબિલી ઘૂમલી વસાવી પશ્ર્ચિમ સૌરાષ્ટ્રે સત્તા સ્થાપી હતી. ત્યારે જેઠવાની સત્તા નીચે આખો હાલાર હતોપ! ઘૂમલીના પતન બાદ રાણપુર અને ત્યાંથી ભૂચરમોરીના યુદ્ધમાં જામ સતાજીના પતન પછી પોરબંદર નજીક છાંયામાં



જેઠવાઓની સત્તા આવી. છાંયાના રાણા સુરતાનજી પહેલાએ ઈ.સ. ૧૬૮૬માં મુગલાઈ હદમાં આવેલા પોરબંદરને ગઢ બંધાવ્યો તે પહેલા અસ્માવતીના સંગમ ઉપર આજના શહેરના નૈઋત્ય ખૂણે થોડા ભાગમાં વસવાટ હતો તે સમયે નાનું બંદરી ગામ હતું.

પોરબંદરમાં સૌપ્રથમ દરબારનો ડેલો ભોંઈવાડા પાસે હતોપ! ત્યાંથી શીતલા પાસેનો હાલનો જૂનો દરબાર ગઢ બાંધી ટિલામેડી અને આવાસ રાણા સુરતાનજીએ સ્થાપ્યા. સંવત ૧૭૦૭માં રાણા ખીમાજીએ છાંયામાં પાકો ગઢ બંધાવ્યો. ઈ.સ. ૧૭૮૫ વિ.સં. ૧૮૪૧માં રાણા સુરતાનજી બીજાએ બાંધેલ પોરબંદરના નાના કોટને વધારે સુસજજ કરી છાંયાથી જેઠવાની ગાદી પોરબંદરમાં લાવી પોરબંદરને રાજધાની બનાવ્યું. પોરબંદરના કિલ્લાને પાંચ દરવાજા હતા. મુખ્ય 'છાંયાનો દરવાજો' પૂર્વમાં હતો. જે હાલની તળપદ કધયા શાળા પાસે હતો. તેનું દ્વાર ઉત્તરાભિમુખ હતું. બીજો દરવાજો 'બોખીરાનો

દરવાજો' ગઢની ઉત્તરની રાંગમાં પૂર્વ તરફના ભાગમાં હતો. આ ઉત્તર દિશાનો દરવાજો પશ્ર્ચિમાભિમુખ હતો. ત્રીજો દરવાજો 'વીરડીનો દરવાજો' કહેવાતો તે ઉત્તર તરફ રાંગના પશ્ર્ચિમ ભાગે ઉત્તરાભિમુખ હતો અને તે આજના શીંગડાના મઠ પાસે હતોપ! ચોથો દરવાજજો બંદરનો દરવાજો કોટનીઆથમણી રાંગમાં અત્યારના કસ્ટમ્સ હાઉસ પાસે હતો અને પાંચમો નાનો દરવાજો દક્ષિણ બાજુએ હતો જે 'મહાણ ખડકી' કહેવાતીપ!ગઢની રાંગ વિશાળ ઊંચી અને પહોળી હતી. એના પર શહેરીઓ જન્માષ્ટમી જેવા પર્વે કોટ ફરવા નીકળતા. નગર પ્રદક્ષિણાની આ શરૂઆત લંકેશ્ર્વરના મંદિરથી વીરડી દરવાજેથી શરૂ કરી સુદામાજી થઈ છાંયા દરવાજાથી મસાણ ખડકી થઈ બંદરે સમુદ્ર સ્નાન કરી ગઢની બહર સંગમ પર સોમનાથના દર્શન કરી પૂરી થતી. હજુ પણ આ કોટ ફરવાનો રિવાજ પોરબંદરના હિન્દુઓએ ચાલુ રાખ્યો છે. ગઢની બહાર હાથલા થોરની ગીચ ઝાડી હતી ને ખાઈઓ હતી જેમાં ખાડીના પાણી આવતાં ખાડીના બન્ને કાંઠે વીરડીઓ હતી જેમાં પશુઓ ચરતાં. પોરબંદર — બોખીરા વચ્ચે ખાડી વિસ્તારમાં ચેરતવરના ઝાડોની ઘટ્ટ ઝાડી હતીપ! જેમાં ઊંટ ચરતાં હોય તો ભાગ્યે જ દેખાતાપ! આવી સમૃદ્ધ લીલોતરી વનરાઈ હતી. પોરબંદરના કિલ્લાને ઘણા મોટા સારા કોઠાઓ હતા. કોઠા ઉપર તોપખાનું અને બંદૂકધારીઓના થાણા રહેતા. સૈનિકોમાં આરબો, સંધીઓ, સુમરા, પુરબિયા, રજપુતો અને મહેર હતા. પોરબંદરની પ્રજામાં જૈન શ્રેષ્ઠિઓ, બ્રાહ્મણ, સાધુ, ભાટિયા, વાણિયા, લોહાણા, નાગર, ખત્રી, રજપૂત, ચારણ, મહેર, કોળી, રબારી, ખારવા, મેમણ, ખોજા, વોરા, કાબાવલિ, કારીગરો તેમજ વસવાયાંનો વસવાટ હતો. આવી પાવનભૂમિ પરનો કલાત્મક દરબાર ગઢનો કલાનયન દરવાજો ને વિરાટ દરબાર ગઢ જોવાલાયક છે.

# સુરતમાં ૨૦૨૮ના નવા વર્ષની શરૂઆત મોરારિબાપુની રામકથાથી થશે


તસવીર : ઉત્કર્ષ ગલચર

## કાશીબા ગોટી ટ્રસ્ટના સરસ્વતીધામ નિર્માણ યજ્ઞના લાભાર્થે ૧થી ૯ જાન્યુઆરી દરમિયાન નવ દિવસીય રામકથા; ૩૫૧થી વધારીને ૧૦૦૮ સરસ્વતીધામ બનાવવાનો મહાસંકલ્પ, ૨૬૫ ભવનોનું નિર્માણ પૂર્ણ

**દ્રષ્ટિકોણ-સુરત,** કાશીબા ગોટી ટ્રસ્ટના ઉપક્રમે ૧થી ૯ જાન્યુઆરી સુધી પૂ. મોરારિબાપુની રામકથા; રામકથાના સંપૂર્ણ ખર્ચના યજમાન તરીકે સુરતના જાણીતા ઉદ્યોગપતિ શ્રી લવજીભાઈ બાદશાકની ખુદ પૂ. મોરારિબાપુએ કરી પસંદગી ૩૫૧ સરસ્વતીધામના સંકલ્પથી આગળ વધીને, બાપુએ પાવન રામકથા આપ્યા બાદ તેમના આશીર્વાદ અને પ્રેરણાથી ૩૫૧ થી વધારીને હવે ૧૦૦૮ જનસંકલ્પ અભિયાનનો મહાસંકલ્પ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સમગ્ર ભારતભરમાં ચાલતા આ અજોડ શિક્ષણયજ્ઞની સફળતાના આધારસ્તંભો: કર્મયોગી પરિવાર, સહયોગી દાતાશ્રીઓ તથા ટ્રસ્ટના તમામ શુભચિંતકોને ફાળે જાય છે.

કેલેન્ડર વર્ષ ૨૦૨૮નો પ્રારંભ સુરતમાં આધ્યાત્મિકતા, ભક્તિ અને સેવાના અનોખા સંગમ સાથે થશે. સુરતના જાણીતા કાશીબા ગોટી ટ્રસ્ટના ઉપક્રમે રામાયણી સંત પૂજ્ય શ્રી મોરારિબાપુની રામકથાનું આયોજન તા. ૧ જાન્યુઆરીથી ૯ જાન્યુઆરી, ૨૦૨૮ દરમિયાન સુરતમાં થવા જઈ રહ્યું છે. નવ દિવસ સુધી ચાલનારી આ રામકથા સુરત સમેત સમગ્ર વિશ્વભરમાં વિશાળ વર્ગ ધરાવતા શ્રદ્ધાળુઓ માટે આધ્યાત્મિક અનુભૂતિ સાથે સમાજસેવાના સંકલ્પને પણ વધુ મજબૂત બનાવશે.

આ માહિતી આપવા માટે યોજાયેલી પત્રકાર સંવાદ સભાને સંબોધતા કાશીબા ગોટી ટ્રસ્ટ સુરતના પ્રમુખ શ્રી કેશુભાઈ ગોટી સહિતના આગેવાનોએ વધુમાં જણાવ્યું હતું કે આ રામકથાની વિશેષતા એ છે કે, રામકથાના સંપૂર્ણ ખર્ચના યજમાન તરીકે સુરતના જાણીતા ઉદ્યોગપતિ શ્રી લવજીભાઈ બાદશાહની પસંદગી ખુદ પૂજ્ય શ્રી મોરારિબાપુએ કરી છે. કથાના યજમાન તરીકે લવજીભાઈ ડાલિયાની પસંદગી સાથે સુરતના ધાર્મિક અને સામાજિક ક્ષેત્રમાં આ રામકથાને વિશેષ મહત્ત્વ પ્રાપ્ત થયું છે.

કાશીબા ગોટી ટ્રસ્ટ, સુરત દ્વારા શિક્ષણક્ષેત્રે નોંધપાત્ર સેવાયજ્ઞ છેલ્લાં ૧૨ વર્ષથી અવિરતપણે શરૂ છે અને રહેશે. ખાસ કરીને અત્યંત અંતરિયાળ, દુર્ગમ, પહાડી, સરહદી અને ગ્રામીણ વિસ્તારોમાં શિક્ષણની જ્યોત અવિરત પ્રજ્વલિત રહે અને ગ્રામ્ય વિસ્તારનાં બાળકોને શિક્ષણ માટે વધુ સારી સુવિધા મળી રહે તે હેતુથી ટ્રસ્ટ દ્વારા ૩૫૧ થી વધારીને હવે ૧૦૦૮ સરસ્વતીધામોના નિર્માણનું મહાઅભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૨૬૫ સરસ્વતીધામોનું નિર્માણ પૂર્ણ કરીને લોકસમર્પિત કરવામાં આવ્યાં છે. જ્યારે ૩૫ ભવનોનું નિર્માણ કાર્ય હાલ પ્રગતિ હેઠળ છે અને વધુ ૧૬ ભવનો માટે પેપરવર્કની પ્રક્રિયા ચાલી રહી છે. કાશીબા ગોટી ટ્રસ્ટ દ્વારા ગુજરાત, આસામ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, ત્રિપુરા, મિઝોરમ, મેઘાલય, ઝારખંડ, છત્તીસગઢ, ઑડિશા, બિહાર, પરિશ્રમ બંગાળ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને રાજસ્થાન સહિત ભારતનાં ૧૮ રાજ્યોમાં સેવાકાર્ય કરી રહ્યા છે. આ સેવાયજ્ઞમાં સમાજના દાતાઓ પણ મોટી સંખ્યામાં જોડાયા છે. અત્યાર સુધીમાં ૩૪૪ ભવનો માટે સહયોગી દાતાશ્રીઓ આ મહાઅભિયાન સાથે જોડાઈ ચૂક્યા છે. જેના કારણે અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણની સુવિધાઓ ઊભી કરવાની આ ઝુંબેશને સતત વેગ મળી રહ્યો છે.

# ધરમપુર તાલુકા પુસ્તકાલયમાં સ્વચ્છતા સાથે વૃક્ષારોપણ



**દ્રષ્ટિકોણ-ધરમપુર, વલસાડ**
ધરમપુરના સરકારી તાલુકા પુસ્તકાલય ખાતે બુધવારે ગુજરાત સરકારના સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત સ્વચ્છતા અને પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. રાજ્ય સરકાર દ્વારા ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી એક માસ માટે સેવા સંકલ્પ અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે રાજ્યના સરકારી ગ્રંથાલયોમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળના ગ્રંથાલયો ખાતા દ્વારા નિયામક, ગ્રંથાલય વિભાગ, ગુજરાત રાજ્યના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ધરમપુર તાલુકા પુસ્તકાલય ખાતે પણ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મદદનીશ ગ્રંથપાલ પૂનમ જોશી સહિત પુસ્તકાલયના કર્મચારીઓ તેમજ નિયમિત વાચકો જોડાયા હતા. સૌએ સાથે મળીને પુસ્તકાલય પરિસરમાં શ્રમદાન કરી સફાઈ હાથ ધરી હતી. દરમિયાન બિનઉપયોગી અને નકામી વસ્તુઓનો નિકાલ કરવામાં આવ્યો હતો તેમજ પુસ્તકોના રેક સહિત પુસ્તકાલયના ભવન અને સમગ્ર કેમ્પસની સફાઈ કરવામાં આવી હતી.

સ્વચ્છતા સાથે પર્યાવરણ જતનનો સંદેશ આપવા પુસ્તકાલય પરિસરમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. કર્મચારીઓ અને વાચકોએ સ્વચ્છતા જાળવવા તેમજ વૃક્ષોના સંરક્ષણ માટે સતત પ્રયાસો કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.પુસ્તકાલય માત્ર વાંચન અને જ્ઞાનપ્રાપ્તિનું કેન્દ્ર ન રહે, પરંતુ સામાજિક જવાબદારી અને પર્યાવરણ જાગૃતિની પ્રવૃત્તિઓનું પણ માધ્યમ બને તેવા હેતુથી આવા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સેવા સંકલ્પ અભિયાન હેઠળ વાચકોની સક્રિય ભાગીદારીએ સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો.

# ખેરગામ ઝંડા ચોકની ગટરની ગંદકીથી નવરાત્રિમાં ખેલૈયાઓ પરેશાન



## મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજનાના ડીપીઆરને મંજૂરીની આશા વચ્ચે ગામની મૂળભૂત સમસ્યાઓ યથાવત્

**દ્રષ્ટિકોણ-ખેરગામ:** ખેરગામ તાલુકા મથકના વિકાસ માટે મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના અંતર્ગત તૈયાર કરાયેલા ડીપીઆરને સૈદ્ધાંતિક મંજૂરી આપવા અંગે તા. ૫ ઓક્ટોબરે ગાંધીનગરમાં રાજ્યકક્ષાની બેઠક યોજાનાર છે. વિકાસ કમિશનર અને સભ્ય સચિવ ડો. ગૌરવ દહિયાની અધ્યક્ષતામાં મળનારી બેઠકમાં તાલુકા વિકાસ અધિકારી, ખેરગામના સરપંચ તથા તલાટી કમ મંત્રી વીડિયો કોન્ફરન્સ મારફતે હાજર રહેશે. યોજનાને મંજૂરી મળે તો ખેરગામના સર્વાંગી વિકાસને વેગ મળવાની આશા છે.

પરંતુ એક તરફ વિકાસના મોટા આયોજનની વાતો વચ્ચે બીજી તરફ ખેરગામમાં ગટર અને રસ્તાની પાયાની સમસ્યાઓથી લોકો પરેશાન છે. ખાસ કરીને ઝંડા ચોક અને ભવાની મંદિર-દેસાઈવાડ વિસ્તારમાં ગટરના ગંદા પાણીની સમસ્યા નવરાત્રિ પહેલાં તાત્કાલિક દૂર કરવાની માંગ ઉઠી છે. જાન્યુઆરી ૨૦૨૩માં નવી ગટર પાઈપલાઈન કાર્યરત થયા બાદ પણ તેના નિકાલનો છેડો આશરે ૫૦ મીટર અધૂરો હોવાનું જણાવાય છે. દેસાઈવાડમાં ફોટાવાળાની ગલી પાસે ગટરનું મુખ બંધ કરવામાં આવતા ભવાની મંદિર તથા દેસાઈવાડ વિસ્તારમાં પાંચથી છ સ્થળે છેલ્લા એકથી બે વર્ષથી ગંદા પાણીની સમસ્યા સર્જાઈ રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ગટર બંધ કરવા સિમેન્ટની થેલીઓ સહિતની સામગ્રી નાખીને વારંવાર કામચલાઉ પ્રયાસો કરવામાં આવ્યા છે, પરંતુ ગંદકીનો પ્રવાહ અટકતો નથી. નવરાત્રિ શરૂ થવાની તૈયારી વચ્ચે આ સ્થિતિમાં ખેલૈયાઓ તથા શ્રદ્ધાળુઓને મુશ્કેલી પડવાની સાથે ધાર્મિક સ્થળની આસપાસનું વાતાવરણ પણ બગડી રહ્યું છે.

બીજી તરફ જનતા મિલની ગલી પાસે રસ્તાની હાલત પણ અત્યંત બિસ્માર બની છે. એક ફૂટના ખાડામાંથી શરૂ થયેલો ખાડો હવે આશરે ૨૦ ફૂટ સુધી વિસ્તર્યો હોવાના આક્ષેપો છે. ભારે વાહનોના અવરજવરથી મહાત્મા ગાંધી સર્કલનો માર્ગ પણ બિસ્માર બન્યો છે. સ્થાનિકો દ્વારા માર્ગ અને મકાન વિભાગ પાસે તાત્કાલિક ધોરણે રસ્તાનું મજબૂત RCC કામ, બેજ માર્ગ તથા આસપાસના ડિવાઈડરોનું નવીનીકરણ કરવાની માંગ કરવામાં આવી છે.

હાલમાં કરવામાં આવતું માત્ર ઉપરછલ્લું ડામર કામ કેટલું ટકશે તે અંગે પણ લોકોમાં સવાલો ઉઠી રહ્યા છે. દિવાળી પહેલાં તમામ મુખ્ય માર્ગોનું કાયમી સમારકામ પૂર્ણ થાય અને ધૂળ તથા ગંદકીમાંથી લોકોને રાહત મળે તેવી માંગ ઉઠી છે.

એક તરફ ખેરગામના વિકાસ માટે કરોડોના આયોજનનો ડીપીઆર મંજૂરીની રાહ જોઈ રહ્યો છે, તો બીજી તરફ ઝંડા ચોકમાં ગટરનું ગંદુ પાણી અને ખાડાઓ ગામના વિકાસની વાસ્તવિક તસવીર રજૂ કરી રહ્યા છે. હવે ૫ ઓક્ટોબરની રાજ્યકક્ષાની બેઠકના પરિણામ સાથે સ્થાનિક સમસ્યાઓના કાયમી ઉકેલ તરફ તંત્ર ક્યારે આગળ વધે છે તેના પર ખેરગામવાસીઓની નજર છે.

# ભાડા વિધેયક-૨૦૨૬ સામે અંકલેશ્વર વકીલ મંડળનો વિરોધ, કોર્ટ બહાર નકલોની હોળી



**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર:** અંકલેશ્વર વકીલ મંડળે ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ સામે સખત વિરોધ નોંધાવી કોર્ટ બહાર વિધેયકની નકલોની હોળી કરી હતી. વકીલ મંડળે સર્વાનુમતે ઠરાવ પસાર કરી વિધેયકની જોગવાઈઓ સામે વિરોધ દર્શાવ્યો હતો.વિરોધના ભાગરૂપે અંકલેશ્વરના વકીલો ૧ ઓક્ટોબરથી ૩ ઓક્ટોબર સુધી કોર્ટના કામકાજથી દૂર રહેશે. વકીલ મંડળે વિધેયકની જોગવાઈઓમાં જરૂરી સુધારા કરવાની માંગ કરી છે.

વકીલોનો મુખ્ય વાંધો ભાડા વિવાદોના નિવારણ માટે ઊભી થનારી નવી ત્રણ સ્તરીય વ્યવસ્થાને લઈને છે. વિધેયક હેઠળ રેન્ટ ઓથોરિટી, રેન્ટ કોર્ટ અને રેન્ટ ટ્રિબ્યુનલની રચના કરવામાં આવશે.વકીલ મંડળના મતે ભાડા સંબંધિત વિવાદોમાં મહેસૂલ તંત્રના અધિકારીઓને સત્તા આપવાથી ન્યાયિક પ્રક્રિયા અને પક્ષકારોના હિતો પર અસર થઈ શકે છે. આથી વિધેયકની જોગવાઈઓમાં સુધારા કરવાની માંગ સાથે વિરોધ ચાલુ રાખવામાં આવ્યો છે.

# વલસાડમાં નિવૃત્ત કર્મચારી સેવા મંડળનું ૪૪મું વાર્ષિક અધિવેશન ૪મીએ

**દ્રષ્ટિકોણ-વલસાડ,** વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળનું ૪૪મું વાર્ષિક અધિવેશન આગામી તા. ૪ ઓક્ટોબર, રવિવારના રોજ વલસાડ ખાતે યોજાશે. સવારે ૯:૩૦ કલાકે તિથલ સરકારી વસાહત સામે આવેલ વલસાડ તાલુકા પટેલ સમાજ પ્રગતિમંડળ સંચાલિત મણિલાલ પટેલ સમાજની સમાજવાડી ખાતે યોજાનાર અધિવેશન મંડળના પ્રમુખ ગણપતભાઈ પટેલની અધ્યક્ષતામાં મળશે.અધિવેશનમાં વલસાડના ધારાસભ્ય ભરતભાઈ કે. પટેલ સમારંભના પ્રમુખ તરીકે ઉપસ્થિત રહેશે, જ્યારે ગુજરાત રાજ્ય નિવૃત્ત કર્મચારી મહામંડળ, વડોદરાના પ્રમુખ ચંદુલાલ વી. જોશી ઉદ્ઘાટક તરીકે ઉપસ્થિત રહેશે. મહલ રિયલ્ટી પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર-પ્રમુખ બિપિનચંદ્ર બી. પટેલ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત વિશ્વવિખ્યાત ભાગવતાચાર્ય પરમ પૂજ્ય શરદભાઈ વ્યાસ વિશેષ ઉપસ્થિત રહી સભાસદોને આશીર્વચન આપશે.

મંડળના પ્રમુખ ગણપતભાઈ પટેલે તમામ સભાસદોને અધિવેશનમાં સમયસર અને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું કે, આપ સૌની ઉપસ્થિતિ એ જ આ અધિવેશનની સફળતા છે.

# વાંસદાના ચાર ગામોમાં આંગણ ઉત્સવ ઉજવાયો



**ઉનાઈ,** વાંસદા તાલુકાના નાની વધાઈ, આંબાબારી, નવતાડ અને તાડપાડા ગામની આંગણવાડી કેન્દ્રો ખાતે કેન્દ્ર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય પોષણ અભિયાન-૨૦૨૬ અંતર્ગત આંગણ ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો.કાર્યક્રમ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ અજયભાઈ ગામીતના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. પ્રસંગે આંગણવાડી કેન્દ્રોના તંદુરસ્ત અને પ્રતિભાશાળી બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે જ બાળકોના પોષણ, આરોગ્ય તથા સર્વાંગી વિકાસ અંગે વાલીઓ અને ગ્રામજનોમાં જાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. આયોજનમાં નાની વધાઈ આંગણવાડી કેન્દ્રનાં કાર્યકર નીતાબેન ડી. ગામીત, આંબાબારીનાં કાર્યકર રમીલાબેન ગામીત તથા સરપંચ નીતુબેન, નવતાડનાં કાર્યકર દક્ષાબેન પટેલ તથા સરપંચ અનિલ પટેલ, તાડપાડાનાં કાર્યકર મીનાક્ષીબેન સહિત આંગણવાડી કાર્યકરો, તેડાગર બહેનો, સહાયિકાઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધરમપુરમાં ટ્રકની અડફેટે એક્સેસ સવાર આધેડનું મોત

**દ્રષ્ટિકોણ-ધરમપુર :** ધરમપુર તાલુકાના મોહનગઢ ખાતે નેશનલ હાઈવે-૫૬ પર ટ્રકની અડફેટે એક્સેસ મોપેડ ચાલકનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે ધરમપુર પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.પોલીસ ફરિયાદ મુજબ, તા.૩૦ સપ્ટેમ્બરના રોજ સાંજે આશરે ૪ વાગ્યાના અરસામાં શૈલેષભાઈ ઝીણાભાઈ માહલા (ઉં.વ.૬૦), રહે. બિલપુડી, ડેરી ફળિયા, એક્સેસ મોપેડ નં. GJ-15-EB-2826 લઈને નાનાપોઢાથી ધરમપુર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન મોહનગઢ ખાતે એચ.પી. પેટ્રોલ પંપની સામે પાછળથી પુરઝડપે અને ગફલતભરી રીતે આવેલા ટાટા ટ્રક નં. HR-73-B-5797ના ચાલક આરીફ મુદ્દીને મોપેડને પાછળથી ટક્કર મારી હતી.

અકસ્મતમાં શૈલેષભાઈ રોડ પર પટકાતાં માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી અને તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવ અંગે તેમના ભાઈ પ્રભુભાઈ માહલાએ ધરમપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧, ૧૦૬(૧) તથા એમ.વી. એક્ટની કલમ ૧૭૭, ૧૮૪ હેઠળ ગુનો નોંધી ટ્રક ચાલક સામે કાર્યવાહી હાથ ધરી છે.

# પીએમ શ્રી ચલા મુખ્ય પ્રાથમિક શાળાની અશરફ ચુડાસમાએ લીધી સૌજન્ય મુલાકાત

**વાપી:** પીએમ શ્રી ચલા મુખ્ય પ્રાથમિક શાળાની વલસાડ જિલ્લા નિવૃત્ત કર્મચારી સેવા મંડળના ઉપપ્રમુખ અને વર્ષ ૨૦૧૦માં ગુજરાત સરકારનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ મેળવનાર શિક્ષણપ્રેમી અશરફ ચુડાસમાએ સૌજન્ય મુલાકાત લીધી હતી.

શાળાના ઉત્સાહી આચાર્યા પ્રીતિબેને અશરફ ચુડાસમાનું ઉષ્માભેર સ્વાગત કરી એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષછોડ અર્પણ કર્યો હતો. આ પ્રસંગે શાળામાં ચાલી રહેલી વિવિધ શૈક્ષણિક, સામાજિક અને પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ અંગે તેમને માહિતગાર કરવામાં આવ્યા હતા.

અશરફ ચુડાસમાએ વિવિધ વર્ગોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓની અભ્યાસલક્ષી કામગીરી તેમજ શિક્ષકોની મહેનતનું નિરીક્ષણ કર્યું હતું. શાળામાં બાળકોના સર્વાંગી વિકાસ માટે થઈ રહેલા પ્રયાસોની તેમણે પ્રશંસા કરી હતી.આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, માતા બાળકને જન્મ આપે છે, જ્યારે શિક્ષક બાળકને જીવન જીવવાની દિશા આપે છે. જ્ઞાનને જીવનલક્ષી શિક્ષણ સાથે જોડીને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શાળા પરિવાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસો પ્રેરણાદાયી હોવાનું તેમણે જણાવ્યું હતું.અંતે અશરફ ચુડાસમાએ આચાર્યા પ્રીતિબેન સહિત સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવી શૈક્ષણિક પ્રવૃત્તિઓને વધુ વેગ મળે તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

# બીલીમોરાની અંબિકા નદી પટ્ટમાં બિનઅધિકૃત રેતી ખનન સામે તવાઈ

**દ્રષ્ટિકોણ-બીલીમોરા,** બીલીમોરા શહેરમાંથી પસાર થતી અંબિકા નદીના પટમાં બિનઅધિકૃત રેતી ખનન, વહન અને સંગ્રહ સામે ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ડ્રોન સર્વેલન્સના આધારે તપાસ દરમિયાન બે યાંત્રિક બાજ અને ૧૧ ટ્રક સહિત કુલ રૂ. ૨.૨૫ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

બીલીમોરા શહેરની સ્મશાનભૂમિ પાછળના અંબિકા નદી પટ વિસ્તારમાં સાદી રેતી ખનિજના બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહની પ્રવૃત્તિ અંગે ડ્રોન મારફતે સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યો હતો. સર્વેલન્સ દરમિયાન શંકાસ્પદ પ્રવૃત્તિ જણાતા ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ વિભાગની ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન રેતી ખનિજના ખનન અને વહન માટે ઉપયોગમાં લેવાતા બે યાંત્રિક બાજ તેમજ ૧૧ ટ્રક મળી આવ્યા હતા. વિભાગ દ્વારા તમામ યંત્રો અને વાહનોને કબજે લઈ કુલ રૂ. ૨.૨૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. કબજે કરાયેલા વાહનો અને યંત્રોને હાલ ધોલાઈ મરીન પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી બિનઅધિકૃત રેતી ખનન સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો. ખનિજ વિભાગ દ્વારા સમગ્ર મામલે નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

# મહુવાના આદિવાસી ખેડૂતના બંને પુત્રો ડોક્ટર બન્યા, પરિવારનું નામ રોશન કર્યું



**દ્રષ્ટિકોણ-મહુવા :** સુરત જિલ્લાના મહુવા તાલુકાના વાછાવડ ગામના આદિવાસી ખેડૂત દેવેન્દ્રભાઈ મહેતા અને સવિતાબેનના બંને પુત્રોએ મર્યાદિત આવક હોવા છતાં સરકારી યોજનાઓની મદદથી ડોક્ટર બની પરિવારનું નામ રોશન કર્યું છે.

સુરત જિલ્લાના મહુવા તાલુકાના વાછાવડ ગામમાં રહેતા આદિવાસી ખેડૂત દેવેન્દ્રભાઈ મહેતા અને તેમના પત્ની સવિતાબેનનું વર્ષો જૂનું સ્વપ્ન આખરે સાકાર થયું છે. આર્થિક પરિસ્થિતિ મર્યાદિત હોવા છતાં, દંપતીએ પોતાના સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપવાનો નિર્ધાર કર્યો હતો.સરકાર દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓનો લાભ ઉઠાવીને, દેવેન્દ્રભાઈ અને સવિતાબેને પોતાના બંને પુત્રોને ડોક્ટર બનાવવાનું સપનું જોયું અને તેને પૂર્ણ કરવા માટે સખત મહેનત કરી. આ યોજનાઓએ તેમને આર્થિક રીતે મદદ કરી, જેના કારણે તેમના પુત્રો ઉચ્ચ અભ્યાસ કરી શક્યા. આખરે, તેમના અથાગ પ્રયાસો અને સરકારી સહાયના પરિણામે, તેમના બંને પુત્રોએ ડોક્ટર બનીને પરિવારનું ગૌરવ વધાર્યું છે. આ ઘટના સમાજ માટે પ્રેરણારૂપ છે અને દર્શાવે છે કે યોગ્ય માર્ગદર્શન અને સરકારી યોજનાઓના સહયોગથી કોઈપણ વ્યક્તિ પોતાના લક્ષ્યોને પ્રાપ્ત કરી શકે છે.

# ચેક રિટર્ન કેસમાં પુણાગામના વેપારીને એક વર્ષની સાદી કેદની સજા

**દ્રષ્ટિકોણ-સુરત:** સુરતના પુણાગામ વિસ્તારમાં રહેતા મુકેશભાઈ વિઠ્ઠલભાઈ રામાણીને ચેક રિટર્ન કેસમાં કોર્ટે એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત ફરિયાદી સંસ્થા શ્રી ગુરૂદત્ત અર્બન કો.ઓ. ક્રેડિટ સોસાયટી લિ.ને ચેકની રકમ વળતર તરીકે ૩૦ દિવસમાં ચૂકવવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે.

આ કેસની વિગત મુજબ મુકેશભાઈ રામાણી ફરિયાદી સંસ્થાના સભ્ય હતા અને તેમણે પોતાના અંગત ધંધાના ઉપયોગ માટે જાતજામીનગીરી પર લોન લીધી હતી. લોનની રકમની પરત ચુકવણીની માંગણી કરવામાં આવતાં તેમણે સંસ્થાને ચેક આપ્યો હતો. જોકે, બેંકમાં રજૂ કરતાં ચેક પરત ફર્યો હતો. આથી સંસ્થાના મેનેજર પરેશભાઈ દામજીભાઈ મોણપરાએ સુરતના એડવોકેટ નરેશ એચ. નાવડિયા મારફતે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી.કેસની સુનાવણી દરમિયાન આરોપી કોર્ટમાં હાજર રહ્યા નહોતા અને પોતાના બચાવમાં કોઈ પુરાવા પણ રજૂ કર્યા નહોતા. ચેક પરની પોતાની સહીનો પણ તેમણે ઈનકાર કર્યો નહોતો. કોર્ટે નોંધ્યું હતું કે નોટિસ બજવા છતાં આરોપીએ નિયત મુદતમાં ચેકની રકમ ચૂકવી નહોતી.

કોર્ટે નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ એક્ટની કલમ ૧૩૯ હેઠળની કાનૂની ધારણાને ધ્યાને લઈ ફરિયાદી સંસ્થાના પુરાવા અને જુબાનીને સમર્થન આપ્યું હતું. ફરિયાદી પક્ષે એડવોકેટ નરેશ નાવડિયા, ભાવેશ નાવડિયા અને સંદીપ માંગુકીયાએ દલીલો રજૂ કરી હતી, જેને કોર્ટે માન્ય રાખી હતી. આખરે કોર્ટે મુકેશભાઈ વિઠ્ઠલભાઈ રામાણીને તકસીરવાર ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી હતી અને ચેકની રકમ ૩૦ દિવસમાં ફરિયાદી સંસ્થાને વળતર તરીકે ચૂકવવાનો હુકમ કર્યો હતો.

દ્રષ્ટિકોણ જનવાણી દૈનિક
DRASTIKONE JANVANI (GUJARATI DAILY)
E-mail : drashtikonjanvani09@gmail.com


# નવી શિક્ષણ સમિતિ વિપક્ષ વિહોણી, તમામ ૧ ૨ સભ્યો ભણેલા ગણેલા

**સામાન્ય ચૂંટણીમાં વિપક્ષે એક પણ ઉમેદવારને ચૂંટણીમાં નહીં ઉતારતા શાસક પક્ષ ભાજપના તમામ ૧ ૨ સભ્યો બિનહરીફ જાહેર**

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૧**

સુરત મહાનગરપાલિકા સંચાલિત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સામાન્ય ચૂંટણીમાં વિપક્ષે એક પણ ઉમેદવાર ન ઉતારતા સમગ્ર ચૂંટણી બિનહરીફ સંપન્ન થઈ છે. ઉમેદવારી પત્રોની ચકાસણી દરમિયાન કુલ ૧૨ ફોર્મ માન્ય ઠર્યા હતા અને નિયત બેઠકો સામે માત્ર ૧૨ જ ઉમેદવારો મેદાનમાં બાકી રહેતા ચૂંટણી અધિકારી દ્વારા તમામ સભ્યોને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે.

વિપક્ષ મુક્ત બનેલી આ નવી રચાયેલી સમિતિ હવે સુરત શહેરની ૩૬૭ જેટલી પ્રાથમિક શાળાઓનું નેતૃત્વ અને વહીવટી સંચાલન સંભાળશે.

બિનહરીફ ચૂંટાયેલા તમામ ૧૨ સભ્યો ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવે છે. જેમાં અનુસૂચિત જાતિ અને આદિજાતિ અનામત બેઠક પર સેનેટરી ઈન્સ્પેક્ટર્સ ડિપ્લોમા ધરાવતા મયુરકુમાર છોટુભાઈ વાઘેલા તેમજ મેટ્રીક્યુલેશન અને ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતી બેઠકો પર પિયુષ બિપીનચંદ્ર લાકડવાલા (બી.કોમ.), કનુભાઈ મોતીભાઈ અલગૌતર (બી.એ.) અને મહેશભાઈ વલ્લભભાઈ પટેલ (બી.એ., બી.એડ્., ડી.સી.એ.) વિજેતા બન્યા છે.

સામાન્ય બેઠકો પર રાહુલ પિરેન પાટીલ (બી.એ., એલ.એલ.બી.), અશોકભાઈ લક્ષ્મણભાઈ માંગુકિયા (ફાર્મસી ડિપ્લોમા), વિવેક મહેશભાઈ પટેલ (મિકેનિકલ એન્જિનિયરિંગ ગ્રેજ્યુએટ ડિપ્લોમા), કિરણકુમાર છગનભાઈ ધોધારી (બી.કોમ., એલ.એલ.બી.), દેવાંશી કન્દર્પ જોષી (પી.જી. ડિપ્લોમા ઈન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન ફાયનાન્સ), રસિક રામદાસ પટેલ (ફાર્મસી ડિપ્લોમા) તથા બી.એ.ની પદવી ધરાવતા શીલાબેન મનસુખભાઈ તારપરા અને ધર્મિષ્ઠા ધર્મેશ પટેલ ચૂંટાયા છે.

પરિણામ બાદ મેયર માયાબેન માવાણીએ જણાવ્યું હતું કે, ચૂંટાયેલા તમામ સભ્યો ગ્રેજ્યુએટ અને સુશિક્ષિત હોવાથી તેઓ સુરતની ૩૬૭ શાળાનું શ્રેષ્ઠ સંચાલન કરીને બાળકોના ઉજ્જ્વળ ભવિષ્ય માટે કાર્ય કરશે. પ્રાથમિક શિક્ષણનું સ્તર વધુ મજબૂત બનાવવા માટે શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ વહેલી તકે પૂરી થાય તે માટે નવી ભરતીની પ્રક્રિયા ઝડપથી હાથ ધરવામાં આવશે.

# જંબુસરમાં એક્ટિવા-ટેમ્પો વચ્ચે ટક્કર, આંગણવાડી વર્કરનું ઘટનાસ્થળે મોત



**દ્રષ્ટિકોણ-જંબુસર:** જંબુસરમાં બેંક ઓફ બરોડા નજીક એક્ટિવા અને ટેમ્પો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. એક્ટિવા પર જઈ રહેલા શ્વેતાબેન સંજયસિંહ યાદવને ટેમ્પોએ ટક્કર મારતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

મૃતક શ્વેતાબેન જંબુસર તાલુકાના કાવા ગામે આંગણવાડી વર્કર તરીકે ફરજ બજાવતા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ હતી.ઘટનાની જાણ થતાં પોલીસ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહને જરૂરી કાર્યવાહી માટે ખસેડી અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# ભરૂચમાં સાયબર જાગૃતિ માટે ‘સાયબર જાગૃતિ રથ’ને લીલી ઝંડી

**એસપી અક્ષયરાજ મકવાણાએ રથનું નિરીક્ષણ કરી પ્રસ્થાન કરાવ્યું; ગામડાં, શાળા-કોલેજોમાં જઈ લોકોને સાયબર છેતરપિંડીથી બચવાના ઉપાયો સમજાવાશે**



**દ્રષ્ટિકોણ-ભરૂચ:** આજના ડિજિટલ યુગમાં વધી રહેલા સાયબર ક્રાઈમના બનાવો સામે લોકોને જાગૃત કરવા તથા પોલીસ અને પ્રજા વચ્ચેનો સંપર્ક વધુ સુદૃઢ બનાવવાના ઉદ્દેશ સાથે ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા મહત્વપૂર્ણ પહેલ શરૂ કરવામાં આવી છે. સાયબર પોલીસ સ્ટેશન ભરૂચ તથા SRF ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરાયેલા વિશેષ ‘સાયબર જાગૃતિ રથ’નું જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાએ એસપી કચેરી ખાતે નિરીક્ષણ કરી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે એસપી અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું કે, જિલ્લામાં સાયબર ક્રાઈમના બનાવો પર અંકુશ મેળવવા સાયબર અવેરનેસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ‘સાયબર જાગૃતિ રથ’ જિલ્લાના વિવિધ અંતરિયાળ ગામડાઓ, શાળાઓ અને કોલેજોમાં પહોંચશે અને લોકોને સાયબર ગુનાઓ અંગે જાગૃત કરશે.

આ વાનમાં બાળકો, વડીલો અને સામાન્ય નાગરિકોને બેસાડી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વિડિયો તથા દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમો દ્વારા સાયબર માફિયાઓ દ્વારા કરવામાં આવતી છેતરપિંડીની વિવિધ મોડસ ઓપરેન્ડી સમજાવવામાં આવશે. સાથે જ સાયબર ફ્રોડથી બચવાના વ્યવહારુ ઉપાયો અંગે પણ માહિતી આપવામાં આવશે.

આ પહેલમાં SRF કંપની દ્વારા વાનની સુવિધા સહિતનો સહયોગ આપવામાં આવ્યો છે. સમગ્ર ભરૂચ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં જાગૃતિ અભિયાન પૂર્ણ ન થાય ત્યાં સુધી આ રથ કાર્યરત રહેશે.

પોલીસ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે, કોઈપણ અજાણી લિંક પર ક્લિક ન કરવું, અજાણ્યા વ્યક્તિ સાથે બેંક ખાતાની વિગતો કે OTP શેર ન કરવો. જો કોઈ વ્યક્તિ સાયબર છેતરપિંડીનો ભોગ બને તો તાત્કાલિક સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર સંપર્ક કરવો અથવા નજીકના સાયબર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો.

# જયપુર એક્સપ્રેસમાંથી દારૂ ભરેલી ૩ ટ્રોલી બેગ સાથે મહારાષ્ટ્રનો યુવક ઝડપાયો

**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર:** મુંબઈ-જયપુર એક્સપ્રેસ ટ્રેનના કોચ એ/૧માં ફરજ પરના ટી.ટી.ઈ. અનિલસિંગને એક મુસાફર શંકાસ્પદ જણાતા તપાસ હાથ ધરવામાં આવી હતી. અંકલેશ્વર રેલવે સ્ટેશન પસાર થયા બાદ ટિકિટ વિના મુસાફરી કરતા નંદુરબારના પ્રતીક પાટીલ પાસેથી ત્રણ ટ્રોલી બેગ મળી આવી હતી.

ત્રણેય બેગની તપાસ કરતા તેમાં બીયરનો જથ્થો મળી આવ્યો હતો. સમગ્ર મામલે ટી.ટી.ઈ.એ વડોદરા રેલવે પોલીસને જાણ કરતાં ભરૂચ રેલવે પોલીસ સ્ટેશનના સ્ટાફે ટ્રેનમાંથી આરોપીનો કબજો મેળવ્યો હતો.

પોલીસ પૂછપરછમાં પ્રતીક પાટીલે જણાવ્યું હતું કે, દારૂનો જથ્થો બોઈસરથી સમીર નામના શખ્સે આપ્યો હતો અને તે સુરત ખાતે મંગલ નામના શખ્સને પહોંચાડવાનો હતો.

ભરૂચ રેલવે પોલીસે પ્રતીક પાટીલ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી છે. પોલીસે ત્રણ ટ્રોલી બેગમાંથી મળી આવેલા અંદાજે રૂ.૩૫ હજારના દારૂના જથ્થાને જપ્ત કર્યો છે.

# માંડવી તાલુકાના બોરી ગ્રામ પંચાયત ખાતે ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિની પ્રેરક ઉપસ્થિતિમાં સ્વચ્છતા હી સેવા-૨૦૨૬’ અંતર્ગત સામૂહિક સફાઈ અભિયાન અને વૃક્ષારોપણ



**દ્રષ્ટિકોણ-માંડવી :** રાજ્યમાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ કેળવવાના હેતુથી યોજાઈ રહેલા ‘સ્વચ્છતા હી સેવા-૨૦૨૬’ અભિયાન અંતર્ગત આજે “એક દિવસ, એક કલાક, એક સાથે સ્વચ્છ” કાર્યક્રમ હેઠળ માંડવી તાલુકાના બોરી ગ્રામ પંચાયત ખાતે સામૂહિક સફાઈ અભિયાન અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.આ અવસરે માંડવી વિધાનસભાના ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિની પ્રેરક ઉપસ્થિતિમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. બોરી ગ્રામ પંચાયતનાં સરપંચ ભાવનાબેન હસમુખભાઈ હળપતિ સહિત ગ્રામ પંચાયતના સભ્યઓ, સંગઠનના મંત્રી તથા સંગઠનના સભ્યઓએ પણ કાર્યક્રમમાં સહભાગી બની સ્વચ્છતાનો સંદેશ આપ્યો હતો.

આ પ્રસંગે તાલુકા વિકાસ અધિકારી રાજેન્દ્ર પરમાર, મામલતદાર, કચેરીના કર્મચારીઓ, તલાટી , તાલુકા પંચાયતના અધિકારી-કર્મચારીઓ, સ્થાનિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમ દરમિયાન ગ્રામ પંચાયત વિસ્તારમાં સામૂહિક સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. સાથે જ પર્યાવરણનું જતન કરવા અને ગામમાં હરિયાળી વધારવાના ઉદ્દેશ્યથી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# બારડોલીના મઢી ગામે યુવતીની છેડતીના આક્ષેપ બાદ ભારે હોબાળો




**દ્રષ્ટિકોણ-બારડોલી:** સુરતના બારડોલીના મઢી ગામે યુવતીની છેડતીના આક્ષેપ બાદ ભારે હોબાળો થતાં લોક ટોળુ એકત્ર થયુ હતું મઢી ખાતે દરજી કામ કરતા રાજસ્થાની યુવક પર યુવતીની છેડતી કરવાનો આરોપ લાગ્યો છે.યુવતીના પરિવારજનોને જાણ થતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. જ્યાં ચૌધરી સમાજના લોકો મોટી સંખ્યામાં બારડોલી રૂરલ પોલીસ મથકે પહોંચ્યા હતા... પોલીસે ફરિયાદના આધારે એટ્રોસિટી એક્ટ સહિત છેડતીનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.મઢી ગામમાં આવેલી કોમલ ટેલર્સ નામની દુકાનમાં દરજી કામ કરતા દિનેશ મારવાડી સામે યુવતીની છેડતી કરવાનો આક્ષેપ લાગ્યો છે.

યુવતી કપડાંનું માપ આપવા માટે દુકાને ગઈ હતી. આ દરમિયાન આરોપીએ કપડાનું માપ લેતી વખતે અયોગ્ય રીતે વર્તન કરી છેડતી કરી હોવાનો આક્ષેપ છે. યુવતીએ સમગ્ર ઘટના પરિવારજનોને જણાવતા પરિવારજનોમાં રોષ ફાટી નીકળ્યો હતો. જોતજોતામાં મામલો ગરમાતા ચૌધરી સમાજના લોકોનું ટોળું બારડોલી રૂરલ પોલીસ મથકે પહોંચ્યું હતું. પોલીસે યુવતીની ફરિયાદના આધારે આરોપી દિનેશ મારવાડી વિરુદ્ધ છેડતી સહિત એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. બીજી તરફ, ઘટનાની જાણ થતાં રાજસ્થાની સમાજના લોકો પણ પોલીસ મથકે એકઠા થયા હતા. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પોલીસે કાર્યવાહી હાથ ધરી આરોપી દિનેશ મારવાડીની અટકાયત કરી છે. હાલ બારડોલી રૂરલ પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# આયુષ્યમાન ખુરાના અને સારા અલી ખાનએ અમદાવાદની ખાસ મુલાકાત લીધી

**૯ ઓક્ટોબરે થિયેટરોમાં રિલીઝ થનારી ફિલ્મ ’ઉડતા તીર’ના પ્રમોશન માટે આયુષ્યમાન ખુરાના અને સારા અલી ખાન અમદાવાદ પહોંચ્યા**




**દ્રષ્ટિકોણ-અમદાવાદ:** આગામી ફિલ્મ ’ઉડતા તીર’ (Udta Teer)ની સ્ટાર કાસ્ટ આયુષ્યમાન ખુરાના અને સારા અલી ખાન એ અમદાવાદની ખાસ મુલાકાત લીધી હતી. આગામી ૯ ઓક્ટોબરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહેલી આ હાઈ-સ્ટેક્સ કોમેડી એન્ટરટેઈનર ફિલ્મ અંગે તેઓ એ માહિતી આપી.આયુષ્યમાન ખુરાનાની ફેમિલી-એન્ટરટેનર શૈલીને ફરી એકવાર મોટા પડદા પર લાવતી ફિલ્મ ’ઉડતા તીર’ પરંપરાગત જાસૂસી દુનિયાને એક રમુજી અને મનોરંજક ટ્વિસ્ટ આપે છે. આ ફિલ્મમાં આયુષ્યમાન ખુરાનાની સાથે સારા અલી ખાન મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

ફિલ્મની વાર્તા પાકિસ્તાની એજન્ટ બિલાલ અહમદ (આયુષ્યમાન ખુરાના)ની આસપાસ ફરે છે, જે ભારતમાં ઘૂસણખોરી કરે છે પરંતુ એક અકસ્માતમાં પોતાની યાદશક્તિ ગુમાવી બેસે છે. ભૂલથી તે પોતાને ભારતીય જાસૂસ માનવા લાગે છે, જેના કારણે રમૂજી અને અરાજકતાથી ભરેલી ઘટનાઓનો સિલસિલો શરૂ થાય છે.આ ફિલ્મથી આકાશ એ. કૌશિક ફીચર ડિરેક્ટર તરીકે ડેબ્યૂ કરી રહ્યા છે. ’ઉડતા તીર’નું નિર્માણ ધર્મા પ્રોડક્શન્સ અને સિખ્યા એન્ટરટેઈનમેન્ટના બેનર હેઠળ કરણ જોહર, અદાર પૂનાવાલા, અજય મેહતા, ગુનીત મોંગા કપૂર અને અચિન જૈન દ્વારા કરવામાં આવ્યું છે.

અમદાવાદમાં ફિલ્મની ટીમે આ અનોખા મનોરંજક કોન્સેપ્ટને મોટા પડદા પર લાવવાનો પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. આ ફિલ્મ પ્રેક્ષકો માટે તીક્ષ્ણ હાસ્ય, કૌટુંબિક મનોરંજન અને આયુષ્યમાન-સારાની નવી જોડીની ફ્રેશ કેમિસ્ટ્રીનું સુંદર મિશ્રણ લઈને આવી રહી છે.ફિલ્મ ’ઉડતા તીર’ ૯ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ દેશભરના સિનેમાઘરોમાં ગ્રાન્ડ રિલીઝ માટે તૈયાર છે.

# માંડવી: ગોદાવાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ૫૧મી વાર્ષિક સભા સંપન્ન, પશુપાલકોને રૂ. ૩.૭૦ કરોડથી વધુનું ચૂકવણું

**દ્રષ્ટિકોણ-માંડવી:** માંડવી તાલુકામાં કાર્યરત ’ધી ગોદાવાડી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.’ની ૫૧મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં ઉત્સાહભેર સંપન્ન થઈ હતી. મંડળીએ સફળતાપૂર્વક ૫૦ વર્ષ પૂર્ણ કરી ૫૧ મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે, જે સમગ્ર ગામ અને પશુપાલકો માટે એક ગૌરવપૂર્ણ સિદ્ધિ છે. આ પ્રસંગે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (તા. ૧-૪-૨૦૨૫ થી ૩૧-૩-૨૦૨૬ નો વાર્ષિક અહેવાલ અને હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા.

મંડળીના પ્રમુખમિનેષભાઈ મનહરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ સભામાં જણાવાયું હતું કે, મંડળી સતત પ્રગતિના પંથે અગ્રેસર છે. વર્ષ ૨૦૨૫-૨૬દરમિયાન મંડળીમાં કુલ ૯,૩૩,૩૯૩,૮ લિટર દૂધની જંગી આવક નોંધાઈ હતી. આ દૂધની આવક સામે મંડળી દ્વારા સભાસદ પશુપાલકોને કુલ રૂ. ૩,૭૦,૬૧,૪૩૮.૩૮ ની માતબર રકમ ચૂકવવામાં આવી છે, જે ગ્રામ્ય સ્તરે પશુપાલકોની આર્થિક સદ્ધરતાનો પુરાવો આપે છે.

વાર્ષિક હિસાબના આંકડાઓ મંડળીનું અત્યંત મજબૂત આર્થિક માળખું દર્શાવે છે. વર્ષના અંતે મંડળીનું ભરપાઈ થયેલ શેર ભંડોળ રૂ. ૪૨,૧૭૦ છે, જ્યારે રિઝર્વ ફંડ રૂ. ૭,૪૯,૯૯૦.૩૧ અને મકાન ફંડ રૂ.૧૨,૯૩,૫૯૦,૪૦ જેટલું નોંધાયું છે.આ પ્રસંગે પ્રમુખે સભાસદોને માર્ગદર્શન આપતાં ખાસ અપીલ કરી હતી કે તેઓ પોતાના પશુઓના રહેઠાણ સ્વચ્છ રાખે અને ઉચ્ચ ગુણવત્તાવાળું સ્વચ્છ દૂધ ભરાવવાનો આગ્રહ રાખે, જેથી દૂધના વધુ સારા ભાવ મેળવી શકાય અને નફાકારકતા વધારી શકાય.

વર્ષભરની આ શ્રેષ્ઠ કામગીરી અને સભાના આયોજનમાં મંડળીના ઉપ-પ્રમુખ ગણપતભાઈ આર. પટેલ, મંત્રી જીગ્નેશભાઈ ગણપતભાઈ પટેલ તેમજ સમગ્ર વ્યવસ્થાપક સમિતિ અને કર્મચારીગણનો સક્રિય સહયોગ સાંપડ્યો હતો.

# ઘંટોલી-દેસાઈવાડી માર્ગ પર વીજ થાંભલા પર ઝાડ ધરાશાયી થતાં બાઈકચાલક ગંભીર રીતે ઈજાગત

**દ્રષ્ટિકોણ-માંડવી :** માંડવી તાલુકાના ઘંટોલી-દેસાઈવાડી માર્ગ પર અચાનક વીજ થાંભલા પર તોતિંગ ઝાડ ધરાશાયી થતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. ઝાડ પડવાના જોરદાર ઝટકાથી વીજ થાંભલો માર્ગ પરથી પસાર થઈ રહેલા એક નિર્દોષ બાઈકચાલક પર તૂટી પડ્યો હતો, જેમાં ચાલક ગંભીર રીતે ઘાયલ થયો હતો.

અકસ્માતની જાણ થતાં જ મોરીઠા ગામના સરપંચ કમલેશ ચૌધરી તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. તેમણે સમયસૂચકતા વાપરી લોહીલુહાણ હાલતમાં પડેલા ઈજાગ્રસ્ત બાઈકચાલકને તાત્કાલિક ૧૦૮ મારફતે વધુ સારવાર અર્થે સ્થાનિક રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવાની વ્યવસ્થા કરી હતી.

નાવ અંગે સ્થાનિક ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ ને વાકેફ કરાતાં તેમણે વહીવટી તંત્રને તાત્કાલિક દોડતું કર્યું હતું. જેના પગલે ર્ઈભ (વીજ કંપની) અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ સ્થિતિની ગંભીરતા પારખીને રેફરલ હોસ્પિટલ પહોંચ્યા હતા તેમજ ઈજાગ્રસ્તના ખબરઅંતર પૂછ્યા હતા.

બીજી તરફ, માર્ગ પર વૃક્ષ અને વીજ થાંભલો પડી જવાને કારણે ખોરવાયેલા વાહનવ્યવહાર અને જોખમી બનેલા વીજ પ્રવાહને ધ્યાને રાખી તંત્ર દ્વારા તાબડતોબ કામગીરી હાથ ધરાઈ હતી.

વન વિભાગ અને વીજ તંત્રની ટીમોએ રસ્તા પરથી વૃક્ષની ડાળીઓ હટાવી માર્ગ ખુલ્લો કરાવ્યો હતો તેમજ વીજ લાઈનનું સમારકામ હાથ ધરી સંભવિત મોટી દુર્ઘટના ટાળી હતી.

# ભરૂચ જિલ્લામાં સાયબર જાગૃતિ માટે ‘સાયબર જાગૃતિ રથ’ શરૂ



**ભરૂચ:** ડિજિટલ યુગમાં વધતા સાયબર ગુનાઓ સામે લોકોને જાગૃત કરવા ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા સાયબર જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. સાયબર પોલીસ સ્ટેશન ભરૂચ અને SRF ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરાયેલા ‘સાયબર જાગૃતિ રથ’નું એસપી કચેરી ખાતે જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાએ નિરીક્ષણ કરી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

એસપી અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું કે, આ વિશેષ વાન જિલ્લાના અંતરિયાળ ગામડાં, શાળાઓ અને કોલેજોમાં જઈ સાયબર છેતરપિંડી સામે સતત જાગૃતિ કાર્યક્રમો યોજશે. વાનમાં બાળકો, વડીલો અને સામાન્ય નાગરિકોને બેસાડી વિડિયો તથા દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમથી સાયબર માફિયાઓની છેતરપિંડીની મોડસ ઓપરેન્ડી અને બચવાના ઉપાયો સમજાવવામાં આવશે.આ પહેલમાં SRF ફાઉન્ડેશન દ્વારા વાનની સુવિધા સહિત સંપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો છે. સમગ્ર ભરૂચ જિલ્લાના તમામ વિસ્તારોમાં જાગૃતિ અભિયાન પૂર્ણ ન થાય ત્યાં સુધી રથ કાર્યરત રહેશે. પોલીસે લોકોને અજાણી લિંક પર ક્લિક ન કરવા, અજાણ્યા વ્યક્તિ સાથે બેંક વિગતો કે OTP શેર ન કરવા અને સાયબર છેતરપિંડીનો ભોગ બન્યાની સ્થિતિમાં તાત્કાલિક સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ અથવા નજીકના સાયબર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા અપીલ કરી છે.

# પૂર્વ મેયરે ધક્કો મારતાં અમરોલી રત્નમાલા બ્રિજનું અધૂરું કામ ચાલુ

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૧**

ગઈકાલે યોજાઈ ગયેલી સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભામાં પૂર્વ મેયર દક્ષેશ માવાણીએ શહેરમાં બ્રિજ નિર્માણમાં થઈ રહેલા અસહ્ય વિલંબ અને તેના લીધે સર્જાતી ટ્રાફિકની સમસ્યા અંગે મ્યુનિસિપલ કમિશનર રાજકુમાર બેનીવાલ સમક્ષ તંત્રનો ભારે ઉધડો લીધો હતો. આ આકરી રજૂઆત બાદ પાલિકા તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું છે અને કતારગામ સ્થિત રત્નમાલા બ્રિજની બીજી બાજુનું અટકી પડેલું કામ તાબડતોબ શરૂ કરી દેવામાં આવ્યું છે.

સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા ગઈકાલે યોજાઈ હતી. સભા દરમિયાન પૂર્વ મેયર દક્ષેશ માવાણીએ તંત્રની વિકાસ કામગીરીની ગોકળગાય ગતિ પર પ્રશ્નો ઉઠાવતા સ્પષ્ટ કર્યું હતું કે રત્નમાલા બ્રિજનું કામ પૂર્ણ કરવાની મૂળ સમયમર્યાદા ગત જાન્યુઆરીમાં જ પૂરી થઈ ગઈ હતી. ફેબ્રુઆરીમાં બ્રિજનો એક સ્પાન વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકીને બીજો સ્પાન બે મહિનામાં પૂર્ણ કરવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ તે ખાતરી પોકળ સાબિત થઈ અને કામમાં ૬ મહિનાથી વધુનો વિલંબ થઈ ચૂક્યો છે, છતાં તંત્ર હજુ મગનું નામ મરી પાડતું નથી.સુરતમાં સૌથી વધુ ટ્રાફિકનું ભારણ ધરાવતા અમરોલી રિવર બ્રિજ સાથે જોડાયેલા રત્નમાલા ઓવરબ્રિજનો એક તરફનો ભાગ બંધ રહેવાથી દરરોજ હજારો વાહનચાલકો ભારે ટ્રાફિક જામની હાલાકી ભોગવી રહ્યા છે. નવરાત્રી પહેલાં બ્રિજ કાર્યરત કરવાની ખાતરી આપવામાં આવી હતી, પરંતુ તે પણ પૂરી નહીં થતાં સ્થાનિકો મુશ્કેલી વેઠી રહ્યા હતા.

પૂર્વ મેયરના કડક વલણ અને ચીમકી બાદ પાલિકા તંત્રએ આળસ ખંખેરી બાકી રહેલા રત્નમાલા બ્રિજના સ્પાનનું કામ પૂરજોશમાં ચાલુ કર્યું છે, જેથી હવે આગામી દશેરા સુધીમાં આ સમગ્ર બ્રિજ લોકો માટે ખુલ્લો મૂકાવાની પ્રબળ શક્યતા છે.

# સગીરા સાથે દુષ્કર્મ કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ, રૂ.૨૫ હજારનો દંડ



**દ્રષ્ટિકોણ-અંકલેશ્વર:** ભરૂચના વાલિયા વિસ્તારમાં સગીરા સાથે વારંવાર દુષ્કર્મના કેસમાં અંકલેશ્વર સ્પેશિયલ પોક્સો કોર્ટે આરોપી યોગેશ વેચાણ વસાવાને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. કોર્ટે આરોપીને રૂ.૨૫ હજારનો દંડ ભરવાનો પણ હુકમ કર્યો છે.

સગીરાની માતાએ ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ વાલિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે ભરૂચની ઈન્વેસ્ટિગેશન યુનિટ ક્રાઈમ અગેન્સ્ટ વુમન શાખાએ તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન માંગરોળ તાલુકાના વકીલપરા ગામના રહેવાસી યોગેશ વેચાણ વસાવાની ધરપકડ કરવામાં આવી હતી.

આ કેસમાં અંકલેશ્વર સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ એસ.પી. રાહતકરની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરાઈ હતી. સરકારી વકીલ પિયુષ રાજપૂતે કેસમાં ૩૦ દસ્તાવેજી અને ૧૬ મૌખિક પુરાવા રજૂ કરી દલીલો કરી હતી.પુરાવા અને દલીલોને ધ્યાનમાં રાખીને કોર્ટે યોગેશ વસાવાને ૨૦ વર્ષની સખત કેદ અને રૂ.૨૫ હજારનો દંડ ફટકાર્યો છે. દંડની રકમ નહીં ભરે તો વધુ પાંચ મહિનાની સાદી કેદ ભોગવવાનો પણ કોર્ટે હુકમ કર્યો છે.

# માંડવીના માલધા ગામે ‘સેવાસેતુ ૨.૧ (ગ્રામ્ય)’ કાર્યક્રમ યોજાયોઃ સ્થળ પર જ પ્રશ્નોનો નિકાલ



**દ્રષ્ટિકોણ-માંડવી:** છેવાડાના માનવીને ઘરઆંગણે જ સરકારી સેવાઓનો સરળતાથી લાભ મળી રહે અને તેમના પ્રશ્નોનું પારદર્શક નિરાકરણ થાય તે હેતુથી, માંડવી તાલુકાના માલધા પ્રાથમિક શાળા ખાતે ૧ ઓક્ટોબરે તાલુકા વહીવટી તંત્ર દ્વારા ‘સેવાસેતુ ૨.૧ (ગ્રામ્ય)’ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં રેશનકાર્ડ, વિવિધ દાખલાઓ તેમજ સરકારી યોજનાઓને લગતી અરજીઓનો સ્થળ પર જ સંતોષકારક નિકાલ કરવામાં આવ્યો હતો. સમયસર કામગીરી થવાના પરિણામે, ગ્રામજનોને સરકારી કચેરીઓના વારંવાર ધક્કા ખાવામાંથી મોટી રાહત મળી હતી.‘સાચો લાભાર્થી સરકારી સહાયથી વંચિત ન રહે’ તેવા ઉમદા ઉદ્દેશ્યથી યોજાયેલા આ કાર્યક્રમમાં માંડવી TDO, મામલતદાર મિસ્ત્રી , સુરત જિલ્લા બાંધકામ સમિતિના અધ્યક્ષ, તાલુકા પંચાયત પ્રમુખ શારદાબેન વસાવા, તાલુકા સંગઠન અધ્યક્ષ અને માલધાના સરપંચ કલ્પનાબેન વસાવા સહિતના પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા

## સુરક્ષા પર સવાલ...



**દ્રષ્ટિકોણ-સુરતઃ** ગુજરાત ગેસ સર્કલ પાસે ઓવરબ્રિજની નીચે વરસાદી પાણીના પાઈપના ક્લેમ તૂટી જતાં પાઈપો રોડ પર ફેલાઈ ગયા હતા. સવારથી પાઈપ રસ્તા પર પડ્યા હોવા છતાં તંત્રની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે. પાઈપને કારણે વાહનચાલકોને હાલાકી પડી રહી છે. અકસ્માત પહેલાં તંત્ર દ્વારા પાઈપ હટાવાશે કે કેમ તે સવાલ છે.

# શહેરમાં બે દિવસથી ૩૫ ડિગ્રી કાળઝાળ ગરમી

**વાદળો અને વરસાદ બંને ગાયબ થઈ જતાં શહેરીજનોની અકળામણ વધી, આકરી લૂથી માંદગી વધી**

**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૧**
ચોમાસાનું અંતિમ ચરણ, છતાં વાદળો અને વરસાદ બંને ખાસ્સા દિવસોથી ગાયબ થઈ જતા ગરમીએ ઉપાડો શરૂ કર્યો છે. શહેરમાં છેલ્લા બે દિવસથી મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી વટાવી જતાં લોકોની તકલીફોમાં ઓચિંતો વધારો થયો છે. એટલું જ નહીં, લોકો ગરમીને લીધે બીમાર પડતાં જોવા મળી રહ્યા છે.

ભાદરવાના અંતિમ દિવસો ચાલી રહ્યા છે અને વૈજ્ઞાનિકોએ પણ હવે ચોમાસાની વિદાય શરૂ થઈ ગઈ હોવાનું કહી દીધું છે. ત્યારે સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી વાદળો જોવા મળી રહ્યા નથી. સૂરજનો સીધો તાપ તડકો પડતો હોવાને કારણે તાપમાન ધડાધડ ઊંચું જઈ રહ્યું છે.હવામાન વિભાગના આંકડા મુજબ ગઈકાલે શહેરમાં મહત્તમ તાપમાન ૧.૨ ડિગ્રી વધીને ૩૫ ડિગ્રી થયું હતું. આજે તે વધુ ૦.૪ ડિગ્રી વધીને ૩૫.૪ ડિગ્રી પહોંચ્યું હતું. વાદળોની ગેરહાજરીને કારણે ભેજનું પ્રમાણ પણ ૬૪ ટકા જેટલું નીચે ઉતરી ગયું છે. આમ બફારામાંથી આંશિક રાહત મળી છે પરંતુ સીધા તડકામાં સૂકી લૂ વર્તાતા અસહ્ય ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. અનેક શહેરીજનો બે દિવસથી લૂને કારણે માંદા પડ્યા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે.

# આ કેવું? બોર્ડ-બેનરમાં અને મેન્યુમાં બટર, પીરસે ફેટ સ્પ્રેડ

**મનપાના ફૂડ વિભાગની આ તે કેવી નીતિ? ખૂણે-ખાંચરે નાનું બોર્ડ મૂકાવે છે કે અમે ફેટ સ્પ્રેડ વાપરીએ છીએ, ગ્રાહકોને કેવી રીતે ખબર પડે?**





**દ્રષ્ટિકોણ-સુરત, તા. ૧**
સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની વધુ એક વિચિત્ર નીતિ જાણવા મળી છે. સરકારના એનાલોગ પનીર, ચીઝ અને બટરનો ઉપયોગ બંધ કરાવવા આરોગ્ય ફૂડ વિભાગની ટીમો તો ફરી રહી છે. પરંતુ દુકાનદાર ફેટ સ્પ્રેડ જ વાપરતો હોવા છતાં તેને દુકાન-હોટલના બોર્ડ બેનર પર કે મેન્યુમાં બટરનો ઉપયોગ કરવાની જાણે છૂટ આપી દેવામાં આવી છે.

એવું જાણવા મળ્યું છે કે જ્યાં એનાલોગની ફરિયાદ મળે ત્યાં આરોગ્ય વિભાગની ટીમ પહોંચી જાય છે. લોકોને તો એવું લાગે કે જે તે હોટલ-રેસ્ટોરન્ટ સંચાલક ઓરિજિનલ બટર નહીં વાપરતો હશે તેનું હવે આવી બન્યું સમજો. પરંતુ પાલિકાની આરોગ્ય વિભાગની ટીમની કાર્યવાહીમાં કંઈ નવું જ બની રહ્યું છે. ભલે તે ઓરિજિનલ બટર કે ચીઝ નહીં વાપરતો હોય, તેના ધંધાને ઊની આંચ આવતી નથી. પાલિકાના અધિકારીઓ એક નાનકડું કાગળ કે પૂઠું મંગાવે છે અને જે તે સંચાલક પાસે હાથેથી લખાવી દે છે કે વાનગી બનાવવામાં અમે ફેટ સ્પ્રેડનો ઉપયોગ કરીએ છીએ. આ બોર્ડને ખૂણે ખાંચરે મૂકી દેવામાં આવે છે, જ્યાં ભાગ્યે જ કોઈ ગ્રાહકની નજર પડતી હશે.

એટલું જ નહીં, હોટલ-રેસ્ટોરન્ટ, લારી-ગલ્લાના બોર્ડ પર, આસપાસમાં લગાડેલા બેનરો પર અને મેન્યુમાં મોટા મોટા અક્ષરે બટર, ચીઝ, પનીર લખેલું યથાવત રાખવામાં આવે છે. ગ્રાહક બોર્ડ-બેનર અને મેન્યુમાં બટર જોઈને ઓર્ડર આપે છે, પેલું ફેટ સ્પ્રેડવાળું નાનકડું પાટીયું તેને દેખાતું નથી કે બતાવાતું પણ નથી અને છેતરાય છે, માંદો પડે છે.

### કાયદાનો યોગ્ય અમલ કરાવો, બોર્ડ-બેનર અને મેન્યુમાં ફેટ સ્પ્રેડ લખાવો

હકીકતમાં આરોગ્ય વિભાગના મુખ્ય સત્તાધીશ દ્વારા એક જાહેરનામું બહાર પાડવું જોઈએ. જેમાં જે કોઈ પણ હોટલ-રેસ્ટોરન્ટ સંચાલક, ખાણી-પીણીની દુકાનો, લારી-ગલ્લા, સ્ટોલ્સ ઓરિજિનલ બટર, પનીર કે ચીઝનો ઉપયોગ નહીં કરતાં હોય તેમને બોર્ડ-બેનર કે મેન્યુમાં આવા શબ્દોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ લાદવો જોઈએ. જે વસ્તુમાંથી વાનગી બનાવાતી હોય તેનો જ ઉલ્લેખ બોર્ડ-બેનર અને મેન્યુમાં હોવો જોઈએ, જેથી ગ્રાહકો ગેરમાર્ગે દોરાય નહીં.

### નવા કાયદા મુજબ ફેટ સ્પ્રેડ વાપરવાની છૂટ છે? કઈ કંપનીના?

સરકારે એનાલોગ બટર, પનીર અને ચીઝ માટે કાયદો તો જાહેર કરી દીધો પરંતુ તેના અમલમાં હજુ કાચું કપાતું લાગે છે. કાયદો જાહેર કરાયો ત્યારે એવું કહેવાયું હતું કે હવે માત્ર દૂધની બનાવટના જ બટર, પનીર અને ચીઝ વાપરી શકાશે. જો કે પાલિકાની આરોગ્યની ટીમોએ ફેટ સ્પ્રેડ વાપરવા અંગે કોઈ વાંધો ઉઠાવ્યો નથી. જેથી કાયદાનું યોગ્ય વિશ્લેષણ કરી જાહેરાત થવી જોઈએ કે કઈ કંપનીના ફેટ સ્પ્રેડ, બટર, ચીઝ, પનીર કાયદેસર રીતે વાપરી શકાય.

# ગુજરાત ભાડા વિધેયકના વિરોધમાં સુરતના વકીલોની હડતાળ બીજા દિવસે પણ યથાવત

**સરકાર તરફથી સાનુકૂળ પ્રતિસાદ ન મળતાં વકીલો અદાલતી કામગીરીથી અળગા રહ્યા; કોર્ટ પરિસરમાં મોટી સંખ્યામાં વકીલો એકત્રિત થઈ વિરોધ નોંધાવ્યો**

**દ્રષ્ટિકોણ-સુરતઃ** ગુજરાત સરકાર દ્વારા લાવવામાં આવેલા ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ના વિરોધમાં સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા શરૂ કરવામાં આવેલી હડતાળ આજે બીજા દિવસે પણ યથાવત રહી હતી. વિધેયક અંગે સરકાર તરફથી કોઈ સાનુકૂળ પ્રતિસાદ ન મળતા વકીલોએ અદાલતી કામગીરીથી સંપૂર્ણપણે અળગા રહી વિરોધ નોંધાવ્યો હતો.

સુરત જિલ્લા વકીલ મંડળના ઠરાવ અનુસાર આજે કોર્ટ સંકુલ ખાતે મોટી સંખ્યામાં વકીલો એકત્રિત થયા હતા. વકીલો કોર્ટના મુખ્ય ગેટ બહાર ભેગા થઈ વિધેયક સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. હડતાળના પગલે કોર્ટમાં પોતાના કેસની કામગીરી માટે આવેલા કેટલાક પક્ષકારોને પણ વકીલો દ્વારા હાલ હડતાળ ચાલી રહી હોવાનું જણાવી પરત મોકલવામાં આવ્યા હતા.

હડતાળમાં સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ, સંજય પટેલ, મુકુંદ રામાણી, ફેની પટેલ, દિવ્યા કોસંબિયા, ક્વન પટેલ, યતીન ઢાકેચા તેમજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યો ઝકી શેખ, ભાવેશ રબારી અને હિતેશ પટેલ સહિત મોટી સંખ્યામાં વકીલો જોડાયા હતા.દરમિયાન વકીલોનું કહેવું છે કે હડતાળના કારણે તેઓ અદાલતી કામગીરીથી અળગા રહ્યા હોવા છતાં કોર્ટ દ્વારા વિવિધ કેસોમાં ઓર્ડર કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને ઓર્ડરના સમયે આરોપીઓ હડતાળના કારણે કોર્ટમાં પ્રવેશી ન શકે તો તેમના વિરુદ્ધ વોરંટ નીકળવાની સ્થિતિ ઊભી થઈ શકે તેવી વકીલોએ ચિંતા વ્યક્ત કરી હતી.

ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ને લઈને સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા સરકાર સમક્ષ પોતાની માંગણીઓ અંગે સાનુકૂળ પ્રતિસાદની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. સરકાર તરફથી પ્રતિસાદ ન મળતા હડતાળનો વિરોધ યથાવત રાખવામાં આવ્યો છે.

# ઉપપ્રમુખ જતીનભાઈ પટેલના જન્મદિવસે વિનામૂલ્યે નેત્રયજ્ઞ કેમ્પનું આયોજન







**દ્રષ્ટિકોણ-સુરતઃ** આજરોજ જીવનરક્ષા હોસ્પિટલ, દેલાડ-સાયણ ખાતે જીવનરક્ષા હોસ્પિટલ સમિતિના નવનિયુક્ત પ્રમુખ તરીકે સાયણ સુગર ફેક્ટરીના ચેરમેન કેતનભાઈ પટેલ તથા ઉપપ્રમુખ તરીકે સાયણ સુગર ફેક્ટરીના ઉપપ્રમુખ જતીનભાઈ પટેલની વરણી કરવામાં આવી હતી.દર મહિનાની ૧ તારીખે યોજાતાં વિનામૂલ્યે નેત્રયજ્ઞ કેમ્પનાં પાવન પ્રસંગે સ્મરણીય સ્વ. જેરામભાઈ રણછોડભાઈ પટેલ તથા સ્વ. કમળાબેન જેરામભાઈ પટેલના પવિત્ર સ્મરણાર્થે જીવનરક્ષા હોસ્પિટલના નવનિયુક્ત ઉપપ્રમુખશ્રી જતીનભાઈ અશ્વીનભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે, તેમના સહયોગથી આયોજન કરવામાં આવ્યું છે

જન્મદિવસની ઉજવણીને માત્ર આનંદ સુધી સીમિત ન રાખી, તેને સેવાકાર્ય અને માનવતાની ભાવના સાથે જોડવાનો આ પ્રયાસ ખરેખર પ્રેરણાદાયી અને સરાહનીય છે.

જરૂરિયાતમંદ લોકોના જીવનમાં દૃષ્ટિ સાથે આશા અને ઉજાસનું નવું અજવાળું લાવવાની આ પહેલ સમાજ માટે એક સુંદર સંદેશ આપે છે.

પ્રેસનોટ/જાહેરાત માટે સંપર્ક કરો
96876 77873
90160 19491










This Newspaper Drashtikone Janvani is published by Denishkumar Kishorbhai Patel Published at - C-6, Second floor, Ganesh colony, Baroda Prestige, Varachha Main Road, Surat - 395006 (Gujarat) on behalf of Patel Ketankumar Hasmukhlal and printed by Radheshyam Raghuvir Yadav at Yash Trading, Plot No. A-1/47, Bhagvati Ind. Estate, Bhestan, Surat, Gujarat-394210. Editor - Gajera Divya.